# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

06 APRIL, 2026 MONDAY



પેજ 2  અમદાવાદમાં 'જન્નત' જેવી : 6 બુકીઓને ક્રાઈમ બ્રાન્ચે ફિક્સિંગમાં ફીટ કરી દીધા

પેજ 3  ગુજરાતમાં ચૂંટણીનો ગરમાવો: 11,000 બૂથ સંવેદનશીલ જાહેર

પેજ 7  માત્ર 10 રૂપિયાની માંગણી ન સ્વીકારતા ગળું દબાવીને કરપીણ હત્યા કરાઈ

પેજ 5  બુટલેગરોએ બાળકોને બનાવ્યા 'કરિયાણાના વેપારી', દારૂની પોટલીઓ વેચતા ઝડપાયા!



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 21 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com



## ઈરાન સામે યુએસ અને ઇઝરાયલી સંયુક્ત કાર્યવાહીના ૩૫માં દિવસે યુદ્ધવિરામ પર કોઈ કરાર થયો નથી

# હોર્મુઝ સ્ટ્રેટ અંગે કોઈ વાટાઘાટો નહી થાય, તો ઈરાન બરબાદ થઈ જશે : ટ્રમ્પ

### અમેરિકન સૈન્યએ હજુ સુધી ઈરાનમાં બાકીના લક્ષ્યોને નષ્ટ કરવાનું શરૂ કર્યું નથી

• વોશિગ્ટન,તા.૫

આજે ઈરાન સામે યુએસ અને ઈઝરાયલી સંયુક્ત કાર્યવાહીના ૩૫માં દિવસે યુદ્ધવિરામ પર કોઈ કરાર થયો નથી. દરમિયાન, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બીજી એક પોસ્ટમાં યુદ્ધ વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં ઈરાન પર હુમલો કરવાની ધમકી આપી છે. તેમણે અગાઉ ઈરાનને સોદો કરવા માટે ૬ એપ્રિલ સુધીનો સમય આપ્યો હતો, જે ટ્રમ્પે તેમને યાદ કરાવ્યો હતો.



અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટ પોસ્ટ કરી. તેમની પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું, 'યાદ છે જ્યારે મેં ઈરાનને સોદો કરવા અથવા હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ૧૦ દિવસનો સમય આપ્યો હતો? સમય પૂરો થઈ રહ્યો છે.' ટ્રમ્પે આગળ લખ્યું, '૪૮ કલાકમાં, તેઓ બરબાદ થઈ જશે.' એ નોંધનીય છે કે સમયમર્યાદા પૂરી થવામાં માત્ર ૪૮ કલાક બાકી છે. સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં ટ્રમ્પની પોસ્ટથી યુદ્ધ વધવાની શક્યતા વધુ વધી ગઈ છે.એ નોંધનીય છે કે ઈરાન યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ પહેલ કરી રહ્યું નથી. તાજેતરમાં, ઈરાને ટ્રમ્પના સંદેશવાહક પાકિસ્તાનને પણ ફટકો માર્યો હતો. ઈરાને ટ્રમ્પની બધી શરતો અને પાકિસ્તાનની મધ્યસ્થીને સ્પષ્ટપણે નકારી કાઢી છે. ઈરાને મધ્ય પૂર્વમાં ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ પર તેના હુમલાઓ તીવ્ર બનાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં, ઈરાને બે યુએસ ફાઈટર જેટને તોડી પાડયા છે, જેમાં એક એફ-૩૫ અને એક એફ-૧૫, એક એ-૧૦ વિમાન અને ઘણા લશ્કરી હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે. આ યુદ્ધમાં અમેરિકાને અત્યાર સુધીનો સૌથી મોટો આંચકો લાગ્યો છે. ઈરાન યુએસ યુદ્ધ: ઈરાનના સૌથી મોટા પુલને મિસાઈલ હુમલામાં નાશ પામ્યા બાદ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તીખી ટિપ્પણી કરી છે. તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં, તેમણે લખ્યું, 'અમેરિકન સૈન્યએ હજુ સુધી ઈરાનમાં બાકીના લક્ષ્યોને નષ્ટ કરવાનું શરૂ કર્યું નથી. શરૂ પણ કર્યું નથી... આગામી લક્ષ્યો: પુલ, પછી પાવર પ્લાન્ટ... એવું લાગે છે કે 'પથ્થર યુગ' હજુ ઘણો દૂર છે?આ પોસ્ટ દ્વારા, તેમણે ચેતવણી આપી હતી કે ઈરાનનું આગામી લક્ષ્ય પુલ હશે, ત્યારબાદ પાવર ઉત્પાદન પ્લાન્ટ પર હુમલા થશે. ટ્રમ્પે કહ્યું, 'અમે હજુ સુધી ઈરાનને સંપૂર્ણપણે નષ્ટ કર્યું નથી. પુલોને નિશાન બનાવવામાં આવશે, અને પછી ખૂબ જ ભારે હુમલાઓ દ્વારા પાવર પ્લાન્ટ્સનો નાશ કરવામાં આવશે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો ઈરાન કોઈ કરાર માટે સંમત નહીં થાય, તો આ હુમલાઓ વધુ તીવ્ર બનશે. ટ્રમ્પનું નિવેદન ઈરાનને 'પાથરણા યુગ'માં પાછું મોકલવાની તેમની જૂની ધમકીને પ્રતિબિંબિત કરે છે. થોડા દિવસો પહેલા, રાષ્ટ્રને સંબોધનમાં, તેમણે કહ્યું હતું કે યુએસ ઈરાનને 'પાછળ પથ્થર યુગમાં લઈ જશે, જ્યાં તે છે.' ટ્રમ્પની પોસ્ટમાં સ્પષ્ટપણે ઈરાનના પાવર પ્લાન્ટ્સને નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં ઈરાન પર ખૂબ જ ભારે હુમલા કરવામાં આવશે. ટ્રમ્પનું તાજેતરનું નિવેદન સૂચવે છે કે 'પાથરણા યુગ' ની પરિસ્થિતિ હજુ પૂરી થઈ નથી. અત્યાર સુધી, અમેરિકા અને ઈઝરાયલે ઘણા ઈરાની લશ્કરી થાણાઓ, મિસાઈલ સુવિધાઓ અને કેટલાક માળખાગત સુવિધાઓને નિશાન બનાવી છે, પરંતુ પાવર પ્લાન્ટ્સ અને મુખ્ય પુલો જેવા નાગરિક માળખાગત સુવિધાઓ પર કોઈ મોટા પાયે હુમલા થયા નથી. ટ્રમ્પે ઈરાનને સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે જો હોર્મુઝ સ્ટ્રેટ આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે ખોલવામાં નહીં આવે, તો પાવર પ્લાન્ટ્સ 'એક સાથે અને બળપૂર્વક' નાશ પામશે. ટ્રમ્પે અગાઉ અનેક નિવેદનોમાં કહ્યું છે કે અમેરિકન શસ્ત્રો વિશ્વમાં સૌથી શક્તિશાળી છે, પરંતુ અત્યાર સુધી તેમણે થોડી સંયમ રાખ્યો છે. ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ ટ્રમ્પની 'પથ્થર યુગ' ટિપ્પણીનો જવાબ આપતા કહ્યું કે પથ્થર યુગ દરમિયાન, મધ્ય પૂર્વમાં તેલ અને ગેસનું ઉત્પાદન થતું ન હતું. તેમણે પૂછ્યું કે શું અમેરિકા ખરેખર સમયને પાછો ફેરવવા માંગે છે. તેહરાને અમેરિકાને ચેતવણી પણ આપી હતી કે ઈરાન ફક્ત એક દેશ નથી... તે એક સભ્યતા છે અને સભ્યતાઓ બોમ્બથી મરતી નથી. અમેરિકાના, વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર અને એકમાત્ર મહાસત્તા, હાલમાં પોતાની 'અગ્નિ પરીક્ષણ'માંથી પસાર થઈ રહ્યા છે. અમેરિકન અર્થતંત્ર, જેણે છેલ્લા એક વર્ષમાં જબરદસ્ત તાકાત દર્શાવી છે.

## અફઘાનિસ્તાનમાં આકાશી આફત ૧૦ દિવસમાં ૭૭ મોત, પૂર અને વીજળી પડતા ૮૦૦ ઘર તબાહ

### તોફાન અને ભૂસ્ખલનને કારણે સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે

• અફઘાનિસ્તાન, તા.૫

યુદ્ધ અને આર્થિક સંકટથી ઘેરાયેલા અફઘાનિસ્તાન પર હવે કુદરતી આફત તૂટી પડી છે. છેલ્લા ૧૦ દિવસથી પડી રહેલા અતિભારે વરસાદ, તોફાન અને ભૂસ્ખલનને કારણે સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. અફઘાનિસ્તાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, આ આફતમાં અત્યાર સુધીમાં ૭૭ લોકોના મોત થયા છે અને ૧૩૭થી વધુ લોકો ઘાયલ થયા છે.ભારે વરસાદને કારણે આવેલા પૂર અને લેન્ડસ્લાઈડમાં અત્યાર સુધીમાં ૭૯૩ મકાનો સંપૂર્ણપણે ધરાશાયી થયા છે. જ્યારે ૨,૬૭૩ મકાનોને અંશતઃ નુકસાન પહોંચ્યું છે. આ આફતથી અંદાજે ૫,૮૦૦ પરિવારો પ્રભાવિત થયા છે. રહેણાંક મકાનો ઉપરાંત કૃષિ જમીન, પાણીના કુવાઓ અને સિંચાઈ નહેરોને પણ ભારે નુકસાન થતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ભૂસ્ખલન અને પથ્થરો ધસી પડવાને કારણે અફઘાનિસ્તાનના મહત્વના હાઈવે બંધ થઈ ગયા છે. કાબુલ-જલાલાબાદ હાઈવે: પાકિસ્તાન સરહદને જોડતો આ મુખ્ય રસ્તો બંધ થતા વાહનવ્યવહાર ઠપ થયો છે. હિન્દુ કુશ પર્વતમાળામાં આવેલો સાલંગ પાસ બંધ થવાથી કાબુલનો



ઉત્તરીય શહેરો (કુંદુઝ અને મઝાર-એ-શરીફ) સાથેનો સંપર્ક તૂટી ગયો છે. મુસાફરોને લાંબા અને મુશ્કેલ ડાયવર્ઝન લેવાની ફરજ પડી રહી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ આગામી દિવસોમાં પણ વધુ વરસાદ અને તોફાનની આગાહી કરી છે. લોકોને નદી કિનારા અને પૂરની સંભાવના ધરાવતા વિસ્તારોથી દૂર રહેવા કડક સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અફઘાનિસ્તાન ભૌગોલિક રીતે અત્યંત સંવેદનશીલ હોવાથી અહીં દર વર્ષે ભારે હિમવર્ષા અને વસંતઋતુના પૂર સેંકડો લોકોનો ભોગ લે છે.

## ન્યૂઝ બ્રિફ

### વધુ કોલસો કાઢવાના આરોપ હેઠળ ટાટા સ્ટીલને ૧૭૫૫ કરોડની નોટિસ

નવી દિલ્હી : ટાટા ગ્રૂપની સ્ટીલ કંપની ટાટા સ્ટીલ લિ.ને તેના એક મહત્વના ખાણ સંચાલનમાં કથિત રીતે જરૂર કરતાં વધુ કોલસો કાઢવા બદલ બે દાયકા પછી ખાણ વિભાગે રૂ. ૧૭૫૫.૧૧ કરોડની નોટિસ ફટકારી છે. કંપનીએ આ નોટિસ અંગે બીએસઈ અને એનએસઈને શનિવારે સત્તાવર નિયામક ફાઈલિંગના માધ્યમથી જાણ કરતા આ બાબત સામે આવી હતી. જોકે, કંપનીએ ખાણ વિભાગના આક્ષેપો નકારી કાઢયા છે. ટાટા સ્ટીલે એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૦૦-૦૧થી ૨૦૦૬-૦૭ વચ્ચે કંપનીની પશ્ચિમ બોકારો કોલિયરીમાં કથિત રીતે નિશ્ચિત મર્યાદાથી વધુ કોલસો કાઢવા માટે આ નોટિસ મોકલવામાં આવી છે, પરંતુ ખાણ વિભાગની આ માગણી અયોગ્ય છે. કંપનીનું કહેવું છે કે ખાણ વિભાગના આક્ષેપોનો કોઈ નક્કર આધાર નથી.

### હિમાચલમાં ૨૨ મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી, ૪ લોકોના દર્દનાક મોત

કુલ્લુ : હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં પ્રવાસીઓ માટે રવિવાર અમંગળ સાબિત થઈ છે. બંજર પોલીસ સ્ટેશનની હદમાં આવતા સોઝા નજીક ૨૨ મુસાફરોને લઈ જતી એક બસ પર્વતીય રસ્તા પરથી કાબુ ગુમાવતા ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે ૧૮ મુસાફરોનો આબાદ બચાવ થયો છે.અહેવાલો અનુસાર, પ્રવાસીઓથી ભરેલી આ બસ સોઝા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે વળાંક પર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને બસ સીધી કોતરમાં ખાબકી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસ પલટી મારી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક રહીશો મદદ માટે દોડી આવ્યા હતા અનેDDMA કુલ્લુ તેમજ પોલીસની ટીમોને જાણ કરી હતી. પોલીસ, મહેસૂલ વિભાગ, ફાયર બ્રિગેડ અને આરોગ્ય વિભાગની ટીમોએ સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી ૧૮ ઈજાગ્રસ્તોને સુરક્ષિત બહાર કાઢયા હતા.

### ટેકનોલોજીએ સર્જ્યો ચમત્કાર! ૧૩ વર્ષની માસૂમ બાળકી ૪૫ વર્ષની મહિલા બનીને પાછી ફરી

એરિઝોના : સમય જાય તે તેમ તેમ ઘણી યાદો ધૂંધળી થઈ જતી હોય છે, પરંતુ એરિઝોનાના એક પરિવાર માટે છેલ્લા ૩૨ વર્ષ જાણે એક પળમાં થંભી ગયા હતા. વર્ષ ૧૯૯૪ની એ બપોર, જ્યારે ૧૩ વર્ષની એક માસૂમ દીકરી ઘરની બહાર નીકળી હતી, તે છેક ૨૦૨૬માં એટલે કે ૧૧,૬૮૦ દિવસો પછી જીવિત મળી આવી છે. આ વાર્તા છે ક્રિસ્ટિના મેરી પ્લાન્ટની, જે ૧૩ વર્ષની વયે ગુમ થઈ હતી અને હવે ૪૫ વર્ષની વયે પરત ફરી છે.૧૯૯૪ના મે મહિનાના એ દિવસે ૧૩ વર્ષની નીલી આંખો અને સોનેરી વાળ ધરાવતી ક્રિસ્ટિનાએ તેની માતાને કહ્યું હતું કે તે ઘરની નજીકના અસ્તબલમાં તેના મનપસંદ ઘોડાને જોવા જઈ રહી છે. સફેદ ટી-શર્ટ અને શોર્ટ્સ પહેરીને ગયેલી ક્રિસ્ટિના ગણતરીની મિનિટોમાં પાછી આવવાની હતી, પરંતુ તે મિનિટોને પાછા ફરતા ૩૨ વર્ષ લાગી ગયા.

## રસ્તામાં ખાડા કે ખાડામાં રસ્તા? કરોડોના ટેન્ડરો અને કમિશનની વહેંચણી

# મહાપાલિકાઓમાં 'કેસરી' શાસનનાં વર્ષો: વિકાસ કે ભ્રષ્ટાચારનો ઓથાર? પાક્કો ગુજરાતનો વિશેષ અહેવાલ!

### ગુજરાતનો મતદાતા હવે મૌન છે પણ 'મૂંગો' નથી. લોકશાહીના મહાપર્વમાં જનતા જનાર્દન કોના પર વરસાવશે અમીદ્રષ્ટિ?

• પવન માકન (ગ્રુપ એડિટર)

ગુજરાતની માટીનો મિજાજ અને લોકશાહીની કસોટીનમસ્કાર ગુજરાત! હું પવન માકન, 'પાક્કો ગુજરાત'ના આ વિશેષ સંસ્કરણમાં આપનું હાર્દિક સ્વાગત કરું છું. આજે વાત કરવી છે એ મુદ્દાની જે ગુજરાતના દરેક નાગરિકના દિલ અને દિમાગમાં છે. વાત કરવી છે મહાનગરપાલિકાઓની, જ્યાં દાયકાઓથી ભારતીય જનતા પાર્ટી (BJP) નું એકચક્રી શાસન રહ્યું છે. અમદાવાદ હોય કે સુરત, વડોદરા હોય કે રાજકોટ - કોર્પોરેશનના બિલ્ડિંગો પર ભગવો લહેરાઈ રહ્યો છે. ભાજપ દાવો કરે છે 'વિકાસ' નો, 'સ્માર્ટ સિટી' નો, 'ડબલ એન્જિન સરકાર' ના ફાયદાનો.

પણ, વાસ્તવિકતા શું છે? શું આ શાસન સુશાસન રહ્યું છે, કે પછી આ વિકાસની આડમાં ભ્રષ્ટાચારની ઊંડી ખાઈ ખોદાઈ છે?

આ સવાલનો જવાબ શોધવા અમે ગુજરાતના ગલી-કૂચાઓમાં ફર્યા છીએ, સામાન્ય માણસની નબજ તપાસી છે અને જે ચિત્ર સામે આવ્યું છે તે ચોંકાવનારું પણ છે અને ચિંતાજનક પણ.

સત્તાનો નશો અને ભ્રષ્ટાચારના 'ખાડા'ગુજરાતમાં મહાપાલિકાઓમાં ભાજપના શાસનને ઘણા લોકો સ્થિરતા અને વિકાસ સાથે જોડે છે. મોટું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિવરફ્રન્ટ, અંડરબ્રિજ - આ બધું દેખાય છે. પણ જો તમે જરાય ઊંડા ઉતરો, તો કડવી વાસ્તવિકતા પણ દેખાશે.

જનતા પૂછે છે: * રસ્તાઓનો મોંઘો 'વિકાસ': કરોડો રૂપિયાના ખર્ચે રસ્તા બને છે, અને એક જ વરસાદમાં ધોવાઈ જાય છે. આ કયો 'ટેકનોલોજી' છે સાહેબ? કે પછી આમાં 'કમિશન' ની ટકાવારી એટલી ઊંચી છે કે મટીરિયલ માટે કઈ બચતું જ નથી? પ્રી-મોન્સૂન કામગીરીના નામે દર વર્ષે કરોડો રૂપિયા પાણીમાં જાય છે. આ ભ્રષ્ટાચાર નથી તો શું છે?

* પાણી અને ગટરની સમસ્યા: સ્માર્ટ સિટીમાં રહેતા લોકો હજુ પણ પીવાના શુદ્ધ પાણી માટે અને ઉભરાતી ગટરો માટે રઝળપાટ કરે છે. શું આ મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવી એ ભાજપ શાસિત કોર્પોરેશનોની જવાબદારી નથી?

* ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા: કયા કોન્ટ્રાક્ટરને કયો પ્રોજેક્ટ મળે છે, એમાં કોની 'ભલામણ' કામ કરે છે, તે કોઈનાથી છુપાયેલું નથી. આ આખી સિસ્ટમ ભ્રષ્ટાચારની ઉધઈથી ખવાઈ ગઈ હોવાની બૂમો સંભળાય છે.

મતદાતાઓના મનમાં શું છે?

આ તમામ પરિસ્થિતિની ગુજરાતના મતદાતા પર શું અસર થઈ છે? આ સવાલ સૌથી અહમ છે.

ગુજરાતનો મતદાતા સમજદાર છે, પણ છેલ્લાં કેટલાંક સમયથી તે 'શાંત' દેખાય છે. આ શાંતિ તોફાન પહેલાની શાંતિ હોઈ શકે છે.

* નિરાશા અને આક્રોશ: સામાન્ય માણસ જ્યારે ટેક્સ ભરે છે અને બદલામાં એને ખરાબ રસ્તા, દૂષિત પાણી અને સત્તાધીશોની ઉદ્ધતાઈ મળે છે, ત્યારે એના મનમાં આક્રોશ જાગે છે.

* વિકલ્પની તલાશ: દાયકાઓ સુધી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ફસાયેલી જનતા હવે ત્રીજા વિકલ્પ તરફ નજર દોડાવી રહી છે. શું 'આપ' (AAP) એ વિકલ્પ બની શકે?

* રાજકીય થાક: ઘણા લોકો હવે રાજકીય પક્ષોની વાતોથી થાકી ગયા છે. તેઓને હવે કોરા વાયદા નહીં, નક્કર કામગીરી જોઈએ છે.

ચૂંટણીનો ત્રિપાંખિયો જંગ: કોણ મારશે બાજી?

તો, હવે આવી છે લોકશાહીની કસોટીની ઘડી. 'પાક્કો ગુજરાત'ના વિશ્લેષણ મુજબ, આ વખતની ચૂંટણીમાં જંગ ત્રિપાંખિયો બનવાનો છે.

* ભારતીય જનતા પાર્ટી (BJP): ભાજપ પાસે સંગઠનની શક્તિ છે, નાણાકીય સંસાધનો છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ચેહરો છે. તેઓ 'વિકાસ' અને 'હિન્દુત્વ'ના મુદ્દા પર ચૂંટણી લડશે. પણ કોર્પોરેશનમાં થયેલો ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારી એમના માટે પડકાર બનશે. તેઓને ડર છે કે સત્તા વિરોધી લહેર એમને નુકસાન પહોંચાડી શકે છે.

* કોંગ્રેસ (Congress): કોંગ્રેસ અત્યારે કટોકટીમાંથી પસાર થઈ રહી છે. સંગઠનમાં એકતાનો અભાવ અને નેતૃત્વની અનિશ્ચિતતા એમને નબળી પાડે છે. જોકે, ભાજપથી નારાજ વર્ગ એમને વોટ આપી શકે છે, પણ શું તેઓ ભાજપને હરાવવા માટે જરૂરી બહુમતી મેળવી શકશે? એ મોટો સવાલ છે.

* આમ આદમી પાર્ટી (AAP): દિલ્હી અને પંજાબના વિજય પછી 'આપ' ગુજરાતમાં પૂરી તાકાત સાથે ઉતરી છે. 'વીજળી, પાણી, શિક્ષણ અને સ્વાસ્થ્ય' ના મુદ્દા પર તેઓ લોકોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. ભાજપ શાસિત કોર્પોરેશનોના ભ્રષ્ટાચારને તેઓ ખુલ્લેઆમ પડકારી રહ્યા છે. શું ગુજરાતની જનતા એમને 'એક મોકો' આપશે? એ જોવું રસપ્રદ રહેશે.

અંતિમ વિશ્લેષણ: બાજી કોણ મારશે?

તો હવે સવાલ એ છે કે 'પાક્કો ગુજરાત'ના આકરા તારણ મુજબ, બાજી કોણ મારશે?

હાલની પરિસ્થિતિ જોતા ભાજપને હરાવવું આસાન નથી, પણ એ નામુમકીન પણ નથી. જો કોંગ્રેસ અને આપ બંને જોરદાર લડત આપે, તો ભાજપના વોટ કપાઈ શકે છે.

ગુજરાતનો મૌન મતદાતા આ વખતે 'પરિવર્તન' ઈચ્છે છે, પણ તે પરિવર્તન કોણ લાવશે તે હજુ અસ્પષ્ટ છે. જનતાનો જોક અત્યારે એ તરફ છે કે જે એમના માટે કામ કરે, જે ભ્રષ્ટાચારમુક્ત શાસન આપે, જે સામાન્ય માણસની પીડા સમજે.

ભાજપ, કોંગ્રેસ કે આપ - જે પણ પક્ષ લોકોના આ વિશ્વાસને જીતી શકશે, તે જ સત્તાના સિંહાસન પર બિરાજશે. લોકશાહીમાં 'જનતા જનાર્દન' નો ફેંસલો આખરી હોય છે, અને આ વખતે જનતાનો અવાજ 'પાક્કો' હશે એમાં કોઈ શંકા નથી!

જય જય ગરવી ગુજરાત!

તમારો,

પવન માકન

(ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ મોદી ઇસ્ટરની શુભેચ્છાઓ પાઠવી

• નવીદિલ્હી,તા.૫

રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરિકો, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે ઈસ્ટરના શુભ અવસર પર રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું, 'દરેકને, ખાસ કરીને આપણા ખ્રિસ્તી ભાઈઓ અને બહેનોને ઈસ્ટરની શુભકામનાઓ! ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનનો આ પવિત્ર તહેવાર પ્રેમ, આશા અને વૈશ્વિક ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. ઈસુ ખ્રિસ્તના ઉપદેશો આપણને શાંતિ અને સંવાદિતાના માર્ગ પર દોરી જાય.' પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, 'હેપી ઈસ્ટર. આ પવિત્ર દિવસ આશા અને નવીકરણનું પ્રતીક છે. તે દરેકના જીવનમાં શાંતિ, આનંદ અને પ્રકાશ લાવે.' પીએમ મોદીએ વધુમાં કહ્યું કે ઈસુ ખ્રિસ્તના ઉપદેશો દરેકને દયાળુ અને સહયોગી બનવા અને સમાજમાં એકતાની ભાવનાને મજબૂત બનાવવા માટે પ્રેરણા આપે. ઈસ્ટર ઈસુ ખ્રિસ્તના મૃત્યુમાંથી પુનરુત્થાનની યાદમાં ઉજવવામાં આવે છે અને સમગ્ર વિશ્વમાં આશા, પ્રેમ અને નવી શરૂઆતનો સંદેશ લાવે છે. વડાપ્રધાન મોદીએ ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન અને દલિત નેતા જગજીવન રામને પણ તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે જગજીવન રામનું દેશ માટે અમૂલ્ય યોગદાન હંમેશા યાદ રહેશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# રાજનીતિનું 'વોશિંગ મશીન': કેસરી ખેસ ઉતાર્યો કે ભ્રષ્ટાચારની ફાઈલો ખુલી!

## ભાજપમાં રહો તો 'દૂધે ધોયેલા', પક્ષ છોડો તો સીધા 'વિજિલન્સ'ના સકંજામાં?

• અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં અત્યારે 'વોશિંગ મશીન' પોલિટિક્સની ચર્ચાએ જોર પકડ્યું છે. સવાલ એ છે કે શું ભ્રષ્ટાચારના ડાઘા માત્ર પક્ષપલટો કરવાથી જ દેખાય છે? તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર 15ના પૂર્વ કોર્પોરેટરો આશિષ જોષી અને પારુલબેન પટેલ સામે થયેલી તપાસના આદેશે રાજકીય આલમમાં ખળભળાટ મચાવ્યો છે. જે નેતાઓ ગઈકાલ સુધી ભાજપના શિસ્તબદ્ધ કાર્યકર હતા, તેઓ કોંગ્રેસમાં જોડાતા જ રૂ. 1.12 કરોડના કૌભાંડી સાબિત થઈ ગયા?સત્તાનું 'સુરક્ષા કવચ' કે વહીવટી તંત્રની લાચારી?આ કિસ્સો લોકશાહી સામે અનેક ગંભીર સવાલો ઉભા કરે છે: * ગઈકાલ સુધી કેમ મૌન?: આ નેતાઓ જ્યારે ભાજપમાં રહીને સત્તા ભોગવતા હતા, ત્યારે વેટમિક્સ, માટી અને બાંકડાના કામોમાં થતી ગેરરીતિઓ તંત્રને કેમ ન દેખાઈ? શું સત્તા પક્ષનું સભ્યપદ એ કોઈપણ કૌભાંડ માટેનું 'ઈમ્યુનિટી કાર્ડ' છે? * બદલાની ભાવના કે ન્યાય?: પક્ષ છોડ્યાના ગણતરીના દિવસોમાં જ ફાઈલો ધૂળ ઝાપટીને બહાર આવે છે. આ સંજોગો જોતા જનતામાં એવી છાપ પ્રબળ બની રહી છે કે આ તપાસ ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે નહીં, પણ રાજકીય સબક શીખવવા માટે છે.વર્તમાન નેતાઓ પર શંકાની સોયજો પક્ષ છોડનારા ત્રણ પૂર્વ કોર્પોરેટરો કરોડોનું કૌભાંડ કરી શકતા હોય,તો અત્યારે જેઓ સત્તાના સિંહાસન પર બેઠા છે તેમની પારદર્શકતા કેટલી? શું અત્યારે ભાજપમાં રહેલા તમામ નેતાઓ હરિશ્ચંદ્રના અવતાર છે? જો વિરોધ પક્ષમાં જવાથી જ તપાસ થતી હોય, તો સત્તા પક્ષમાં બેસીને ચાલતા સંભવિત 'મહા-કૌભાંડો' પર નજર કોણ રાખશે?» 'રાજનીતિની આ કડવી વાસ્તવિકતા છે: ભાજપમાં છો તો પવિત્ર, બહાર નીકળ્યા તો ભ્રષ્ટાચારી. શું વહીવટી તંત્ર માત્ર સત્તાના ઈશારે જ નાચે છે?'

» વિકાસની પાછળ વહેતો ભ્રષ્ટાચારનો ગટરગંગા1.12 કરોડનું આ કૌભાંડ તો કદાચ હિમશીલાની ટોચ માત્ર છે. સમગ્ર ગુજરાતમાં ચાલતા 'વિકાસ'ના કામોમાં જો આ રીતે લાલિયાવાડી ચાલતી હોય, તો પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા સ્વાહા થઈ રહ્યા છે.

# કોંગ્રેસનું મોટું એલાન: 243 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર, વેજલપુરમાં ખેલાયો 'ટ્રિપલ' દાવ!

અમદાવાદ: ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે અને ગુજરાતના રાજકારણમાં સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. કોંગ્રેસે લાંબી મથામણ બાદ પોતાની પ્રથમ યાદીમાં 243 ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. આ યાદીમાં જ્ઞાતિ સમીકરણો અને નવા ચહેરાઓને પ્રાધાન્ય આપીને કોંગ્રેસે સીધો જ સત્તાપક્ષને પડકાર ફેંક્યો છે. પરંતુ, સૌથી વધુ ચર્ચા અમદાવાદની વેજલપુર બેઠકની થઈ રહી છે, જ્યાં પાર્ટીએ એક નહીં પણ ત્રણ મજબૂત ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે. અમદાવાદની હાઈપ્રોફાઈલ ગણાતી વેજલપુર વિધાનસભા બેઠક પર કોંગ્રેસે આ વખતે કોઈ કચાશ છોડી નથી. આ વિસ્તારના વૈવિધ્ય અને સમીકરણોને જોતા કોંગ્રેસે ત્રણ દિગ્ગજ નામોની જાહેરાત કરી છે.

**વરસાદ ચર્ચામાં** વિદાય સમારંભો પાછળની ચાપલૂસી અને બુટલેગરોના 'ભંડોળ'નું વરવું સત્ય

# પોલીસના 'રાજાપાઠ' સામે સવાલ: પુષ્પવર્ષાનો ખર્ચ કોણ ઉપાડે છે? લોકસેવકની વિદાય કે સત્તાનું સામંતી પ્રદર્શન?

## અમદાવાદના સરદારનગર PIની બદલીમાં ફૂલોનો વરસાદ ચર્ચામાં; શું પોલીસ અધિકારી કોઈ ફિલ્મ સ્ટાર કે ધાર્મિક નેતા છે?

• પવન માકન (ગ્રુપ એડિટર)

લોકશાહીમાં 'સેવક' મોટો કે 'સાહેબ'?નમસ્કાર ગુજરાત! હું પવન માકન. આજે વાત કરવી છે એવા દ્રશ્યોની જે સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે, પણ તેની પાછળની વાસ્તવિકતા અત્યંત ગંભીર છે. તાજેતરમાં અમદાવાદના સરદારનગર પોલીસ સ્ટેશનના PI એમ. ડી. ચંપાવતની બદલી નવરંગપુરા ખાતે થઈ. તેમના વિદાય સન્માનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં સાહેબ પર જાણે કોઈ મહારાજા હોય તેમ પુષ્પવર્ષા થઈ રહી છે. સવાલ એ છે કે, જેની જવાબદારી કાયદો અને વ્યવસ્થા જાળવવાની છે, જે જનતાનો 'સેવક' છે, તેની બદલી પર આવો ભવ્ય દેખાડો કેટલો ઉચિત છે? સામંતી માનસિકતાનું વરવું પ્રદર્શન આપણી પોલીસ વ્યવસ્થા હજુ પણ વર્ષ 1861ના અંગ્રેજોના કાયદાની બેડીઓમાં જકડાયેલી હોય તેમ લાગે છે. અંગ્રેજોએ પોલીસને જનતા પર કાબૂ રાખવા માટે બનાવી હતી, સેવા માટે નહીં. આજે પણ જ્યારે કોઈ અધિકારીની બદલી થાય છે, ત્યારે તાબાના કર્મચારીઓ અને સ્થાનિકો એવી રીતે પ્રશસ્તિ કરે છે જાણે કોઈ મોટો જંગ જીતીને આવ્યા હોય!

કડવી વાસ્તવિકતા એ છે કે: * ભલે એ અધિકારીના કાર્યકાળમાં ગુંડાઓ બેફામ બન્યા હોય. * ભલે લઠ્ઠાકાંડમાં નિર્દોષોના મોત થયા હોય. * ભલે કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા હોય. છતાં,વિદાય વખતે તો 'સાહેબ' ની વાહવાહી જ સંભળાય છે. આ માત્ર સન્માન નથી, આ 'સત્તાનું પ્રદર્શન' છે. ખર્ચ કોણ ઉપાડે છે? 'ગ્રે એરિયા' ની તપાસસૌથી મોટો અને સળગતો સવાલ એ છે કે આ ભવ્ય પુષ્પવર્ષા, મોટા બેનરો, ફટાકડા અને મીડિયા કવરેજનો ખર્ચ કોણ ભોગવે છે? *




ચાપલૂસીની ચરમસીમા: તાબાના કર્મચારીઓ ઉપરી અધિકારીને ખુશ રાખવા ફાળો ઉઘરાવે છે, જે હકીકતમાં 'ઉપરીને ખુશ કરવાની' સામંતી પ્રથા છે. * અપેક્ષાઓનું રોકાણ: વિદાય સમારંભમાં હાજર રહેલા સ્થાનિકો ઘણીવાર ભવિષ્યમાં પોતાની સુવિધા કે પ્રભાવ વધારવા માટે આવા ખર્ચ ઉઠાવતા હોય છે.

* સૌથી ગંભીર પાસું: પોલીસ બેડામાં ચર્ચાતી વાત મુજબ, ઘણીવાર આવા ભવ્ય ખર્ચ પાછળ બુટલેગરો કે અસામાજિક તત્વોનું 'ભંડોળ' કામ કરતું હોય છે! જે બુટલેગરો પાસેથી સાહેબે હપ્તા લીધા હોય, તે જ સાહેબની વિદાયમાં 'પુષ્પવર્ષા' કરીને ઉપકાર માને છે.સરકારી નિયમોનું શું? ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, 1971 ના નિયમ-14 મુજબ, કોઈપણ આદર સત્કાર સમારંભ સાદો અને કરકસરભર્યો હોવો જોઈએ. જ્યારે અહીં તો નિયમોના ધજાગરા ઉડી રહ્યા છે. પોલીસ અધિકારી એ કોઈ ફિલ્મ કલાકાર કે ધાર્મિક નેતા નથી કે જેના પર ફૂલોનો વરસાદ કરવો પડે. શું એક નાનકડો પુષ્પગુચ્છ આપીને સાદગીથી વિદાય ન આપી શકાય?'પાક્કો ગુજરાત' નું આકરું તારણપોલીસ અધિકારીએ 'લોકપ્રિય' નહીં, પણ 'લોકભિમુખ' બનવાની જરૂર છે. આવા પ્રદર્શનો પોલીસ-નાગરિક સંબંધને સ્વસ્થ બનાવવાને બદલે 'રાજા-પ્રજા' જેવો અસમાન બનાવે છે. જો કામ ઉત્કૃષ્ટ હોય તો તેની કદર જનતાના દિલમાં અને પ્રશસ્તિપત્રમાં હોવી જોઈએ, રસ્તા પર થતી પુષ્પવર્ષામાં નહીં.સરકારે અને ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આવી સામંતી પ્રથાઓ પર તાત્કાલિક રોક લગાવવી જોઈએ, જેથી પોલીસ ખરા અર્થમાં 'લોકસેવક' બની શકે, 'લોકપ્રિય મહારાજ' નહીં.

જય જય ગરવી ગુજરાત!

## મધ્યપ્રદેશમાં 'લાડલી બહેના' યોજના હેઠળ સહાય

# ભાજપનું 'આસામ મોડેલ' ગુજરાતમાં કેમ નહીં? આસામની બહેનોને 3000, તો ગુજરાતની બહેનોને અન્યાય કેમ?

**અન્યાય કેમ?** પવન માકનનો સણસણતો સવાલ: શું ગુજરાત ભાજપ માટે માત્ર મતોની ખેતી કરવાનું કેન્દ્ર છે?

• અમદાવાદ

ચૂંટણી આવે એટલે વાયદાઓનો વરસાદ થાય એ તો ભારતની રાજનીતિની જૂની પરંપરા છે. પણ અત્યારે જે મુદ્દો ગાજી રહ્યો છે તે છે 'મહિલા સન્માન' અને 'આર્થિક સહાય'. આસામમાં ફરી સરકાર બનાવવા માટે ભાજપે જાહેરાત કરી છે કે જો તેઓ સત્તા પર આવશે તો મહિલાઓને પ્રતિમાસ 3000 ની સહાય આપવામાં આવશે.

આ જાહેરાત બાદ હવે ગુજરાતની ગૃહિણીઓ અને બહેનોમાં એક જ ચર્ચા છે: 'જો આસામમાં ભાજપ 3000 આપી શકતું હોય, તો જે ગુજરાત ભાજપનો ગઢ ગણાય છે, ત્યાંની બહેનોને આ લાભ કેમ નહીં?'

ગુજરાતની મહિલાઓ સાથે ઓરમાયું વર્તન કેમ?

'પાક્કો ગુજરાત' ના માધ્યમથી પવન માકન સરકારને પૂછે છે કે:

* ગઢમાં ગાબડું?: ગુજરાત ભાજપ માટે સૌથી સુરક્ષિત રાજ્ય છે. અહીં દાયકાઓથી ભાજપનું શાસન છે. તો શું ભાજપ એવું માની લે છે કે ગુજરાતની મહિલાઓને રિઝવવાની જરૂર નથી?

* મોંઘવારીનો માર દરેકને સમાન: આસામ હોય કે ગુજરાત, ગેસનો બાટલો, ખાદ્યતેલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને છે. જો આસામની બહેનોને આર્થિક ટેકાની જરૂર હોય, તો મોંઘવારીમાં પીસાતી ગુજરાતની મધ્યમવર્ગીય મહિલાઓને કેમ નહીં?

* રેવડી કે અધિકાર?: જ્યારે




વિરોધ પક્ષો આવી જાહેરાત કરે ત્યારે તેને 'રેવડી' કહેવામાં આવે છે, પણ જ્યારે ભાજપ પોતે આસામમાં 3000 નો વાયદો કરે છે, ત્યારે તેને 'સશક્તિકરણ' કેમ કહેવાય?

આંકડાની માયાજાળ અને જનતાની અપેક્ષા

ગુજરાત સરકારે તાજેતરમાં બજેટમાં અનેક જાહેરાતો કરી છે, પણ આસામ જેવી સીધી આર્થિક સહાયની વાત હજુ સુધી ક્યાંય દેખાતી નથી.

*આસામમાં 3000 ની લહાણી.

* મધ્યપ્રદેશમાં 'લાડલી બહેના' યોજના હેઠળ સહાય.

* તો પછી ગુજરાતની 'શક્તિ' સમાન મહિલાઓ માટે આવી કોઈ નક્કર યોજના કેમ નથી?

પવન માકનનું વિશ્લેષણ: 'વોટ આપવાની જવાબદારી અમારી, તો સુવિધામાં ભેદભાવ કેમ?'

ગુજરાતની મહિલાઓએ હંમેશા ભાજપ પર ભરોસો મૂક્યો છે. પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી કેસરીયો લહેરાવવામાં બહેનોનો મોટો ફાળો રહ્યો છે. હવે જ્યારે બીજા રાજ્યોમાં ભાજપ આર્થિક પેકેજ આપી રહ્યું છે, ત્યારે ગુજરાતની બહેનોમાં પણ અપેક્ષા જાગવી સ્વાભાવિક છે.

શું ગુજરાત સરકાર આસામના મોડેલને અહીં લાગુ કરવાની હિંમત બતાવશે? કે પછી ગુજરાતની બહેનોએ માત્ર 'આદર્શ' બનીને જ રહેવાનું અને લાભ બીજા રાજ્યોને મળતા રહેશે?

'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ:

મુખ્યમંત્રી શ્રી અને પ્રદેશ પ્રમુખ શ્રીને જનતા પૂછી રહી છે - ગુજરાતની બહેનોને પ્રતિમાસ 3000 ની સહાય ક્યારે? શું આપણે ફક્ત ચૂંટણીના પ્રચારમાં જ 'નંબર વન' રહેવાનું છે કે પછી જનતાના ખિસ્સામાં પણ 'નંબર વન' લાભ મળવો જોઈએ?

# અમદાવાદમાં 'જન્નત' જેવી: 6 બુકીઓને ક્રાઈમ બ્રાન્ચે ફિક્સિંગમાં ફીટ કરી દીધા

## મેમનગરના પોશ વિસ્તારમાં ભાડાનો ફ્લેટ રાખી ચાલતું હતું હાઈટેક સટ્ટા રેકેટ

• અમદાવાદ

શહેરમાં IPLની ધમાકેદાર શરૂઆતની સાથે જ સટ્ટોડિયાઓ પણ મેદાનમાં આવી ગયા છે. જોકે, ક્રાઈમ બ્રાન્ચે આ વખતે સટ્ટાના શોખીનો અને બુકીઓની ઊંઘ હરામ કરી દીધી છે. મેમનગર જેવા પોશ વિસ્તારમાં આવેલા આનંદ પાર્ક એપાર્ટમેન્ટમાં ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડીને 'જન્નત' જેવી લાઈફસ્ટાઈલ જીવવા મથતા 6 બુકીઓને ઝડપી પાડ્યા છે.

મોબાઈલ એપ્લિકેશનથી ચાલતો હતો 'ખેલ' ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે મેમનગરના આનંદ પાર્ક એપાર્ટમેન્ટના એક ભાડાના ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, ચેન્નાઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાઈ રહેલી મેચ પર આ બુકીઓ મોબાઈલ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યા હતા.

રેડ દરમિયાન શું ઝડપાયું?

પોલીસે ઘટનાસ્થળેથી નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે:




* 6 આરોપીઓની ધરપકડ (સ્થળ પરથી મુદ્દામાલ સાથે)

* ડઝનબંધ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન

* લેપટોપ અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ * સટ્ટાના હિસાબ-કિતાબની ડાયરીઓ

» તપાસનો ધમધમાટ: આ કેસમાં પકડાયેલા 6 શખ્સો ઉપરાંત અન્ય 3 બુકીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે આ ફરાર બુકીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

»

સીઝન પૂરબહારમાં, પોલીસ પણ એક્શન મોડમાં

IPLની શરૂઆત થતા જ અમદાવાદના અલગ-અલગ વિસ્તારોમાં ભાડાના મકાનો રાખીને સટ્ટો રમાડતી ગેંગ સક્રિય થઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે અને તેના તાર અન્ય કયા મોટા બુકીઓ સાથે જોડાયેલા છે તેની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

રિપોર્ટર: 'પાક્કો ગુજરાત' ન્યૂઝ ટીમ, અમદાવાદ

# શિરડી હાઈવે પર 'પાખંડ'નો પર્દાફાશ: કેપ્ટન બાબાનું 18 કરોડનું ફાર્મહાઉસ સીલ, મંદિર ખાલીખમ

નાસિક/શિરડી: મહારાષ્ટ્રના શિરડી હાઈવે પર આવેલા મીરગાંવમાં આસ્થાના નામે ચાલતા ગંદા ખેલનો આખરે અંત આવ્યો છે. સ્વયંભૂ 'કેપ્ટન બાબા' ઉર્ફે અશોક ખરાતના 58 જેટલા અશ્લીલ વીડિયો વાયરલ થયા બાદ પ્રશાસને લાલ આંખ કરી છે. બાબાનું આલીશાન 18 કરોડનું ફાર્મહાઉસ સીલ કરી દેવામાં આવ્યું છે, જ્યારે વર્ષોથી ભક્તોથી ઉભરાતું ઈશાન્યેશ્વર મહાદેવ મંદિર અત્યારે સુમસામ ભાસી રહ્યું છે.

મુખ્ય સમાચાર વિગતો: * પરિવાર વેરવિખેર: બાબાના કાળા કરતૂતોમાં સાથ આપનાર તેનો દીકરો અત્યારે જેલના સળિયા પાછળ છે, જ્યારે તેની પત્ની ધરપકડના ડરથી ફરાર થઈ ગઈ છે. પોલીસ અત્યારે પત્નીની શોધખોળ કરી રહી છે. * ભાઈનો આક્રોશ: કેપ્ટન બાબાના પોતાના ભાઈએ મીડિયા સામે આવીને રોષ ઠાલવ્યો છે. તેણે જણાવ્યું કે, 'અશોકની કરતૂતોએ આખા પરિવારને ક્યાંય મોઢું બતાવવા જેવો રાખ્યો નથી. તેણે આખા પરિવારને બદનામ કરી નાખ્યો છે.'

* વીડિયોએ મચાવી મિલાવટ: 18 માર્ચના રોજ વાયરલ થયેલા અશ્લીલ વીડિયોમાં



બાબાની અસલી ઓળખ છતી થઈ હતી, જેના કારણે શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઘટનાસ્થળની સ્થિતિ: મીરગાંવમાં આવેલું આ મંદિર એક સમયે આસ્થાનું કેન્દ્ર હતું, પણ હવે ત્યાં પોલીસનો પહેરો છે. 18 કરોડની કિંમતનું આલીશાન ફાર્મહાઉસ, જે ભક્તોના દાન અને અંધશ્રદ્ધાના જોરે ઊભું કરવામાં આવ્યું હતું, તેને વહીવટીતંત્રે સીલ મારી દીધું છે.

» 'ધર્મના નામે ધતિંગ કરનારાઓ સામે આ એક લાલબત્તી સમાન કિસ્સો છે. પોલીસ અત્યારે આ મામલે વધુ ઊંડી તપાસ કરી રહી છે કે આ રેકેટમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ.'

# સંથારા ના સાધક કિશોર ભાઈ એ કહ્યું કે હે પ્રભુ સન થારા છું : હાર્દિક હુંડિયા



આજીવન અનશન આરાધક આદરણીય શ્રી કિશોર ભાઈ મંછાબેન ગુલાબચંદ ચોવટીયા એ ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ના દિવસે ૭૨ વર્ષ ની ઉંમરે સંથારો લઈ લીધો છે. ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના દિવસે સંથારો લેનારા કિશોર ભાઈ જ્યાં સુધી જીવન છે , જીવ છે ત્યાં સુધી અન્ન પાણી નો ત્યાગ કરી પરમાત્મા ભગવાન મહાવીર સ્વામીને કહી દીધું છે કે આ સંથારો લેનાર , પ્રભુ હું તારો સન છુ, તારી મરજી પડે એટલે મને બોલાવી દે . અશાતામાં શાતા રાખી સંથારો લેનારા કિશોર ભાઈ ની ખૂબ ખૂબ અનુમોદના. કિશોર ભાઈ નો આજે સંથારા નો છઠ્ઠો દિવસ છે . દર્શનાર્થીઓ મોટી સંખ્યા માં દર્શન કરવા આવી રહ્યા છે . સમાજ સેવી જીજ્ઞેશ હીરાની અને કિશોર ભાઈ નો પરિવાર આવનાર મહેમાનો ને ખૂબ જ પ્રેમ થી આવકારે છે અને દરેક દર્શનાર્થીઓ ને નવકાર ની માળા અને સરસ મજાની પ્રભુજી ની મૂર્તિ આપી ને સમ્માન કરે છે. ધર્મ પ્રેમી જયકાંત ભાઈ એ જણાવ્યું હતું કે સમાજ માં કિશોર ભાઈ જેવા ધર્મપ્રેમી મહાનુભાવો ના કારણે જૈન શાસન જયવંતી છે.

## વર્ષોથી એક જ સ્થાને અડિંગો જમાવી બેઠેલા પોલીસકર્મીઓની બદલી કેમ નથી થતી?

# અંબાજીમાં બુટલેગરો બેફામ: પવિત્ર ધામમાં દારૂની રેલમછેલ, શું પોલીસની મિલીભગતથી ધમધમે છે અડ્ડા?

• અંબાજી | પવન માકન

બનાસકાંઠાનું વિશ્વપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી, જ્યાં કરોડો માઈભક્તોની આસ્થા જોડાયેલી છે, તે અત્યારે બુટલેગરોની લુખ્ખી દાદાગીરી અને ગેરકાયદેસર દારૂના વેચાણને કારણે બદનામ થઈ રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે સ્થાનિક પોલીસ અને એલસીબી (LCB) ની નાક નીચે જ વિદેશી દારૂના વેચાણના અનેક અડ્ડાઓ ધમધમી રહ્યા છે. જનતામાં ચર્ચા છે કે, શું આ બુટલેગરો પોલીસથી ડરતા નથી કે પછી પોલીસના આશીર્વાદ જ તેમને આ કાળો કારોબાર કરવા માટે પ્રોત્સાહન આપી રહ્યા છે?

ગૃહમંત્રી સુધી રજૂઆત છતાં બુટલેગરોને મોકળું મેદાન

અંબાજીમાં દારૂબંધીના લીરેલીરા ઉડતી હોવાની ઘટના નવી નથી. અગાઉ પણ જાગૃત નાગરિકો દ્વારા બનાસકાંઠા એસપી અને રાજ્યના ગૃહમંત્રી સુધી લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. રજૂઆતો બાદ થોડા દિવસો પૂરતી દેખાડા ખાતર પોલીસ સક્રિય થઈ હતી, પરંતુ ગણતરીના દિવસોમાં જ સ્થિતિ 'જૈસે થે' જેવી થઈ ગઈ છે. અત્યારે બુટલેગરોએ પોલીસને ખુલ્લો પડકાર ફેંકીને અંબાજીના વિવિધ રહેણાંક વિસ્તારો અને ગલીઓમાં વિદેશી દારૂનું વેચાણ પૂરજોશમાં શરૂ કર્યું છે.

વર્ષોથી જામી ગયેલા પોલીસકર્મીઓ શંકાના દાયરામાં

અંબાજી પોલીસ સ્ટેશન અને સ્થાનિક ચોકીઓમાં ઘણા એવા પોલીસકર્મીઓ છે જેઓ વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવી રહ્યા છે. આટલા લાંબા સમયના રોકાણને કારણે આ કર્મચારીઓ અને સ્થાનિક બુટલેગરો વચ્ચે મજબૂત સાંઠગાંઠ હોવાની ગંધ આવી રહી છે. જાણકારોનું માનવું છે કે, જ્યાં સુધી આ 'જૂના જોગી' પોલીસકર્મીઓની બદલી કરવામાં નહીં આવે, ત્યાં સુધી અંબાજીમાં દારૂબંધીનો અમલ કરાવવો અશક્ય છે. શું પોલીસતંત્ર આ કર્મચારીઓ પર મહેરબાન છે? તેવો પ્રશ્ન સામાન્ય જનતા પૂછી રહી છે.

તંત્ર સામેના મુખ્ય સવાલો:

* લાચારી કે મિલીભગત? લાખો પ્રવાસીઓની સુરક્ષા માટે તૈનાત રહેતી પોલીસ આ દારૂના અડ્ડાઓ કેમ શોધી શકતી નથી?

* ગુપ્તચર વિભાગ નિષ્ફળ? સ્થાનિક બાતમીદારો અને ગુપ્તચર વિભાગને શું આ મોટા પાયે ચાલતા નેટવર્કની ખબર નથી?

* માથાભારે બુટલેગરો: શું બુટલેગરો પોલીસ કરતાં પણ વધુ શક્તિશાળી બની ગયા છે કે પોલીસ તેમની સામે લાલ આંખ કરતા ડરે છે?

» જનતાનો આક્રોશ: 'આસ્થાનું અપમાન બંધ કરો'

» અંબાજી આવતા શ્રદ્ધાળુઓ મા આદ્યશક્તિના દર્શન કરવા આવે છે, પરંતુ પવિત્ર ધામમાં દારૂની રેલમછેલ જોઈને ભક્તોની લાગણી દુભાય છે. સ્થાનિકોની માંગ છે કે બનાસકાંઠા એસપી તત્કાલ પ્રભાવથી એક્શન મોડમાં આવે અને અંબાજીમાં પેસેલા આ દારૂના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકે.

# રાજકીય પલટીબાજી: કોંગ્રેસમાં જોડાયાના ગણતરીના કલાકોમાં જ નવનીત બાલધિયાએ માંગી માફી!

## સોશિયલ મીડિયા પર વિરોધનો વંટોળ ઉઠતા જ બાલધિયા બેકફૂટ પર; શું દબાણમાં આવીને બદલ્યો નિર્ણય?

• અમરેલી / રાજકોટ ડેસ્ક

ગુજરાતના રાજકારણમાં પક્ષ પલટા અને નારાજગીના સમાચારો તો આવતા રહે છે, પરંતુ અમરેલીના રાજકારણમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે સૌને ચોંકાવી દીધા છે. દલિત નેતા અને સામાજિક કાર્યકર તરીકે ઓળખાતા નવનીત બાલધિયાએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યાના ગણતરીના કલાકોમાં જ સોશિયલ મીડિયા પર જાહેર માફી માંગીને રાજકીય આલમમાં ખળભળાટ મચાવી દીધો છે.

શું છે સમગ્ર ઘટનાક્રમ?

અમરેલી જિલ્લામાં સક્રિય અને અવારનવાર વિવાદોમાં રહેતા નવનીત બાલધિયાએ તાજેતરમાં જ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની હાજરીમાં વિધિવત રીતે પક્ષમાં પ્રવેશ કર્યો હતો. કોંગ્રેસ દ્વારા આ પ્રવેશને મોટા ગજાના નેતાના જોડાણ તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો. જોકે, આ જોડાણના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સોશિયલ મીડિયા પર તેમના જ સમર્થકો અને ચોક્કસ વર્ગ દ્વારા ભારે વિરોધ શરૂ કરવામાં આવ્યો હતો.

'મારાથી ભૂલ થઈ ગઈ...' - ફેસબુક લાઈવમાં માફીની ગુંજ

વિરોધની તીવ્રતા એટલી વધી ગઈ કે નવનીત બાલધિયાએ




તાત્કાલિક સોશિયલ મીડિયાનો સહારો લેવો પડ્યો. તેમણે જાહેર કર્યું કે:

* તેમણે કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય ઉતાવળમાં લીધો હતો.

* જો તેમના આ નિર્ણયથી કોઈની લાગણી દુભાઈ હોય તો તેઓ અંતર આત્માથી માફી માંગે છે.

* તેમણે પક્ષમાંથી રાજીનામું આપવાની અને ફરી એકવાર તટસ્થ રહીને કામ કરવાની વાત ઉચ્ચારી છે.

શું કોઈ રાજકીય દબાણ હતું?

રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે આ માત્ર 'લાગણી'નો વિષય નથી. જે રીતે ગણતરીના કલાકોમાં નિર્ણય બદલાયો છે, તેની પાછળ અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે:

* સત્તાધારી પક્ષનું દબાણ? શું કોઈ અન્ય પક્ષ તરફથી તેમને ડર કે લાલચ આપવામાં આવી?

* સ્થાનિક વિરોધ: શું કોંગ્રેસના જ જૂના કાર્યકરોએ બાલધિયાના પ્રવેશનો અંદરખાને વિરોધ કર્યો હતો?

* વ્યક્તિગત છબી: શું તેમને લાગ્યું કે કોંગ્રેસમાં જવાથી તેમની 'સ્વતંત્ર નેતા' તરીકેની છબી ખરડાઈ શકે છે?

હવે આગળ શું?

નવનીત બાલધિયાની આ 'યુ-ટર્ન' નીતિએ કોંગ્રેસ માટે પણ ક્ષોભજનક સ્થિતિ પેદા કરી છે. એક તરફ કોંગ્રેસ નવા ચહેરાઓને જોડીને મજબૂત થવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે બીજી તરફ આવા કિસ્સાઓ પક્ષની રણનીતિ પર સવાલ ઉભા કરે છે.

શું નવનીત બાલધિયા ફરી ભાજપ તરફ ઝુકાવ દાખવશે કે પછી અપક્ષ તરીકે પોતાની શક્તિ બતાવશે? તે તો આગામી સમય જ કહેશે, પણ અત્યારે તો અમરેલીના ચોરેને ચૌટે બાલધિયાની 'માફી' ચર્ચાનો વિષય બની છે.

માર્ગદર્શન: પવન માકન (ગ્રુપ એડિટર)

પાક્કો ગુજરાત ન્યૂઝ

---

**રોમાંચક** કુલદીપ શર્માની કારકિર્દીનો સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે તેઓ CID (ક્રાઈમ) ના વડા હતા

# મેડલ્સની ચમક અને કોર્ટના ચુકાદાઓ વચ્ચે ઝૂલતી એક આઈપીએસની રોમાંચક સફર

## કુલદીપ શર્મા: સત્તા સામે સીધી ટક્કર લેનાર 'સુપરકોપ' કે વિવાદોના વંટોળમાં ફસાયેલા અધિકારી?

• અમદાવાદ / પાક્કો ગુજરાત ન્યૂઝ - પવન માકન

ગુજરાત પોલીસના ઈતિહાસમાં એવા જૂજ અધિકારીઓ છે જેમણે સત્તાના સર્વોચ્ચ શિખરે બેઠેલા નેતાઓ સામે આંખમાં આંખ મિલાવીને વાત કરવાની હિંમત કરી હોય. આ યાદીમાં સૌથી ઉપર જે નામ આવે છે તે છે કુલદીપ નારાયણ શર્મા (IPS). ૧૯૭૬ બેચના આ અધિકારીની છાપ એક બાજુ 'સુપરકોપ' તરીકેની રહી, તો બીજી બાજુ તેમની કારકિર્દી રાજકીય સંઘર્ષો અને વિવાદોની 'ક્રાઈમ થ્રિલર' જેવી રહી છે.

કચ્છનો એ કિસ્સો જેણે ૪૧ વર્ષ સુધી પીછો ન છોડ્યો!

વાર્તાની શરૂઆત થાય છે ૧૯૮૪માં, જ્યારે કુલદીપ શર્મા કચ્છના SP હતા.

* ઈભલા શેઠ પ્રકરણ: તે સમયે કોંગ્રેસના કદાવર નેતા હાજી અબ્દુલ્લા (ઈભલા શેઠ) સામે શર્માએ લાલ આંખ કરી હતી. આરોપ હતો કે સ્મગ્લિંગની શંકાના આધારે શર્માએ પોતાની ઓફિસમાં જ ઈભલા શેઠને લાકડી વડે ફટકાર્યા અને અપમાનિત કર્યા.

* ૪૧ વર્ષે ચુકાદો: જે ઘટના ૧૯૮૪માં બની, તેનો હિસાબ ૨૦૨૫માં આવ્યો. કોર્ટે તેમને ૩ મહિનાની સજા ફટકારી, જોકે હાલ સુપ્રીમ કોર્ટે તેના પર સ્ટે આપ્યો છે. આ કિસ્સો દર્શાવે છે કે ખાખીનો પાવર ક્યારેક અધિકારીને કેટલો ભારે પડી શકે છે.

અમિત શાહ સાથેની એ 'હાઈ-પ્રોફાઈલ' ટક્કર


કુલદીપ શર્માની કારકિર્દીનો સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે તેઓ CID (ક્રાઈમ) ના વડા હતા.

* મધવપુરા બેંક કૌભાંડ: શર્માએ તત્કાલીન ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ પર આરોપ લગાવ્યો હતો કે તેમણે કેતન પારેખને મદદ કરવાના બદલામાં લાંચ લીધી હતી.

* સોહરાબુદ્દીન એન્કાઉન્ટર: આ કેસની તપાસમાં શર્માની ભૂમિકાએ ગાંધીનગરથી દિલ્હી સુધી હડકંપ મચાવ્યો હતો, જેના પરિણામે અમિત શાહની ધરપકડ પણ થઈ હતી.

સજા કે બદલો? 'ઘેટાં-ઊન વિકાસ નિગમ'માં બદલી

જ્યારે કોઈ શક્તિશાળી IPS અધિકારી સત્તા સામે બાયો ચઢાવે, ત્યારે તેનું પરિણામ શું આવે? કુલદીપ શર્માને CID જેવી મહત્વની શાખામાંથી ખસેડીને 'ગુજરાત




ઘેટાં અને ઊન વિકાસ નિગમ' માં મૂકી દેવામાં આવ્યા. એક તેજતર્રાર પોલીસ અધિકારીને પશુપાલન વિભાગના નિગમમાં બેસાડવા એ તે સમયે ગુજરાતના વહીવટી તંત્રમાં ચર્ચાનો અને મજાકનો વિષય બન્યો હતો. લોકોએ તેને સીધો 'રાજકીય બદલો' ગણાવ્યો હતો.

નિવૃત્તિ પછીની નવી ઈનિંગ્સ: ખાખી છોડીને ખાદી ધારણ કરી

પોતાની સેવાની છેલ્લી ઈનિંગ્સ દિલ્હીમાં BPR&D ના DG તરીકે પૂરી કર્યા બાદ, શર્માએ ૨૦૧૫માં સત્તાવાર રીતે રાજકારણમાં એન્ટ્રી કરી.

* જે પક્ષના નેતાને તેમણે કચ્છમાં ફટકાર્યા હતા, તે જ કોંગ્રેસ માં તેઓ જોડાયા અને પ્રદેશ ઉપપ્રમુખ પણ બન્યા.

'પાક્કો ગુજરાત'નું વિશ્લેષણ:

કુલદીપ શર્મા એવા અધિકારી રહ્યા જેમને 'પ્રેસિડન્ટ્સ પોલીસ મેડલ' તો મળ્યો, પણ સાથે વર્ષો સુધી કોર્ટના પગથિયાં પણ ઘસવા પડ્યા. તેમની વાર્તા ગુજરાતના દરેક યુવાન IPS અધિકારી માટે એક પાઠ છે: 'સત્તા બદલાતી રહે છે, પણ સિદ્ધાંતોની લડાઈ ક્યારેક આખી જિંદગી ચાલે છે.'

અમદાવાદના શાહીબાગમાં નિવૃત્ત જીવન વિતાવતા કુલદીપ શર્મા આજે પણ પોલીસ બેડામાં એવા 'નીડર હસ્તી' તરીકે ઓળખાય છે જેણે ક્યારેય નમતું જોખ્યું નથી.

રિપોર્ટ: પવન માકન (ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

તટસ્થ વાત, પાક્કી વાત.

---

શું વધુ મોટા માથાઓના નામ ખુલશે?

# મહારાષ્ટ્રમાં તાંત્રિક કાંડનો વિસ્ફોટ: શું સત્તાના રક્ષણ હેઠળ ચાલતું હતું પાપનું સામ્રાજ્ય?

**મહારાષ્ટ્રમાં ખળભળાટ!** રૂપાલી ચાકણકર અને કથિત તાંત્રિક અશોક ખરાતના સંબંધોની તસવીરોએ મચાવી મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે ચકચાર

• મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના રાજકારણમાં અત્યારે એક એવો ભૂકંપ આવ્યો છે જેની ધ્રુજારી છેક દિલ્હી સુધી અનુભવાય તેવી શક્યતા છે. જેમના માથે રાજ્યની લાખો મહિલાઓની સુરક્ષાની જવાબદારી છે, તેવા મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકર હવે વિવાદોના વંટોળમાં ઘેરાયા છે. કથિત ઢોંગી તાંત્રિક અશોક ખરાત સાથેની તેમની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ વિરોધ પક્ષોએ મોરચો માંડ્યો છે.

આ કોઈ સામાન્ય ભ્રષ્ટાચારનો કેસ નથી, પણ માનવતાને શરમાવે તેવો મામલો છે. અશોક ખરાત પર જે આરોપો લાગ્યા છે તે સાંભળીને રૂંવાડા ઉભા થઈ જાય તેમ છે:




* નશીલા પદાર્થોનો ખેલ: સેંકડો નિર્દોષ મહિલાઓને નશીલા પદાર્થો ખવડાવીને તેમનું શારીરિક શોષણ કરવાનો ગંભીર આરોપ.

* નરબલિની આશંકા: સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ મામલામાં 5 નરબલિ અપાઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

* હાઈ-પ્રોફાઈલ કનેક્શન: શું આ તાંત્રિકને રાજકીય નેતાઓનું પીઠબળ હતું? વાયરલ તસવીરો આ સવાલને વધુ વેગ આપી રહી છે.

SIT તપાસ અને રાજીનામાની ગુંજ

મામલાની ગંભીરતાને જોતા રાજ્ય સરકાર દ્વારા SIT (Special Investigation Team) ની રચના કરવામાં આવી છે. SIT ની તપાસમાં જો આ તસવીરો અને સંબંધો સાચા સાબિત થશે, તો મહારાષ્ટ્ર સરકાર માટે જવાબ દેવો મુશ્કેલ બની જશે.

» 'જે આયોગ મહિલાઓના હક માટે લડે છે, તેના જ અધ્યક્ષના નામ આવા તાંત્રિક સાથે જોડાય તે અત્યંત નિંદનીય છે.' - વિરોધ પક્ષના સૂર

»

વિરોધ પક્ષો હવે આક્રમક મૂડમાં છે અને રૂપાલી ચાકણકરના તાત્કાલિક રાજીનામાની માંગ કરી રહ્યા છે.

શું વધુ મોટા માથાઓના નામ ખુલશે?

હવે મોટો સવાલ એ છે કે શું અશોક ખરાત માત્ર એક મહોરું છે? આ કાળા કારોબાર પાછળ બીજા કેટલા 'સફેદપોશ' નેતાઓ સંડોવાયેલા છે? SIT ની તપાસ જેમ જેમ આગળ વધશે, તેમ તેમ મહારાષ્ટ્રના રાજકારણમાં હજુ વધુ ચોંકાવનારા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા છે.

રિપોર્ટ: પાક્કો ગુજરાત ન્યૂઝ નેટવર્ક

માર્ગદર્શન: પવન માકન (ગ્રુપ એડિટર)

---

# ગુજરાતમાં ચૂંટણીનો ગરમાવો: 11,000 બૂથ સંવેદનશીલ જાહેર, સવા લાખ પોલીસકર્મીઓની રજાઓ રદ!

## 15 મહાનગરપાલિકા અને પંચાયતની ચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન માટે વહીવટી તંત્ર 'એક્શન મોડ'માં

• અમદાવાદ

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલની સાથે હવે વહીવટી અને સુરક્ષા તંત્ર પણ સજ્જ બન્યું છે. રાજ્યમાં 15 મહાનગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારે અત્યારથી જ કડક નિર્ણયો લેવાનું શરૂ કરી દીધું છે.

ચૂંટણી પ્રક્રિયા નિર્વિઘ્ન અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે હેતુથી રાજ્યના અંદાજે સવા લાખ (1.25 લાખ) પોલીસકર્મીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓથી લઈને કોન્સ્ટેબલ કક્ષાના તમામ જવાનોને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ફરજ પર હાજર રહેવા આદેશ અપાયા છે.

11,000 બૂથ પર વિશેષ નજર

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રાજ્યભરમાં અંદાજે 11,000 જેટલા




મતદાન મથકોને 'સંવેદનશીલ' જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે વધારાની પોલીસ ફોર્સ અને SRPની ટુકડીઓ તૈનાત કરવામાં આવશે. ખાસ કરીને સંવેદનશીલ બૂથો પર વીડિયોગ્રાફી અને ચુસ્ત બંદોબસ્ત દ્વારા મોનિટરિંગ કરવામાં આવશે.

વહીવટી તંત્ર એક્શન મોડમાં

માત્ર પોલીસ જ નહીં, પરંતુ ચૂંટણી પંચ અને સ્થાનિક વહીવટી તંત્ર પણ હવે રાત-દિવસ એક કરી રહ્યું છે. મતદાર યાદીથી લઈને ઈવીએમ (EVM) મશીનોની ચકાસણી સુધીની પ્રક્રિયા તેજ બનાવી દેવામાં આવી છે.

'પાક્કો ગુજરાત' ના વાચકો માટે આ એક મોટા સમાચાર છે કે આગામી દિવસોમાં રાજ્યમાં લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે લોકશાહીનો આ પર્વ ઉજવાશે.

સોશિયલ મીડિયા પોસ્ટ (ટૂંકી સ્ક્રિપ્ટ):

બ્રેકિંગ ન્યૂઝ: ગુજરાતમાં ચૂંટણી પહેલા પોલીસ તંત્ર એલર્ટ!

---

# રાહુલ ગાંધીના આસામના CM પર આકરા પ્રહાર: 'હિમંતા દેશના સૌથી ભ્રષ્ટ અને નફરત ફેલાવનારા મુખ્યમંત્રી'

• નવી દિલ્હી / ગુવાહાટી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા વિરુદ્ધ મોરચો ખોલતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. રાહુલ ગાંધીએ હિમંતા બિસ્વા શર્માને દેશના 'સૌથી ભ્રષ્ટ' ગણાવવાની સાથે જ તેમને નફરત ફેલાવનારા નેતા ગણાવીને તીખા પ્રહારો કર્યા છે. પાવરફુલ પોલિટિકલ અપડેટ્સ: * મોદી-શાહના 'રિમોટ કંટ્રોલ': રાહુલ ગાંધીએ કટાક્ષ કરતા કહ્યું કે, 'હિમંતા બિસ્વા શર્મા પોતાની મરજીથી કંઈ કરતા નથી. જે નરેન્દ્ર મોદી અને અમિત શાહ કહે છે, તે જ હિમંતા બિસ્વા શર્મા કરે છે.' * ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ: રાહુલ ગાંધીએ ખુલ્લેઆમ આક્ષેપ કર્યો કે આસામના મુખ્યમંત્રી દેશના સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રીઓમાંથી એક છે, જે જનતાના હિતના બદલે માત્ર ઉપરના આદેશોનું પાલન કરવામાં વ્યસ્ત છે. * નફરતની રાજનીતિ: વિપક્ષી નેતાએ વધુમાં ઉમેર્યું કે આસામમાં જે રીતે નફરત ફેલાવવામાં આવી રહી છે, તેની પાછળ સીધો હાથ હિમંતા બિસ્વા શર્માનો છે. રાજકીય ગરમાવો: રાહુલ ગાંધીના




આ નિવેદન બાદ ભાજપ છાવણીમાં હલચલ મચી ગઈ છે. આસામમાં ભારત જોડો ન્યાય યાત્રા અને ત્યારબાદના સતત હુમલાઓ દર્શાવે છે કે રાહુલ ગાંધી હવે હિમંતા બિસ્વા શર્માને સીધા નિશાના પર લઈ રહ્યા છે. » 'હિમંતા બિસ્વા શર્મા માત્ર એક કઠપૂતળી છે, જેમના દોર દિલ્હીથી મોદી અને શાહ ખેંચી રહ્યા છે. આસામની જનતા આ ભ્રષ્ટાચાર અને નફરતનો હિસાબ માંગશે.' - રાહુલ ગાંધી (નેતા, વિપક્ષ)

» રિપોર્ટ: પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

---

# ૭ વર્ષનો લાંબો ઈન્તજાર પૂરો: ડભોઇ-કરજણ રેલવે લાઇનનો ભવ્ય પ્રારંભ



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈસ્થાનિક રહેવાસીઓની વર્ષો જૂની માંગણી અને સાત વર્ષ લાંબી પ્રતીક્ષાનો આખરે સુખદ અંત આવ્યો છે. ડભોઈ થી કરજણ વચ્ચે ટ્રેન સેવા પુનઃ શરૂ થતા સમગ્ર પંથકમાં દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ટ્રેનના આગમન સાથે જ ડભોઈ રેલવે સ્ટેશન પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ટ્રેનને નિહાળવા તેમજ તેમાં મુસાફરી કરવા માટે પડાપડી જોવા મળી હતીમુખ્ય આકર્ષણો અને વિગતો: શ્રદ્ધાળુઓ માટે સોનેરી તકડભોઈ તાલુકાના પ્રસિદ્ધ તીર્થધામ કાયાવરોહણ ખાતે મહાદેવના દર્શન કરવા જતી જનતા માટે આ ટ્રેન આશીર્વાદ સમાન સાબિત થશે. હવે મુસાફરો આર્થિક અને સરળ રીતે મંદિર સુધી પહોંચી શકશે. ધંધા-રોજગારને વેગ: ટ્રેન સેવા શરૂ થવાથી માત્ર મુસાફરોને જ નહીં, પરંતુ સ્થાનિક વેપારીઓ અને નોકરિયાત વર્ગને પણ મોટો ફાયદો થશે. અવરજવર વધવાથી આસપાસના ગામડાઓના નાના ધંધાદારીઓ માટે રોજગારીની નવી તકો ઊભી થશે.

---

સત્તાના નશામાં ચૂર નેતાઓ સામે 'પાક્કો ગુજરાત'નો સણસણતો સવાલ: ન્યાય ક્યારે?

# શંકર ચૌધરી સામે કેમ બધા મૌન? રમેશ રાજપૂતના ઉપવાસ અને હરિદાદાનો આક્રોશ!

• પાક્કો ગુજરાત ન્યૂઝ

બનાસકાંઠાની રાજનીતિમાં અત્યારે ગરમાવો આવ્યો છે, પણ આ ગરમાવો સત્તાના પક્ષમાં નહીં, પરંતુ અન્યાય સામે લડતા એક યુવાનના સમર્થનમાં છે. શંકર ચૌધરી જેવા કદાવર નેતા સામે અવાજ ઉઠાવતા જ્યારે મોટા-મોટા માથાઓના મોઢા સીવાઈ ગયા છે, ત્યારે રમેશ રાજપૂત નામનો યુવાન ઉપવાસ આંદોલન પર બેસીને ન્યાયની માંગ કરી રહ્યો છે.

પરંતુ, આ લડાઈમાં જ્યારે હરિદાદા મેદાને આવ્યા, ત્યારે તેમણે જે રીતે વાણી પ્રહારો કર્યા છે તે સાંભળીને સત્તાધીશોના કાનના પડદા ફાટી જાય તેમ છે.

હરિદાદાએ કંઈ બાકી ન રાખ્યું: 'ડરપોક લોકો જ મૌન રહે છે'

જ્યારે હરિદાદાને આ ઉપવાસ આંદોલન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે પોતાની નીડર શૈલીમાં સત્તા પક્ષ અને વિરોધ પક્ષ બંનેને આડે હાથ લીધા. હરિદાદાના વેધક પ્રહારો:

* સત્તાનો અહંકાર: 'શંકર ચૌધરી સામે બોલતા જેમના હોઠ ફફડે છે, શું તેઓ જનતાના પ્રતિનિધિ છે કે સત્તાના ગુલામ?'

* યુવાનની લડાઈ: રમેશ રાજપૂત જે રીતે ભૂખ હડતાલ પર ઉતર્યો છે, તે દર્શાવે છે કે તંત્રમાં ભ્રષ્ટાચાર અને અન્યાયના મૂળ કેટલા ઉંડા છે. હરિદાદાએ સ્પષ્ટ કર્યું કે, 'એક યુવાન જીવના જોખમે લડે છે અને નેતાઓ એસી ચેમ્બરમાં બેસીને તમાશો જુએ છે, આ તે કેવી લોકશાહી?'

* તંત્રને ચેતવણી: જો આ યુવાનને કંઈ પણ થયું, તો બનાસકાંઠાની જનતા હિસાબ માંગશે. હરિદાદાએ રોકડું પરખાવ્યું કે રાજનીતિમાં કોઈ અમર પટ્ટો લખાવીને નથી આવ્યું.

નીડર પત્રકારત્વનું મિશન: રમેશ રાજપૂત કોની સામે લડે છે?

રમેશ રાજપૂતના ઉપવાસ માત્ર એક વ્યક્તિગત લડાઈ નથી, પરંતુ એ સિસ્ટમ સામેનો પડકાર છે જે સામાન્ય માણસનો અવાજ દબાવી દે છે.

* શું શંકર ચૌધરીનું નામ એટલું મોટું છે કે તંત્ર તપાસ કરતા ગભરાય છે?

* શા માટે કોઈ રાજકીય પક્ષ આ યુવાનના સમર્થનમાં ખુલીને નથી આવતો?

* મીડિયાનો એક વર્ગ જ્યારે મૌન છે, ત્યારે 'પાક્કો ગુજરાત' જનતાના આક્રોશને વાચા આપી રહ્યું છે.

જનતાનો સવાલ: સત્તા પક્ષમાં 'ઓલ ઈઝ વેલ' તો તપાસથી ડર કેમ?

હરિદાદાએ વાત પૂરી કરતા કહ્યું કે, 'ન્યાય માંગવો એ ગુનો નથી, પણ ન્યાય માંગનારને કચડી નાખવો એ પાપ છે.' રમેશ રાજપૂતના ઉપવાસ આંદોલને ગુજરાતની રાજનીતિમાં એ સાબિત કરી દીધું છે કે ભલે નેતાઓ મૌન હોય, પણ જનતાની અદાલતમાં તો અત્યારે સવાલોનો મારો ચાલી રહ્યો છે.

# સિટીના નામે 'સ્માર્ટ ભ્રષ્ટાચાર'? વડોદરાના વોર્ડ નં. 19માં કચરાના ઢગલા અને દુર્ગંધનું શાસન!

## 50 સોસાયટીના રહીશો નરકાગારમાં જીવવા મજબૂર: 'ભાજપના નેતાઓએ ખિસ્સા ભર્યા

• વડોદરા

ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે નેતાઓ મતોની ભીખ માંગવા નીકળશે, પણ વડોદરાના વોર્ડ નં. 19ની સ્થિતિ જોઈને કોઈ પણ સ્માર્ટ સિટીના દાવા પર થૂંકશે! વડોદરા મહાનગરપાલિકામાં ભળેલા વડદલા અને મકરપુરા વિસ્તારની હાલત અત્યારે નરક જેવી બની ગઈ છે. ગંદકીના ગંજ અને અસહ્ય દુર્ગંધ વચ્ચે 50થી વધુ સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મુખ્ય આક્ષેપો અને ગ્રાઉન્ડ રિયાલિટી: * ટેક્સ ઉઘરાવ્યો, સુવિધા ક્યાં?: વડદલાના સ્થાનિકોનો સીધો આક્ષેપ છે કે, કોર્પોરેશનમાં માત્ર ટેક્સ વસૂલવા માટે જ અમને ભેળવવામાં આવ્યા છે. કરોડોના ટેક્સ ભરીએ છીએ પણ બદલામાં મળે છે માત્ર કચરાના ઢગલા! * નેતાઓના ખિસ્સા ગરમ: સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ આવતા કરોડો રૂપિયા ક્યાં ગયા? રહીશો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે વિકાસના નામે આવેલા નાણાં ભાજપના નેતાઓના ખિસ્સામાં સરી પડ્યા છે, જ્યારે જનતા ગંધાતા કચરા વચ્ચે બીમારીઓ નોતરી રહી છે. * નરકાગાર જેવી સ્થિતિ: 50 જેટલી સોસાયટીઓના હજારો રહીશો છેલ્લા કેટલાય સમયથી દુર્ગંધમાં શ્વાસ લેવા મજબૂર છે. તંત્રને રજૂઆતો કરી કરીને થાકેલી જનતા હવે ચૂંટણીમાં નેતાઓને મેદાન ચખાડવાના મૂડમાં છે. » પવન માકન (ગ્રુપ એડિટર) નો સીધો સવાલ: » 'શું આને જ તમે સ્માર્ટ સિટી કહો છો? જ્યાં માણસોએ કચરાના ઢગલા પાસે જીવવું પડે! સત્તાધારી પક્ષના નેતાઓ જ્યારે વોટ માંગવા નીકળે ત્યારે આ ગંદકીના ગંજ તેમને દેખાતા નથી? વડોદરાની જનતા જાગૃત છે, હવે ટેક્સના બદલામાં માત્ર કચરો નહીં ચાલે!' » ચૂંટણીમાં પરચો બતાવશે જનતા?0 વોર્ડ નં. 19ની આ સ્થિતિ આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ માટે મોટો પડકાર બની શકે છે. સ્થાનિકોમાં જે રીતે આક્રોશ ફાટી નીકળ્યો છે તે જોતા લાગે છે કે આ વખતે 'વિકાસ' ના પોકળ દાવાઓ કામ નહીં આવે. 'પાક્કો ગુજરાત' પૂછે છે- શું કમિશનર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ દુર્ગંધમાં એક કલાક પણ રહી શકશે ખરા?

# ઓલપાડના કારેલી ગામની સીમ ઈન્ડસ્ટ્રીઝની રૂમમાં એક યુ.પી.ના યુવકે ગળે ફાંસો ખાધો

• ઓલપાડ,તા.૦૫

મુળ ઉત્તરપ્રદેશ રાજ્યના કાનપુર જિલ્લાનો શ્રમિક યુવાન રામસરન હિરામન નિસાહ (ઉ.વ.૨૨)હાલમાં ઓલપાડ તાલુકાના કારેલી ગામની સીમમાં આવેલ ક્રિષ્ના ટેક્ષટાઈલના સનસાઇન ઈન્ડસ્ટ્રીઝ વિભાગ- ૦૨ના લેબર રૂમ-૨ માં રહી ત્યાં કામ કરતો હતો. રામસરન નિસાહે ગત શુક્રવાર,તા.૦૩ ના રોજ મોડી રાતના સુમારે

કોઈ અગમ્ય કારણસર પોતાના રહેઠાણના રૂમમાં લગાવેલ પંખા સાથે ગ્રે કાપડના ટુકડાનો એક છેડો બાંધી બીજો છેડો પોતાના ગળે બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.જેનો મૃતદેહ બીજા દિવસે તા.૦૪ ના રોજ સવારના સુમારે તેની રૂમમાંથી મળી આવ્યો હતો.

કાર્યવાહી

## સરખેજ સર્વેલન્સ ટીમની પ્રોહીબિશનના નેટવર્ક પર મોટી કાર્યવાહી

# એસ.પી. રિંગ રોડ પર સરખેજ પોલીસની સર્જિકલ સ્ટ્રાઈક: i10 કારમાં 'રાજસ્થાની ખેલ' નિષ્ફળ!

## ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની ખેપ મારતો બુટલેગર 4.47 લાખના મુદ્દામાલ સાથે દબોચાયો

• પવન માકન (ગ્રુપ એડિટર)

અમદાવાદમાં દારૂબંધીના કાયદાનું ચીરહરણ કરતા તત્વો પર પોલીસનો હથોડો! નમસ્કાર ગુજરાત! હું પવન માકન. 'પાક્કો ગુજરાત'ના આ વિશેષ અહેવાલમાં આપનું સ્વાગત છે.

અમદાવાદ શહેરને ગુનામુક્ત રાખવા અને દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવા માટે પોલીસ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓના આદેશ બાદ હવે પોલીસ 'એક્શન મોડ'માં છે. ખાસ કરીને હાઈવે અને રીંગ રોડ પરથી થતી દારૂની હેરાફેરી રોકવા માટે સરખેજ પોલીસ સ્ટેશનની સવેલન્સ ટીમે એક પ્રશંસનીય સફળતા મેળવી છે.

કેવી રીતે ગોઠવાઈ ટ્રેપ? - બાતમીદારની સચોટ માહિતી અને પોલીસની સતર્કતા

સરખેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.એલ. ચાવડા અને સવેલન્સ સ્કોડના પી.એસ.આઈ. એ.આર. બોળીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસને એક 'પાક્કી' બાતમી મળી હતી કે રાજસ્થાનનો એક શખ્સ પોતાની કારમાં ખોટી નંબર પ્લેટ લગાવીને ઉદયપુરથી દારૂનો મોટો જથ્થો લઈને અમદાવાદમાં ઘૂસ્યો છે.

ઘટનાસ્થળ: સરખેજ-બોપલથી મમતપુરા તરફ જતો એસ.પી. રિંગ રોડ, બાઈકર્સ કેફેની પાસે આવેલ ખુલ્લા ખેતર પાસેનો સર્વિસ રોડ.

પોલીસની ટીમે વોચ ગોઠવીને સફેદ રંગની Hyundai i10 કારને આંતરી હતી. પોલીસને જોતા જ કાર ચાલક ફફડી ઉઠ્યો હતો. જ્યારે કારની તલાશી લેવામાં આવી, ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારની અંદર વિદેશી દારૂ અને બિયરની પેટીઓ ઠાંસી-ઠાંસીને ભરી હતી.



મુદ્દામાલ અને ધરપકડની વિગતો

પોલીસે ઘટનાસ્થળેથી નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે:

* ઝડપાયેલ આરોપી: શાંતિલાલ હેમચંદ્રજી ચૌધરી (ઉ.વ. 35, ધંધો-ડ્રાઈવિંગ, રહે. ઘાટલોડિયા, અમદાવાદ. મૂળ વતન- ઉદયપુર, રાજસ્થાન).

* વિદેશી દારૂનો જથ્થો: ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરની અલગ-અલગ બ્રાન્ડની કુલ 456 નંગ બોટલ/ટીન (કિંમત 1,95,936/-).

* વાહન: સફેદ કલરની i10 કાર (કિંમત 2,50,000/-).

* અન્ય: મોબાઈલ ફોન નંગ-1 (કિંમત 2,000/-).

* કુલ મુદ્દામાલ: 4,47,936/-

નવા કાયદા હેઠળ કડક કાર્યવાહી

આરોપીએ પોલીસને છેતરવા માટે કાર પર ખોટી નંબર પ્લેટનો ઉપયોગ કર્યો હતો. સરખેજ પોલીસે આ મામલે પ્રોહીબિશન એક્ટની સાથે સાથે ભારતીય ન્યાય સંહિતા 2023 (BNS) ની કલમ-336 અને 340 મુજબ ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઓપરેશનમાં રવિન્દ્રસિંહ, કનકસિંહ, મયુરસિંહ અને મિતેશભાઈ સહિતના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી છે.

'પાક્કો ગુજરાત'નું તારણ:

બુટલેગરો ગમે તેટલા સ્માર્ટ બને કે ખોટી નંબર પ્લેટોનો સહારો લે, પણ સરખેજ પોલીસની 'બાજ નજર' માંથી બચવું હવે મુશ્કેલ છે. આ સફળતા બાદ હવે પોલીસ એ તપાસ કરી રહી છે કે આ દારૂનો જથ્થો અમદાવાદમાં કોને પહોંચાડવાનો હતો? શું આની પાછળ કોઈ મોટું રેકેટ કામ કરી રહ્યું છે? તપાસનો ધમધમાટ ચાલુ છે.

જય જય ગરવી ગુજરાત!

## રૂ. 20,000ની લાલચે યુવતીઓ પાસે અશ્લીલતાનું શૂટિંગ

# લોનાવલાના આલીશાન બંગલામાં 'ગંદી બાત': પોર્ન ફિલ્મ રેકેટનો માસ્ટર માઈન્ડ કોલકાતાનો શખ્સ નીકળ્યો!

**18 ઝડપાયા** — નેપાળ સુધી ફેલાયેલું હતું નેટવર્ક, 5 યુવતીઓ સહિત 18 ઝડપાયા

• લોનાવલા/અમદાવાદ:

ટુરિસ્ટો માટે ફેમસ લોનાવલાની શાંત વાદીઓમાં અશ્લીલતાનો ખેલ ખેલાઈ રહ્યો હતો. પોલીસના દરોડામાં લોનાવલાના પાટણ ગામમાં આવેલા એક ભાડાના બંગલામાં ચાલી રહેલા હાઈ-પ્રોફાઈલ પોર્ન ફિલ્મ રેકેટનો પર્દાફાશ થયો છે. આ આંતરરાજ્ય ગેંગનો માસ્ટર માઈન્ડ કોલકાતાનો એક યુવક હોવાનું બહાર આવતા ખળભળાટ મચી ગયો છે.




તપાસમાં થયેલા ચોંકાવનારા ખુલાસા:

* માસ્ટર માઈન્ડનું નેટવર્ક: તપાસમાં જાણવા મળ્યું છે કે કોલકાતાનો આ યુવક એક પ્રોડક્શન કંપની ચલાવતો હતો. તે માત્ર ભારતના જુદા જુદા રાજ્યોમાં જ નહીં, પણ સરહદ પાર નેપાળમાં પણ શૂટિંગ અને અશ્લીલ ફિલ્મો વેચવાનો કાળો કારોબાર ચલાવતો હતો.

* કાયદાથી બચવા માટે 'માસ્ટર પ્લાન': ધરપકડ કરાયેલા આરોપીઓ એટલા શાતિર હતા કે તેઓ કલાકારો પાસે સ્વેચ્છાએ શૂટિંગ કરી રહ્યા હોવાના દસ્તાવેજ પર સહી લેતા અને તેનો વીડિયો પણ બનાવતા, જેથી પોલીસ પકડે તો તેને 'કાયદેસર' ગણાવી શકાય.

* રૂ. 20,000નું દૈનિક ભાડું: આ ગંદા ખેલમાં કામ કરવા માટે યુવતીઓને દિવસના 20,000 રૂપિયા ચૂકવવામાં આવતા હતા. જે બંગલામાં દરોડા પડ્યા તેનું ભાડું પણ રોજનું 30,000 રૂપિયા હોવાનું સામે આવ્યું છે.

* જપ્ત કરાયેલો મુદ્દામાલ: પોલીસે સ્થળ પરથી હાઈ-ટેક કેમેરા, શૂટિંગની સામગ્રી અને કુલ 6.72 લાખની માલમત્તા જપ્ત કરી છે.

» પવન માકન (ગ્રુપ એડિટર) નું વિશ્લેષણ:

» 'આ માત્ર એક ગેંગ નથી, પણ યુવા પેઢીને ગેરમાર્ગે દોરતું મોટું આંતરરાષ્ટ્રીય ષડયંત્ર છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને અશ્લીલ ફિલ્મો બનાવી તેને વેબસાઈટ્સ પર અપલોડ કરી કરોડોની કમાણી કરવાનો આ ધંધો હવે લોનાવલા જેવા પર્યટન સ્થળોને પણ બદનામ કરી રહ્યો છે. પોલીસની આ કાર્યવાહી સરાહનીય છે, પરંતુ આના મૂળિયાં કેટલા ઊંડા છે તેની તપાસ જરૂરી છે.'

» આંતરરાજ્ય કનેક્શન:

આ ગેંગમાં મહારાષ્ટ્ર, ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણાના લોકો સામેલ છે. હાલમાં 18 આરોપીઓ જેલના સળિયા પાછળ છે, પરંતુ આ રેકેટની લિંક્સ હજુ પણ મોટા મોટા પ્રોડક્શન હાઉસ સાથે જોડાયેલી હોવાની આશંકા છે.

-પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

# નેતાજીનો ઘા ફેલ ગયો! સુરતમાં BJP-AAPનું 'નેતા કપલ' ચર્ચામાં, ચૂંટણી પહેલા જ ખેલાયો મોટો દાવ

## રાજકીય સમીકરણો ત્યારે બદલાયા જ્યારે નવનીત બાલધિયાએ અચાનક 'હાથ' મિલાવી લીધો

• સુરત

દક્ષિણ ગુજરાતના રાજકારણમાં અત્યારે 'પારકી પંચાત' જોરશોરથી ચાલી રહી છે. સુરતમાં એક એવું નેતા કપલ ચર્ચાના ચગડોળે ચડ્યું છે જેમાં પતિ ભાજપમાં છે અને પત્ની આમ આદમી પાર્ટી (AAP) માં! પરંતુ, આ બધાની વચ્ચે રાજકીય સમીકરણો ત્યારે બદલાયા જ્યારે નવનીત બાલધિયાએ અચાનક 'હાથ' મિલાવી લીધો.




રાજકીય ગરમાવો: કોણે કોને મ્હાત આપી?

* નેતાજીનો દાવ ઊંધો પડ્યો: સુરતના રાજકારણમાં ખેલાડી ગણાતા નેતાજીએ જે ગણતરી કરી હતી તે ઘા ફેલ ગયો છે. ભાજપ અને આપ વચ્ચે ઝૂલતા આ મામલામાં ત્રીજો જ પક્ષ ફાવી ગયો હોય તેમ લાગી રહ્યું છે.

* નવનીત બાલધિયાનો 'પંજો': ચૂંટણીના પડઘમ વાગે તે પહેલા જ નવનીત બાલધિયાએ કેસરીયો કે ઝાડુ પકડવાને બદલે કોંગ્રેસનો પંજો પકડી લેતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

* ઘરમાં જ વિરોધાભાસ: સુરતનું આ નેતા કપલ અત્યારે ટોક ઓફ ધ ટાઉન છે. એક જ ઘરમાં ભાજપ, આપ અને હવે કોંગ્રેસના સમર્થકો હોવાથી લોકો ચર્ચા કરી રહ્યા છે કે, 'આ તે કેવી પારકી પંચાત!'

સુરતનું ગરમાયેલું રાજકારણ:

સુરત મહાનગરપાલિકા હોય કે વિધાનસભાની ચૂંટણી, સુરત હંમેશા નવા પ્રયોગો માટે જાણીતું છે. નવનીત બાલધિયાના કોંગ્રેસ પ્રવેશથી ભાજપ અને આમ આદમી પાર્ટીના ગણિત બગડ્યા છે. ખાસ કરીને જે નેતા આ કપલના જોરે પોતાની બેઠક મજબૂત કરવા માંગતા હતા, તેમનો 'ઘા ફેલ' જતાં હવે નવા રસ્તા શોધવા પડશે.

» 'રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત કે દુશ્મન હોતું નથી, પણ સુરતના આ કિસ્સાએ સાબિત કરી દીધું કે અહીં ગમે ત્યારે ગમે તેવો વળાંક આવી શકે છે. નેતાજી જે ખેલ પાડવા ગયા હતા તેમાં પોતે જ ફસાઈ ગયા છે!'

»

રિપોર્ટ: પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક (સુરત બ્યુરો)

# ડભોઈના કુઢેલા મોસમપુરા ગામેથી ૨૬૭ ગ્રામ હાઈબ્રીડ ગાંજા સાથે ત્રણની ધરપકડ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈના કુઢેલા મોસમપુરા ગામેથી ૨૬૭ગ્રામ હાઈબ્રીડ ગાંજા સાથે ત્રણની ધરપકડ રાજ્યમાં નશાના કારોબારને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે કાર્યરત એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ અને સી.આઈ.ડી. ક્રાઈમને વધુ એક મોટી સફળતા મળી છે. ડભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાતમીના આધારે દરોડો પાડીને ટીમે લાખોની કિંમતના હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે ત્રણ આરોપીઓને દબોચી લીધા છે. મળતી વિગતો અનુસાર, શુક્રવારે એએનટીએફ વડોદરા ઝોનને ચોક્કસ માહિતી મળી હતી કે, ડભોઈના કુઢેલા રોડ પર આવેલા મોસમપુરા ગામ પાસે નશીલા પદાર્થોની હેરાફેરી થઈ રહી છે. બાતમીને ગંભીરતાથી લઈને પોલીસ ટીમે આયોજનબદ્ધ રીતે વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ હાલતમાં મળી આવેલા ત્રણ શખ્સોની તલાશી લેતા તેમની પાસેથી ૨૬૭ ગ્રામ અત્યંત મોંઘો ગણાતો 'હાઈબ્રીડ ગાંજો' મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસે દિનેશભાઈ રામજીભાઈ ઠાકોર (૩૪) (રહે. ૮૨૧ ક્રિષ્ણાસિટી કેલનપુર) વિશાલ અરવિંદભાઈ પરમાર (૩૨) (રહે. ભાટીયા શેરી ડભોઈ રોડ, વડોદરા) અને રાજ કાલીદાસ ઓંગણીયા (૨૮) (રહે. સર્વોદય નગર કલાલી ફાટક વડોદરા)ની ધરપકડ કરી છે. કાર્યવાહી દરમિયાન એક આરોપી આસીફ (વાપી) પોલીસને ચકમો આપી ફરાર થવામાં સફળ રહ્યો છે, જેને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી માત્ર ગાંજાનો જથ્થો જ નહીં, પરંતુ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા અન્ય સાધનો પણજપ્ત કર્યા છે.

# ડભોઇ સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પર મોતનું ગાબડું



• ફકીરા ખત્રી ડભોઇ

તંત્રની ઘોર બેદરકારી સામે પ્રજામાં રોષ અધિકારીઓની ઓફિસથી માત્ર ૫૦૦ મીટર દૂર મસમોટું ધોવાણ છતાં તંત્ર 'કુંભકર્ણ' નિદ્રામાં; શું કોઈ મોટી દુર્ઘટનાની જોવાય છે રાહ ડભોઇ વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા મુખ્ય માર્ગ પર ડભોઈની થરવાસા ચોકડી પાસે તંત્રની ભયાનક નિષ્ક્રિયતા સામે આવી છે. ચોમાસા દરમિયાન રોડના એક ભાગમાં થયેલું મસમોટું ધોવાણ બે મહિના વીતી ગયા હોવા છતાં હજુ સુધી રિપેર કરવામાં આવ્યું નથી. આ સ્થિતિ જોતા એવું લાગે છે કે સ્ટેટ હાઈવેના અધિકારીઓ પાસે આ જોખમી ખાડો પુરવાનો સમય નથી જોખમી ધોવાણ: સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા મુખ્ય માર્ગ પર હજારો પ્રવાસીઓના વાહનોની સતત અવરજવર રહે છે. રસ્તાની બરોબર વચ્ચે કે સાઈડમાં પડેલું આ મોટું ગાબડું ગમે ત્યારે જીવલેણ અકસ્માતને નિમંત્રણ આપી શકે છે.

## પવન માકનનો સણસણતો સવાલ - કેજરીવાલને નેતાઓ જોઈએ છે કે 'યસ મેન'?

# 'તાનાશાહ' કેજરીવાલનો અસલી ચહેરો: શું AAPમાં બુદ્ધિશાળીઓની બાદબાકી નક્કી છે?

• અમદાવાદ

આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલની કામ કરવાની પદ્ધતિ હવે ધીરે-ધીરે વિવાદોના ઘેરામાં આવી રહી છે. રાજકીય ગલીયારાઓમાં ચર્ચા છે કે, કેજરીવાલને હવે એવા નેતાઓ માફક આવતા નથી જે પોતાનું મગજ ચલાવે. 'પાક્કો ગુજરાત' ના ગ્રુપ એડિટર પવન માકન આ મામલે સચોટ વિશ્લેષણ કરતા જણાવે છે કે, કેજરીવાલના દરબારમાં હવે માત્ર 'ખાલી દિમાગ' વાળા નેતાઓનું જ સન્માન છે.

મુખ્ય મુદ્દાઓ: * લોકશાહી કે તાનાશાહી?: અણ્ણા હજારેના આંદોલનથી નીકળેલા કેજરીવાલ આજે પોતાની જ પાર્ટીમાં એકહથ્થુ શાસન ચલાવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જે નેતા પ્રશ્ન પૂછે છે, તેને બહારનો રસ્તો બતાવી દેવામાં આવે છે. * બુદ્ધિશાળીઓની બાદબાકી: પ્રશાંત ભૂષણથી લઈને યોગેન્દ્ર યાદવ અને કુમાર વિશ્વાસ જેવા કદાવર અને બુદ્ધિશાળી નેતાઓને કેમ દૂર કરાયા? પવન માકન સ્પષ્ટ કહે છે કે, કેજરીવાલને એવા લોકો ડરાવે છે જે તર્ક કરી શકે.




* ખાલી દિમાગ, ફૂલ સપોર્ટ: અત્યારે AAPમાં એવા જ ચહેરાઓ આગળ છે જે માત્ર હુકમનું પાલન કરે છે. 'જી હજૂરી' એ જ હવે AAPમાં ટકી રહેવાનો એકમાત્ર મંત્ર બની ગયો છે.

» પવન માકન (ગ્રુપ એડિટર) નું સ્પષ્ટ વકતવ્ય:

» 'રાજકારણમાં જ્યારે નેતા પોતાની આસપાસ 'ખાલી દિમાગ' વાળા લોકોની ફોજ ઉભી કરે, ત્યારે સમજી લેવું કે લોકશાહી ખતરામાં છે. કેજરીવાલને સવાલ પૂછનારા ગમતા નથી, તેમને માત્ર વાહ-વાહ કરનારા જ ગમે છે. આ તે કેવી ક્રાંતિ?'

»

જનતાનો સવાલ?

શું ગુજરાતની જનતા આવા 'તાનાશાહી' વલણને સ્વીકારશે? 'પાક્કો ગુજરાત' જનતાના પક્ષે રહીને આ સવાલો પૂછતું રહેશે. કેજરીવાલની રાજનીતિ હવે સેવા નહીં, પણ સત્તાની રમત બની ગઈ હોય તેવું દેખાઈ રહ્યું છે.

-ટીમ પાક્કો ગુજરાત

# ઈન્સ્ટાગ્રામ પર હવે 'મફતની મજા' પૂરી: સ્ટોરી જોવા માટે પણ ખિસ્સું ખાલી કરવું પડશે!

### સોશિયલ મીડિયા જાયન્ટનું નવું પેઇડ સબ્સ્ક્રિપ્શન મોડેલ: હવે કોઈની સ્ટોરી છુપી રીતે જોશો તો ખબર પણ નહી પડે

• અમદાવાદ

જો તમે પણ ઈન્સ્ટાગ્રામ પર કલાકો સુધી લોકોની સ્ટોરીઓ જોયા રાખતા હોવ, તો આ સમાચાર તમારા માટે છે. અત્યાર સુધી જે સુવિધાઓ મફતમાં મળતી હતી, તે હવે પ્રીમિયમ બનવા જઈ રહી છે. ઈન્સ્ટાગ્રામ એક એવા મોડેલ પર કામ કરી રહ્યું છે જેમાં યુઝર્સ પાસેથી પૈસા વસૂલવામાં આવશે. જો તમે પૈસા ચૂકવશો, તો તમે 'મિસ્ટર ઈન્ડિયા' બનીને ગમે તેની સ્ટોરી જોઈ શકશો અને સામે વાળી વ્યક્તિને ખબર પણ નહીં પડે!




છુપી રીતે સ્ટોરી જોનારાઓ માટે લોટરી, પણ કન્ડિશન એપ્લાય!

ઈન્સ્ટાગ્રામ હાલમાં તેના પેઈડ સબ્સ્ક્રિપ્શનનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. આ ફીચરની સૌથી મોટી ખાસિયત એ છે કે જો તમે કોઈની સ્ટોરી જોશો, તો સ્ટોરી જોનારાના લિસ્ટમાં તમારું નામ દેખાશે નહીં. અત્યાર સુધી કોઈની પ્રોફાઈલ ચેક કરવા જતાં નામ આવી જવાની બીક રહેતી હતી, તે હવે પૈસા આપવાથી દૂર થઈ જશે.

નવા પેઈડ ફીચર્સ જે બદલી નાખશે તમારો અનુભવ:

* સ્ટોરી 24 કલાક પછી પણ જીવંત: અત્યારે સ્ટોરી 24 કલાકમાં ગાયબ થઈ જાય છે, પણ પેઈડ યુઝર્સ માટે તે લાંબો સમય એક્ટિવ રહી શકશે.

* કોણે કેટલી વાર જોઈ તમારી સ્ટોરી?: હવે તમે એ પણ જાણી શકશો કે તમારી સ્ટોરી કયા યુઝરે કેટલી વાર રિપીટ કરીને જોઈ છે. એટલે કે, તમારી પ્રોફાઈલ પર કોણ નજર રાખી રહ્યું છે તેનો પાક્કો હિસાબ મળશે.

* કસ્ટમ લિસ્ટ અને ગ્રુપ: અલગ-અલગ ગ્રુપ (મિત્રો, ઓફિસ, ફેમિલી) માટે અલગ સ્ટોરી લિસ્ટ બનાવી શકાશે.

* નવા રિએક્શન: સ્ટોરી પર રિપ્લાય આપવા માટે નવી અને યુનિક સ્ટાઈલના ઈમોજી અને રિએક્શન મળશે.

હાલ ક્યાં ચાલી રહ્યું છે ટેસ્ટિંગ?

ઈન્સ્ટાગ્રામ અત્યારે આ ફીચરનું ટેસ્ટિંગ ભારત બહાર એટલે કે જાપાન અને મેક્સિકોમાં કરી રહ્યું છે. ત્યાંના પ્રતિસાદના આધારે ટૂંક સમયમાં ભારતીય યુઝર્સ માટે પણ આ 'પેઈડ મોડેલ' લોન્ચ કરવામાં આવી શકે છે. જોકે, સામાન્ય યુઝર્સ માટે બેઝિક ઈન્સ્ટાગ્રામ મફત રહેશે, પરંતુ આ એડવાન્સ ફીચર્સ માટે સબ્સ્ક્રિપ્શન લેવું અનિવાર્ય બનશે.

શું યુઝર્સ પૈસા આપશે?

સોશિયલ મીડિયા એક્સપર્ટ્સનું માનવું છે કે જે રીતે એક્સ (ટ્વિટર) અને ફેસબુકે બ્લુ ટીક માટે પૈસા લેવાનું શરૂ કર્યું છે, તે જોતા ઈન્સ્ટાગ્રામ પણ કમાણીનો નવો સ્ત્રોત શોધી રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે 'પાક્કા ગુજરાતીઓ' આ ફીચર માટે ખિસ્સું ખાલી કરે છે કે પછી મફતની જૂની રીતો પર જ અડી રહે છે!

**ઝડપાયા!** કાયદો અને વ્યવસ્થા ફેલ: સુરતમાં લુખ્ખાતત્વોનો ત્રાસ વધી રહ્યો છે

# સુરતમાં 'AAP'ની જનતા રેડ: બુટલેગરોએ બાળકોને બનાવ્યા 'કરિયાણાના વેપારી', દારૂની પોટલીઓ વેચતા ઝડપાયા!

### લીંબાયતમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા: પોલીસના નાક નીચે ધમધમતા અડ્ડા પર આમ આદમી પાર્ટીના કાર્યકરો ત્રાટક્યા; સત્તાપક્ષ સામે આકરા પ્રહાર

• સુરત | પાક્કો ગુજરાત ન્યૂઝ

સુરત શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે રાજકીય ગરમાવો હવે ગલીઓના ખુણે-ખુણે પહોંચી ગયો છે. શહેરના લીંબાયત વિસ્તારમાં આમ આદમી પાર્ટી (AAP) ના કાર્યકરોએ સોશિયલ મીડિયા લાઈવ સાથે એક દેશી દારૂના અડ્ડા પર 'જનતા રેડ' કરી પોલીસ અને પ્રશાસનની ઊંઘ હરામ કરી દીધી છે. આ રેડ દરમિયાન જે દ્રશ્યો સામે આવ્યા તે જોઈને સ્તબ્ધ થઈ જવાય તેમ છે: બુટલેગરોએ પોતાની કાળી કમાણી માટે નિર્દોષ બાળકોને દારૂની પોટલીઓ વેચવાના કામે લગાડી દીધા હતા.



સોશિયલ મીડિયા પર લાઈવ 'સર્જિકલ સ્ટ્રાઈક'

ગઈકાલે મોડી સાંજે લીંબાયતના એક ગીચ વિસ્તારમાં 'AAP' ના કાર્યકરો અચાનક ત્રાટક્યા હતા. આખી ઘટનાનું ફેસબુક અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. લાઈવ વીડિયોમાં જોઈ શકાય છે કે કઈ રીતે રહેણાંક મકાનોની વચ્ચે બેરોકટોક દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું હતું. જ્યારે કાર્યકરો અંદર પહોંચ્યા ત્યારે નાનાં બાળકો દારૂની પોટલીઓ ભરી રહ્યા હતા અને ગ્રાહકોને આપી રહ્યા હતા.

બાળકોના હાથમાં દૂધની બોટલને બદલે દારૂની પોટલી!

આ ઘટનાએ સમગ્ર સુરતમાં અરેરાટી ફેલાવી દીધી છે. 'AAP' કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે, 'બુટલેગરો એટલા બેફામ બન્યા છે કે તેમને હવે કાયદાનો કોઈ ડર રહ્યો નથી. બાળકોના ભવિષ્ય સાથે ચેડાં કરીને તેમને ગુનાખોરીના રસ્તે ધકેલવામાં આવી રહ્યા છે. શું આ છે ગુજરાતનું મોડેલ?'

સત્તાપક્ષ અને પોલીસ પર આકરા પ્રહાર

રેડ દરમિયાન 'AAP' ના સ્થાનિક નેતાઓએ સત્તાધારી પક્ષ (ભાજપ) પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે:

* હપ્તાખોરીનો ખેલ: પોલીસના આશીર્વાદ વગર આવા અડ્ડાઓ ચાલવા અશક્ય છે. સત્તાપક્ષના નેતાઓ અને પોલીસની મિલીભગતથી જ આ ઝેર વેચાઈ રહ્યું છે.

* ચૂંટણીનો ફંડ: ચૂંટણીઓ નજીક છે ત્યારે બુટલેગરો પાસેથી મોટું ફંડ ઉઘરાવવા માટે તેમને છૂટો દોર આપી દેવામાં આવ્યો છે.

* કાયદો અને વ્યવસ્થા ફેલ: સુરતમાં લુખ્ખાતત્વોનો ત્રાસ વધી રહ્યો છે અને સામાન્ય જનતા ભયના ઓથાર નીચે જીવી રહી છે.

ચૂંટણી પહેલા માહોલ ગરમાયો

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માથા પર છે ત્યારે આમ આદમી પાર્ટીએ આક્રમક તેવર અપનાવ્યા છે. આ 'જનતા રેડ' દ્વારા તેમણે સીધો જનતાના પ્રશ્નો અને સુરક્ષા પર સવાલ ઉઠાવ્યા છે. બીજી તરફ, આ ઘટના બાદ સ્થાનિક પોલીસ હરકતમાં આવી છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, પરંતુ જનતામાં એક જ ચર્ચા છે કે - શું આવી રેડ કરવા માટે હંમેશા વિપક્ષે જ આગળ આવવું પડશે? તંત્ર ક્યારે જાગશે?

ખાસ નોંધ: આ સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા લાઈવ ફૂટેજ અને પક્ષના આક્ષેપો પર આધારિત છે. 'પાક્કો ગુજરાત' શહેરની શાંતિ અને કાયદાનું પાલન કરવાની અપીલ કરે છે.

### જો મેનુમાં પનીર લખ્યું હશે અને પીરસવામાં 'એનાલોગ' આવશે તો જેલના સળિયા તૈયાર!

# પનીરના નામે 'એનાલોગ'નો ખેલ હવે નહીં ચાલે! હોટલ-રેસ્ટોરન્ટના મેનુમાં 'દૂધ કે તેલ'ની સ્પષ્ટતા ફરજિયાત

**ગ્રાહકો સાવધાન! પનીર ખાઓ છો કે સફેદ ઝેર?** ગ્રાહકો સાથે થતી છેતરપિંડી રોકવા ખોરાક અને ઔષધ નિયમન તંત્રનો કડક આદેશ; 'પાક્કો ગુજરાત'નો વિશેષ અહેવાલ

• પવન માકન (ગ્રુપ એડિટર)

નમસ્કાર ગુજરાત! હું પવન માકન. આજે વાત કરવી છે તમારા ફેમિલી ડિનર અને પનીરની એ લિજ્જતદાર સબ્જીની, જે કદાચ હવે તમારા સ્વાસ્થ્ય માટે ખતરો બની રહી છે. ગુજરાતની હોટલો અને રેસ્ટોરન્ટ્સમાં અત્યાર સુધી પનીરના નામે જે 'એનાલોગ' (વેજિટેબલ ફેટમાંથી બનેલું નકલી પનીર) પીરસવામાં આવતું હતું, તેના પર હવે રાજ્ય સરકારે સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) એ સ્પષ્ટ આદેશ આપ્યો છે કે હવે ગ્રાહકને અંધારામાં રાખનારા એકમો સામે ખેર નથી.

શુ છે સરકારનો નવો ફતવો?

રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તમામ હોટલો, રેસ્ટોરન્ટ્સ અને ખાણી-પીણીના એકમો માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે:

* મેનુ કાર્ડમાં સ્પષ્ટતા: જો કોઈ વાનગીમાં દૂધમાંથી બનેલા શુદ્ધ પનીરનો ઉપયોગ થયો હોય, તો જ તેને 'પનીર' લખી શકાશે.

* એનાલોગનું લેબલિંગ: જો પનીરને બદલે વનસ્પતિ તેલ (Vegetable Fat) માંથી બનેલા 'એનાલોગ' પનીરનો ઉપયોગ થયો હોય, તો મેનુ કાર્ડમાં અથવા ડિસ્પ્લે બોર્ડ પર ગ્રાહક વાંચી શકે તેવા મોટા અક્ષરે 'Analog Paneer' લખવું ફરજિયાત છે.

* ગ્રાહકનો અધિકાર: ગ્રાહકને જાણ હોવી જોઈએ કે તે જે પૈસા ચૂકવે છે તે શુદ્ધ પનીરના છે કે સસ્તા વનસ્પતિ ફેટના.

કેવી રીતે થાય છે છેતરપિંડી? (એનાલોગ પનીરનું ગણિત)

તમને જાણીને નવાઈ લાગશે કે શુદ્ધ પનીર અને એનાલોગ પનીર વચ્ચે આભ-જમીનનો તફાવત છે:

* કિંમતનો તફાવત: શુદ્ધ પનીર કિલોએ 400 થી 500 ના ભાવે મળે છે, જ્યારે આ નકલી કે એનાલોગ પનીર માત્ર 150 થી 200 માં તૈયાર થઈ જાય છે.

* કમાણીની લાલચ: હોટલ માલિકો વધુ નફો મેળવવા માટે સસ્તું એનાલોગ વાપરે છે પણ ગ્રાહક પાસેથી ભાવ તો શુદ્ધ પનીરના જ વસૂલે છે.

* સ્વાસ્થ્ય સાથે ચેડાં: એનાલોગ પનીરમાં કેમિકલ્સ અને હલકી ગુણવત્તાના પામ ઓઈલનો ઉપયોગ થાય છે, જે લાંબે ગાળે હૃદયરોગ અને પાચનની સમસ્યાઓ નોતરે છે.

'પાક્કો ગુજરાત'નું ગ્રાઉન્ડ રિપોર્ટિંગ: તંત્ર હવે એક્શન મોડમાં

અમારા પ્રતિનિધિઓએ જ્યારે શહેરની જાણીતી હોટલોની મુલાકાત લીધી ત્યારે જાણવા મળ્યું કે અનેક મોટા ગજાના એકમો પણ છાનાખૂણે આ એનાલોગ પનીરનો જથ્થો વાપરે છે. પણ હવે કાયદો કડક બન્યો છે. જો કોઈ હોટલ મેનુમાં સ્પષ્ટતા કર્યા વગર એનાલોગ પનીર વાપરતા પકડાશે, તો: * એકમનું લાયસન્સ રદ થઈ શકે છે. * ભારે દંડ અને કાયદેસરની જેલની સજાની જોગવાઈ છે.

અંતિમ વિશ્લેષણ: જાગૃત બનો, છેતરાશો નહીં!

'પાક્કો ગુજરાત' વતી હું તમામ વાંચકોને અપીલ કરું છું કે, જ્યારે પણ તમે બહાર જમવા જાઓ, ત્યારે મેનુ કાર્ડમાં આ સ્પષ્ટતા તપાસો. જો તમને શંકા લાગે, તો હોટલ સંચાલકને પનીરની શુદ્ધતા વિશે સવાલ પૂછતા અચકાશો નહીં. સરકારનું આ પગલું આવકારદાયક છે, પણ તેની સફળતા તમારા જાગૃત અભિગમ પર નિર્ભર છે.

હવે જોવાનું એ રહેશે કે, આ આદેશ બાદ કેટલી હોટલો સાચું બોલવાની હિંમત કરે છે અને કેટલાની સામે તંત્રના દંડા ચાલે છે!

જય જય ગરવી ગુજરાત!

# શ્રીમંત મહંત નારાયણ ગિરીજી મહારાજ સનાતન ધર્મની રક્ષાના સાચા પ્રહરી છે: જગદગુરુ સ્વામી ચક્રપાણી નંદ ગિરી મહારાજ

• નવી દિલ્હી | પાક્કો ગુજરાત ન્યૂઝ

અખિલ ભારત હિન્દુ મહાસભા/સંત મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને શ્રી પંચ દશનામ જૂના અખાડાના જગદગુરુ પરમ પૂજ્ય સ્વામી ચક્રપાણી નંદ ગિરીજી મહારાજે, મહંત નારાયણ ગિરીજી મહારાજના પાવન જન્મોત્સવ (અવતરણ દિવસ) નિમિત્તે તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.



ત્યાગ અને તપસ્યાનું પ્રતીક: મહંત નારાયણ ગિરીજી

પોતાના શુભ સંદેશમાં જગદગુરુએ જણાવ્યું હતું કે, શ્રીમંત મહંત નારાયણ ગિરીજી મહારાજનું જીવન ત્યાગ, તપસ્યા અને સનાતન ધર્મ પ્રત્યેની અતૂટ નિષ્ઠાનું પ્રેરણાદાયક ઉદાહરણ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે,

» 'જ્યારે શ્રી રામ જન્મભૂમિ આંદોલન દરમિયાન હું મુખ્ય પક્ષકાર તરીકે અલ્હાબાદ હાઈકોર્ટમાં સંઘર્ષ કરી રહ્યો હતો, ત્યારે પૂજ્ય મહારાજશ્રી હંમેશા અમારી સાથે અડીખમ ઊભા રહ્યા હતા. હિન્દુઓની વિજયયાત્રામાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે.'

»

ધર્મ અને રાષ્ટ્ર રક્ષામાં અગ્રેસર

જગદગુરુજીએ જણાવ્યું કે નારાયણ ગિરીજી મહારાજ જેવા સંતોના કારણે જ આજે સનાતન ધર્મ સુરક્ષિત અને મજબૂત છે. તેઓ હંમેશા રાષ્ટ્ર રક્ષા, ગૌરક્ષા અને સંતોના સંરક્ષણ માટે પોતાની પ્રભાવશાળી વાણીથી સમાજનું માર્ગદર્શન કરતા રહ્યા છે. ગાઝિયાબાદમાં દુર્ગેશ્વર મહાદેવ મઠના વિકાસની સાથે તેઓ સનાતન ધર્મના કાર્યો માટે સતત સક્રિય છે.

સરળ વ્યક્તિત્વ અને સંત પરંપરાનું ગૌરવ

સ્વામી ચક્રપાણીજીએ ટેલિફોનિક વાતચીત દ્વારા નારાયણ ગિરીજીને જન્મદિવસની વધામણી આપી તેમના દીર્ઘાયુ અને સ્વાસ્થ્ય માટે કામના કરી હતી. તેમણે કહ્યું કે:

* મહારાજશ્રી અત્યંત નિર્મળ હૃદય અને સરળ વ્યક્તિત્વ ધરાવે છે.

* તેઓ હંમેશા સંત સમાજ અને સામાન્ય જનતાના સુખ-દુઃખમાં સહભાગી બને છે.

* શ્રી પંચ દશનામ જૂના અખાડાના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા તરીકે તેઓ સંત સમાજનું ગૌરવ છે.

આ પ્રેસ વિજ્ઞપ્તિ હિન્દુ મહાસભાના રાષ્ટ્રીય પ્રવક્તા બ્રહ્મર્ષિ બી.કે. શર્મા 'હનુમાનજી' દ્વારા જાહેર કરવામાં આવી હતી.

# તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ત્રી પાંખીયા જંગ, કોંગ્રેસને સક્ષમ ઉમેદવાર નથી મળ્યો

### ઠાકોર સમાજના અમૂક ગામોમાં કોંગ્રેસ તરફથી કોઈ ઉમેદવાર લડવા તૈયાર નથી

જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપ કોંગ્રેસ અને આપ આદમી પાર્ટીનો ત્રી પાંખીયા જંગ જામવાનો છે ત્યારે તમામ પાર્ટીઓ એડી ચોટીનું જોર લગાવી રહી છે ત્યારે ત્રિ પાંખીયા જંગ જામવાનો છે ત્યારે ઉમેદવારોને લઈ ઉમેદવારી પસંદગી કરવા માટે મીટીંગો ના દોર ચાલુ થઈ ગયા છે ત્યારે દાંતા તાલુકામાં હજુ કોંગ્રેસ તરફથી ઠાકોર સમાજના લોકો લડવા માટે તૈયાર નથી ત્યારે ઉમેદવારો માટે ફાંફાં મારવાનો વારો આવ્યો છે ત્યારે દાંતા તાલુકાના ઠાકોર સમાજના બે પત્રકારો ઉપર દાંતા પોલીસ સ્ટેશનમાં ખોટી અરજીઓ કરીને રૂપિયા માગવાના આક્ષેપો કર્યા હતા ત્યારે દાંતા તાલુકાનો ઠાકોર સમાજના ઘણા લોકોને નારાજગી વ્યક્ત કરી હતી ત્યારે હાલમાં તો ઠાકોર સમાજની નારાજીને લઈને દાંતા તાલુકામાં કોંગ્રેસને હજુ પણ સક્ષમ ઉમેદવાર મળ્યો નથી અને ઉમેદવાર માટે કોંગ્રેસના કાર્યકર્તાઓ દોડમાં દોડ કરી રહ્યા છે ત્યારે ઠાકોર સમાજના



બે પત્રકારો ઉપર દાંતા ના પૂર્વ પ્રમુખ દ્વારા તેમના સંબંધીઓ સાથે મળીને દાંતા પોલીસ સ્ટેશનમાં રૂપિયા માગવાને લઈ ખોટી અરજીઓ કરાવીને બદનામ કરવાનું કામ કર્યું હતું તેમાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખે આગેવાની કરીને પોલીસ સ્ટેશન જઈને ખોટાં બદનામ કરવાનું કાવતરું ઘડ્યું હતું ત્યારે હાલમાં તો ઠાકોર સમાજ દાંતા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઠાકોર સમાજ આનો જવાબ આપી સૌથી મોટી હાર અપાવશે તેમાં કોઈ નવાઈ નથી ત્યારે કોંગ્રેસના કાર્યકર્તાઓ સક્ષમ ઉમેદવારને લઈને હાલમાં તો ફાંફાં મારવાનો વારો આવ્યો છે .

## આદિ ફાઉન્ડેશન દ્વારા પક્ષીઓ માટે ૧,૦૦૦થી વધુ જળકુંડાનું વિતરણ



અમદાવાદ: કાળઝાળ ગરમીમાં મૂંગા પક્ષીઓને રાહત આપવા માટે આદિ ફાઉન્ડેશન દ્વારા શાહીબાગના ઘેબર સર્કલ સ્થિત રાધા કૃષ્ણ મંદિર ખાતે જળસેવા અભિયાન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રીના હસ્તે નાગરિકોને પક્ષીઓ માટે ૧,૦૦૦થી વધુ માટીના કુંડા (પરિંદા) વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તેમણે ફાઉન્ડેશનની સંવેદનશીલતાને બિરદાવતા અન્ય નાગરિકોને પણ આ સેવાકાર્યમાં જોડાવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં હાર્દિક સંઘવી, અલ્પેશ શાહ, ચિરાગભાઈ, રવિ ચૌહાણ સહિત અનેક અગ્રણીઓ અને સ્વયંસેવકો હાજર રહ્યા હતા. આદિ ફાઉન્ડેશને શહેરના તમામ રહેવાસીઓને પોતાની અગાશી કે બાલ્કનીમાં પક્ષીઓ માટે પાણી ભરી કુંડા રાખવા ભાવભરી વિનંતી કરી છે.

### ઓલપાડ કાંઠાના દાંડી ગામે હનુમાન જયંતિ દિને જિંગા કિંગ પ્રદિપભાઈ નાવિક ઉપર ગામના બે ઈસમોનો હુમલો

# 'જો હવે પછી સ્મશાન ટ્રસ્ટના વિકાસની વાતો કરી છે, તો તારા ટાંટિયા તોડી જાનથી મારી નાંખીશું'

• ઓલપાડ,તા.૦૫

ઓલપાડ તાલુકાના દરિયાઈ કાંઠા વિસ્તારના દાંડી ગામે હનુમાન જયંતિના પવિત્ર દિવસે સ્મશાન ટ્રસ્ટના વિકાસ બાબતે ચાલી રહેલી ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.સુરત જિલ્લા માં ઝીંગા કિંગની હરોળમાં આવતા ગામના વૃદ્ધ પ્રદિપભાઈ નાવિક હનુમાન જયંતિના દિને જયારે આ ટ્રસ્ટના વિકાસ મામલે જાહેરમાં માઈક ઉપર ભાષણ કરી રહ્યા હતાં,ત્યારે ગામના બે ટપોરી ઈસમોને આ વાત ન ગમતા ઉશ્કેરાયેલા બંન્ને શખ્સોએ જાહેરમાં તેમની સાથે ગાળાગાળી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે. મુળ ઓલપાડ તાલુકાના દાંડી ગામ ના વતની અને હાલમાં સુરત શહેરના અડાજણ પાટીયા પાસે રાંદેર રોડના ધનમોરા કોમ્પ્લેક્ષ પાસેની સુગમ સોસાયટીનાં મ.નં.૧૧ માં પ્રદિપભાઈ રતિલાલ નાવિક (ઉ.વ.૬૪)રહી વિદેશમાં ઝિંગા એક્ષપોર્ટનો વેપાર કરે છે.ગત તા.૦૨ ના રોજ હનુમાન જયંતિનો પવિત્ર તહેવાર હોવાથી પ્રદિપભાઈ વતનના દાંડી ગામે બાપલા ફળીયામાં આવેલ હનુમાનજી મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. પ્રદિપભાઈ મંદિરે પહોંચે તે પહેલા ગામના અખિલેશ ખલાસીએ તેમને મોબાઈલ ઉપર ફોન કર્યો હતો કે, આપણા ગામના સ્મશાન ટ્રસ્ટના વિકાસની કાર્યવાહી માટે ચેરિટી કમિશનરે ગામના સરપંચનો દાખલો અને ગ્રામસભાના ઠરાવ માંગ્યો હોવાથી બંન્ને નકલની જરૂર છે. જેથી પ્રદિપભાઈએ ગામના સરપંચ પરેશભાઈને ફોન કરતા તેણે કહ્યું હતુ કે,આપણે હનુમાન મંદિરે ભેગા થઈએ અને આ બાબતે ચર્ચા કરીશું.પરંતુ ત્યાં સરપંચ હાજર રહ્યા ન હતાં.જો કે હનુમાન જયંતિ પ્રસંગે પ્રદિપભાઈ એ જાહેરમાં માઈક ઉપર સ્મશાનના વિકાસ લક્ષી કાર્યો વિશે બોલવાનું શરૂ કર્યું હતું.ત્યારે ત્યાં હાજર ગામના ઢોલા ફળીયામાં રહેતો રોહન ઉત્તમ ખલાસી ત્યાં ધસી આવ્યો હતો અને 'ગામમાં વિકાસના કામો નહીં થવા દઉં'તેમ કહી પ્રદિપભાઈ ઉપર હુમલો કરી ગંદી નાલાયક ગાળો બોલી ઝપાઝપી કરી હતી.આ સમયે ગામનો બીજો શખ્સ દર્શન ભરત ખલાસીએ પ્રદિપભાઈના હાથમાંથી માઈક ઝૂંટવી લીધું હતું અને તેમનો કોલર પકડી ઝપાઝપી કરી ઢીક્કા-મુક્કીનો માર મારી ભાગી જતી વખતે ધમકી આપી હતી કે,'જો હવે પછી સ્મશાન ટ્રસ્ટની વાત કરી છે,તો તારા ટાંટિયા ભાંગી નાખીશું અને જાનથી મારી નાખીશું.' આ બબાલ બાદ ગામના અગ્રણીઓ વચ્ચે પડી બંન્ને જૂથ સાથે સમાધાનના પ્રયાસો હાથ ધરાયા હતા, પરંતુ કોઈ નિવેડો ન આવતા અંતે પ્રદિપભાઈએ હુમલો કરનાર બંન્ને શખ્સો વિરૂદ્ધ ગત શનિવાર,તા.૦૪ ના રોજ ઓલપાડ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. ગૌતમ રામજી કરી રહ્યા છે.


## તંત્રીની કલમે

# જ્યારે ભારતીય સેનાએ મધરાતે સમુદ્ર વચ્ચે 'હોલીવૂડ' સ્ટાઈલનું મિશન પાર પાડ્યું!

ભારતીય સેનાની શૌર્યગાથાની જ્યારે પણ વાત નીકળે ત્યારે સર્જિકલ સ્ટ્રાઈક કે બાલાકોટના નામ તરત જીભ પર આવે છે. પરંતુ ઈતિહાસના પાનાઓમાં એક એવી 'સર્જિકલ સ્ટ્રાઈક' દટાયેલી છે, જેણે ભારતને દક્ષિણ એશિયાના 'નેટ સિક્યુરિટી પ્રોવાઈડર' તરીકે સ્થાપિત કરી દીધું હતું. વાત છે *'ઓપરેશન કેક્ટસ'*ની, જે કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટ જેવું જ રોમાંચક હતું.

સંકટમાં પડોશી અને ભારતનો હુંકાર

નવેમ્બર ૧૯૮૮ની એ રાત જ્યારે માલદીવ્સના તત્કાલીન રાષ્ટ્રપતિ અબ્દુલ ગયૂમ પર આતંકીઓએ હુમલો કર્યો. લંકાના ઉગ્રવાદી સંગઠન PLOTE ના સશસ્ત્ર બળવાખોરોએ



માલદીવ્સની રાજધાની માલેને બાનમાં લીધું હતું. રાષ્ટ્રપતિ પાસે મદદ માટે માત્ર ગણતરીના કલાકો હતા. તેમણે દુનિયાના અનેક દેશો પાસે મદદ માંગી, પણ અંતે નજર ભારત પર ઠરી.

મિશનઃ ઓપરેશન કેક્ટસ

તત્કાલીન ભારતીય સરકારે પળવારનો પણ વિલંબ કર્યા વગર સેનાને આદેશ આપ્યો. આગ્રાથી પેરાશૂટ રેજિમેન્ટના જવાનો રવાના થયા. નકશા વગર, અજાણ્યા ટાપુ પર અને મધરાતે સમુદ્રની વચ્ચે ઉતરવું એ કોઈ આત્મઘાતી મિશનથી ઓછું નહોતું. પરંતુ ભારતીય જાબાંઝોએ હોલીવૂડની ફિલ્મોને પણ પાછળ છોડી દે તેવી ચોકસાઈ સાથે ઓપરેશન પાર પાડ્યું. * ઝડપઃ ઓર્ડર મળ્યાના માત્ર ૯ થી ૧૦ કલાકમાં ભારતીય સેના માલે પહોંચી ગઈ હતી. * સચોટતાઃ એક પણ ભારતીય જવાન ગુમાવ્યા વગર, આતંકીઓને ધૂળ ચટાડી દેવામાં આવી. * પરિણામઃ રાષ્ટ્રપતિ ગયૂમને સુરક્ષિત બચાવી લેવાયા અને લોકશાહીની પુનઃસ્થાપના થઈ.

શા માટે આ મિશન 'ખાસ' હતું? આ માત્ર એક સૈન્ય કાર્યવાહી નહોતી, પણ ભારતની વૈશ્વિક તાકાતનું પ્રદર્શન હતું. દુનિયા આશ્ચર્યચકિત હતી કે કોઈ દેશ આટલી ઝડપથી દરિયાપાર જઈને આટલું મોટું ઓપરેશન કેવી રીતે સફળ બનાવી શકે! અમેરિકાના ટાઈમ મેગેઝીને પણ ત્યારે ભારતના આ પરાક્રમને સલામ કરી હતી. 'પાક્કો ગુજરાત' ના માધ્યમથી આજે આ કિસ્સો યાદ કરવાનો હેતુ માત્ર એટલો જ છે કે આપણે જાણીએ કે આપણી સેનાની તાકાત દાયકાઓથી અજેય રહી છે. આજે જ્યારે આપણે આધુનિક સર્જિકલ સ્ટ્રાઈકની વાત કરીએ છીએ, ત્યારે આપણા આ ભવ્ય ભૂતકાળને પણ ગર્વથી યાદ કરવો જોઈએ.

**પવન માકન**

---

## લોકદરબાર

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને અનૂલક્ષીને

# પંચમહાલ જીલ્લા પોલીસવડા ડો.હરેશ દુધાતથી ઉપસ્થિતિમા શહેરા પોલીસ મથક ખાતે 'લોકદરબાર'નું આયોજન કરાયું

### શહેરા પોલીસ સ્ટાફ દ્વારા તમામ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું

• શહેરા,

પંચમહાલ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ (તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકા) શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે હેતુથી શહેરા પોલીસ સ્ટેશન ખાતે એક ભવ્ય લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ પ્રશાસન અને સ્થાનિક નાગરિકો વચ્ચે સીધો સંવાદ યોજાયો હતો.આ લોકદરબારમાં જિલ્લા પોલીસ વડા (SP) હરેશ દુધાત, નાયબ જિલ્લા પોલીસ વડા (DYSP) બ્રિન્દાબેન જાડેજા અને શહેરા પી.આઈ. હસમુખ સીસારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શહેરા પોલીસ સ્ટાફ દ્વારા તમામ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન લોકોની સુરક્ષા માટે બે મુખ્ય વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો. SP હરેશ દુધાત અને DYSP બ્રિન્દા જાડે જાએ અકસ્માતોમાં થતા મૃત્યુ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે મોંઘા મોબાઈલ પાછળ ખર્ચ કરતા લોકોએ પોતાના જીવની સુરક્ષા માટે હેલ્મેટ પહેરવું જોઈએ. ખાસ કરીને હાઈવે પર હેલ્મેટ અનિવાર્ય છે.વધુમા ટેકનોલોજીના જમાનામાં વધતા સાયબર ફ્રોડથી બચવા અજાણી લિંક કે APK ફાઈલ ડાઉનલોડ ન કરવા સૂચના આપી હતી. ફ્રોડ થાય




તો ત્વરિત 1930 નંબર પર જાણ કરવા જણાવાયું હતું.પોલીસ અધિકારીઓએ ઈમરજન્સી સેવા 1 1 2 નો સદુપયોગ કરવા અને ખોટા ફોન ન કરવા નાગરિકોને અપીલ કરી હતી. પી.આઈ. હસમુખ સીસારાએ જણાવ્યું હતું કે, 'સેવા, સુરક્ષા અને સલામતી' એ પોલીસની પ્રાથમિકતા છે અને ડીજે (DJ) જેવા સાધનોના ઉપયોગમાં પણ જાગૃત રહેવાની જરૂર છે. આ લોકદરબારમાં શહેરા નગરના અગ્રણીઓ, ગ્રામીણ વિસ્તારના સરપંચો, યુ વાનો અને સિનિયર સિટીઝનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પી.આઈ. હસમૂખ સીસારાએ હાજર રહેલા તમામ ના ગ રિકોનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

ચૂં ટણી સમયે શાંતિ અને એકતાનો સં દે શ જિલ્લા પોલીસ વડાએ ચૂંટણીને લો ક શાહી ની પ્રક્રિયા ગણાવતા જણાવ્યું હતું કે, હાર-જીત એ સિક્કાની બે બાજુ છે. વિજેતા ઉમેદવારોએ હારેલા પ્રતિસ્પર્ધીની ગરિમા જાળવવી જોઈએ અને ઉત્સવોમાં મર્યાદા રાખવી જોઈએ જેથી સામાજિક એકતા ખં ડિત ન થાય.રોડ સેફટી અને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ.

કાર્યક્રમ દરમિયાન લોકોની સુરક્ષા માટે બે મુખ્ય વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો. SP હરેશ દુધાત અને DYSP બ્રિન્દા જાડે જા એ અકસ્માતોમાં થતા મૃત્યુ અંગે ચિં તા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે મોંઘા મોબાઈલ પાછળ ખર્ચ કરતા લોકોએ પોતાના જીવની સુરક્ષા માટે હેલ્મેટ પહેરવું જોઈએ. ખાસ કરીને હાઈવે પર હેલ્મેટ અનિવાર્ય છે.વધુમા ટેકનોલોજીના જમાનામાં વધતા સાયબર ફ્રોડથી બચવા અજાણી લિંક કે APK ફાઈલ ડાઉનલોડ ન કરવા સૂચના આપી હતી. ફ્રોડ થાય તો ત્વરિત 1930 નંબર પર જાણ કરવા જણાવાયું હતું.પોલીસ અધિકારીઓએ ઈમરજન્સી સેવા 1 1 2 નો સદુપયોગ કરવા અને ખોટા ફોન ન કરવા નાગરિકોને અપીલ કરી હતી. પી.આઈ. હસમુખ સીસારાએ જણા વ્યું હતું કે, 'સેવા, સુરક્ષા અને સલામતી' એ પોલીસની પ્રાથમિકતા છે અને ડીજે (DJ) જેવા સાધનોના ઉપયોગમાં પણ જાગૃત રહેવાની જરૂર છે. આ લોકદરબારમાં શહેરા નગરના અગ્રણીઓ, ગ્રામીણ વિસ્તારના સરપંચો, યુ વાનો અને સિનિયર સિટીઝનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પી.આઈ. હસમૂખ સીસારાએ હાજર રહેલા તમામ ના ગ રિકોનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

---

# પાકિસ્તાનની ગેંગનો વોન્ટેડ આરોપી ઝડપાયો

### ISIનું કામ કરતી ગેગમાં રહી ભારતમાં પોલીસ સ્ટેશન-સુરક્ષા એજન્સીના એકમો પર વિસ્ફોટ કરાવતો

• અમદાવાદ

ગુજરાત ATS અને બનાસકાંઠા SOGએ સંયુક્ત ઓપરેશન કરીને પાકિસ્તાની ગેંગસ્ટર શહેઝાદ ભટ્ટી ગેંગના સભ્ય અને ભારતના પંજાબ રાજ્યના ગ્રેનેટ કેસમાં વોન્ટેડ બિક્રમજીતસિંઘની ડીસામાંથી ધરપકડ કરી છે.આરોપી ગ્રેનેટની સપ્લાય અને સુરક્ષા એજન્સીઓના એકમો ઉપર ગ્રેનેટ મારફતે વિસ્ફોટ કરાવવાનું કામ કરાવતો હતો.હાલ આરોપી કેટલાક સમયથી ડીસા ખાતે એક ઢાબામાં છૂટક મજૂરી કામ કરી રહ્યો હતો. આરોપીની ધરપકડ કરી ATSએ વધુ તપાસ હાથ ધરી છે.ડીસાના ઢાબામાંથી વોન્ટેડ આરોપી બિક્રમજીતસિંહની



ધરપકડ

પંજાબ પોલીસે ગુજરાત ATSને વોન્ટેડ આરોપીની માહિતી શેર કરી હતી.જેના પર કામ કરીને તપાસ કરતા વોન્ટેડ આરોપી બિક્રમજીતસિંહ છે જે હાલ ડીસા ખાતે એક ઢાબામાં છૂટક મજૂરી કામ કરતો હોવાની માહિતી મળી હતી. ATSએ અલગ અલગ ટીમ બનાવી બનાસકાંઠા SOGની મદદથી ડીસાના એક ઢાબામાંથી બિક્રમજીતસિંઘની ધરપકડ કરી હતી.

સુરક્ષા એજન્સીના એકમો પર વિસ્ફોટ કરાવતો આરોપીની પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપી શહેઝાદ ભટ્ટીની સાથે મળીને ગ્રેનેટ સપ્લાય અને સુરક્ષા એજન્સીના એકમો ઉપર ગ્રેનેટ મારફતે વિસ્ફોટ કરવાનું કામ કરાવતો હતો. આરોપી પંજાબથી દૂર રહી શહેઝાદ ભટ્ટી માટે પંજાબના સ્થાનિક માણસોને ગેંગમાં જોડતો અને ભટ્ટીની સૂચના મુજબ પોલીસ સ્ટેશન અને અન્ય સુરક્ષા એજન્સીના એકમો ઉપર હુમલો કરાવવાના કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવતો હતો.

ISI માટે કામ કરતો પાકિસ્તાની ગેંગસ્ટર આરોપી પાકિસ્તાની ઈન્ટેલિજન્સ એજન્સી ISI માટે કામ કરતો પાકિસ્તાની ગેંગસ્ટર છે. જે ભારતના પંજાબ રાજ્યમાં ISI માટે આતંકવાદી પ્રવૃત્તિને અંજામ આપે છે,તેમજ સુરક્ષા એજન્સી અને પોલીસ સ્ટેશન ખાતે ખ્યાતનામ વ્યક્તિ ઉપર ગ્રેનેટ મારફતે હુમલો કરાવી રહ્યો છે.જે અંગે સ્પેશિયલ ઓપરેશન થતા અમૃતસર ખાતે ગુનો પણ નોંધવામાં આવ્યો છે. અગાઉના ગુનામાં કેટલાક આરોપીની ધરપકડ પણ કરવામાં આવી છે.ત્યારે હવે આ ગુનામાં વોન્ટેડ બિક્રમજીતસિંઘની ધરપકડ કરીને પંજાબ પોલીસને આપવામાં આવશે.

---

# એરપોર્ટ પરથી મુસાફર પાસેથી ફરી હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો

### વિદેશથી હવાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાના આ પ્રયાસને કસ્ટમ્સ વિભાગે સતર્કતાથી નિષ્ફળ બનાવ્યો છે

• અમદાવાદ

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગને ડ્રગ્સની હેરાફેરી પકડી પાડવામાં આવી છે. ચોરી એપ્રિલ 2026ના રોજ કસ્ટમ્સ અધિકારીઓએ બેંગકોકથી આવેલી ફ્લાઈટના એક મુસાફરને આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચી કિંમત ધરાવતા હાઈડ્રોપોનિક ગાંજાના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. વિદેશથી હવાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાના આ પ્રયાસને કસ્ટમ્સ વિભાગે સતર્કતાથી નિષ્ફળ બનાવ્યો છે.

1 કિલોગ્રામથી વધુ હાઈડ્રોપોનિક ગાંજો મળ્યો મળતી માહિતી અનુસાર, ચોથી એપ્રિલની રાત્રે બેંગકોકના ડોન મુઆંગ એરપોર્ટથી અમદાવાદ આવેલી વિયેટજેટ એરલાઈન્સની ફ્લાઈટમાંથી એક શખસ ઉતર્યો હતો. એરપોર્ટ પર હેન્ડ બેગેજ સ્ક્રિનિંગની પ્રક્રિયા દરમિયાન કસ્ટમ્સ અધિકારીઓને શંકા જતાં આ ભારતીય મુસાફરના સામાનની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેની બેગમાંથી વેક્યૂમ સીલ કરેલા પ્લાસ્ટિકના ચાર પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટમાં રહેલા લીલા રંગના પદાર્થનું પરીક્ષણ કરતા તે 1.107 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો હોવાની જાણિતી થઈ હતી. બેંગકોકથી હેન્ડ બેગમાં આ પ્રતિબંધિત ડ્રગ્સનો જથ્થો છુપાવીને લાવનાર આ ભારતીય નાગરિક સામે કસ્ટમ્સ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. અધિકારીઓએ 1.107 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજાનો સંપૂર્ણ જથ્થો જપ્ત કરી લીધો છે અને પકડાયેલા મુસાફર સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરી છે. આ હાઈ-પ્રોફાઈલ ડ્રગ્સ કોને સપ્લાય કરવાનું હતું અને તેની પાછળ કઈ સિન્ડિકેટ કામ કરી રહી છે તે દિશામાં હાલ વધુ તપાસ ચાલી રહી છે.

અગાઉ 2 કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો હતો ઉલ્લેખનીય છે કે, અગઉ પણ અમદાવાદ એરપોર્ટ પરથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અને એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ સંયુક્ત કાર્યવાહી કરીને બેંગકોકથી અમદાવાદ આવેલા બે શખસો પાસેથી બે કરોડો રૂપિયાથી વધુની કિંમતનો નશીલો પદાર્થ જપ્ત કર્યો છે.

---

## રાશીફળ (તા.06-04-2026)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ આનંદદાયક તથા સફળતા આપનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની વાતચીત ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય હાંસલ કરવામાં ભાઈઓનો પણ પૂરતો સહકાર મળશે.

**વૃષભ (બ.વ.ઉ)** વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં ફેરફાર કરવાનું જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમની નજરિયેથી જોવું વધુ યોગ્ય રહેશે.

**મિથુન (ક.છ.ઘ)** મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવન સંબંધિત કેટલીક બદલાવ આવી શકે છે.

**કર્ક (ડ.હ)** કર્ક રાશિના જાતકોને આજે વ્યવસાયમાં લાભ મેળવવાની તક મળશે. પૈસાથી સંબંધિત બાબતોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે.

**સિંહ (મ.ટ)** સિંહ રાશિના લોકોને આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે મતભેદ થઈ શકે છે. અગાઉની કેટલીક ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં કેટલાક ફેરફાર લાવશો.

**કન્યા (પ.ઠ.ણ)** કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સારા કાર્ય લઈને આવશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. પરિવારના સભ્યોમાં પ્રેમ અને તાળમેલ રહેશે.

**તુલા (ર.ત)** તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમારા અટકેલા પૈસા પાછા મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત ખુશખબર મળી શકે છે.

**વૃશ્ચિક (ન.ય.)** વૃશ્ચિક રાશિના લોકો માટે આજનો દિવસ પરેશાનીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત માટે વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કઠોર વાતને ગલત સમજી શકે છે.

**મકર (ખ.જ)** આજનો દિવસ તમારા માટે સારો રહેશે. જીવનસાથી સાથે બહાર ફરવા જઈ શકો છો અને બંને સાથે સમય આનંદમાં પસાર થશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજના દિવસે તમે કોઈ પણ પ્રકારની મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.

**મીન (દ.ચ.ઝ.થ)** મીન રાશિના લોકો માટે આજનો દિવસ આનંદદાયક રહેશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં પાર્ટનર સાથે સમજણ અને નજીકીઓ વધી શકે છે.

---

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મેનિફેસ્ટોને કોંગ્રેસનું કમિટમેન્ટ નામ આપવામાં આવ્યું

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ જનતાનો વિશ્વાસ જીતીને ફરી બેઠી થવા માટેના પ્રયાસ કરી રહી છે

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ જનતાનો વિશ્વાસ જીતીને ફરી બેઠી થવા માટેના પ્રયાસ કરી રહી છે. જે માટે મતદારોને વધુ આકર્ષવા જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો જાહેર કરવાની જાહેરાત પ્રદેશ પ્રમુખ દ્વારા કરવામાં આવી હતી. જે બાદ હવે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 15 મહાનગરપાલિકામાં મેનિફેસ્ટો જાહેર કરવાની છે. આગામી 6 અને 7 તારીખે પ્રેસ કોન્ફરન્સ કરીને મેનિફેસ્ટો જાહેર કરવાની પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ તમામ મહાનગરપાલિકાના પ્રમુખોને સૂચના આપી છે. માત્ર એટલું જ નહીં મેનિફેસ્ટો જાહેર કરતા સમયે વિપક્ષ નેતા, ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય, સાંસદોને પણ હાજર રાખવા માટે સૂચના અપાઈ છે.

કોંગ્રેસ 6-7 એપ્રિલે પ્રેસ કોન્ફરન્સ કરીને મેનિફેસ્ટો જાહેર કરશે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એ માત્ર ચૂંટણી નથી, પરંતુ સ્થાનિક સ્તર પર બેઠું થવાનો એક ચાન્સ છે. તેમજ 2027ની વિધાનસભા ચૂંટણી માટે પક્ષને મજબૂત કરવાનો મોકો પણ છે. કારણ કે છેલ્લા ઘણા સમયથી રાજ્યમાં ભાજપનું શાસન છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં પણ ભાજપનું શાસન છે. ત્યારે પ્રજાનો વિશ્વાસ જીતીને તમામ બેઠક પર




મજબૂતાઈથી ચૂંટણી લડવા માટે કોંગ્રેસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. તેમજ જનતાનો વિશ્વાસ જીતવા માટે જનતાના મુદ્દાઓ પર કોંગ્રેસ ચૂંટણી લડવાની છે.

મેનિફેસ્ટો માટે નેતાઓ ઘર-ઘર સુધી ગયા હતા મેનિફેસ્ટો માટે કોંગ્રેસના નેતાઓ વોર્ડ, તાલુકા અને જિલ્લાઓમાં મતદારોના ઘર ઘર સુધી ગયા હતા. મતદારોના શું પ્રશ્નો છે તેને લઈને સૂચનો માંગવામાં આવ્યા હતા. જનતાની શું સમસ્યા છે હજુ પણ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેને ધ્યાનમાં રાખીને તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસનું કમિટમેન્ટ તૈયારચૂંટણી માટે બનાવેલી મેનિફેસ્ટોની ટીમ દ્વારા કોંગ્રેસનું કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. જે સૌથી પહેલા 15 મહાનગરપાલિકામાં જાહેર કરવામાં આવશે. જેના માટે 15 મહાનગરપાલિકામાં પ્રેસ કોન્ફરન્સ કરી કોંગ્રેસનું કમિટમેન્ટ જાહેર કરવાની સૂચના આપવામાં આવી છે. કોંગ્રેસ ચૂંટણી જીત્યા બાદ ક્યાં ક્યાં કમિટમેન્ટ પૂરા કરશે તેની જાહેરાત કરવામાં આવશે. જો કે તે બાદ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં જાહેરાત કરવામાં આવશે.

---

# મણિનગરમાં રહેતા યુવકને ડેટિંગ એપ પર યુવતી સાથે મિત્રતા કરવી પડી ભારે, 56 લાખથી વધુ ગુમાવ્યા

• અમદાવાદ

અમદાવાદમાં ઓનલાઈન ડેટિંગ એપ દ્વારા છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મણિનગરમાં રહેતા અને એક ફાર્મા કંપનીમાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતા 40 વર્ષીય યુવકે ડેટિંગ એપ પર થયેલી મિત્રતાની કિંમત લાખો રૂપિયા ગુમાવીને ચૂકવવી પડી છે. કરન્સી ટ્રેડિંગમાં મોટા નફાની લાલચમાં આવીને આ યુવાને કુલ 56.35 લાખ રૂપિયા ગુમાવ્યા છે. આ અંગે ભોગ બનનાર યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વિશ્વાસનો ફાયદો ઉઠાવીને યુવતીએ યુવક પાસે રોકાણ કરાવ્યું

મળતી માહિતી અનુસાર, આ છેતરપિંડીની શરૂઆત ટિન્ડર નામની ડેટિંગ એપ્લિકેશનથી થઈ હતી, જેનો ઉપયોગ યુવક છેલ્લા પાંચેક વર્ષથી કરતો હતો. આ પ્લેટફોર્મ પર તેનો કોન્ટેક્ટ આરોહી ગુપ્તા નામની યુવતી સાથે થયો હતો. શરૂઆતની સામાન્ય વાતચીત બાદ આ યુવતીએ યુવકને કરન્સી ટ્રેડિંગમાં રોકાણ કરીને મોટો નફો કમાવવાની સ્કીમ સમજાવી હતી. યુવતીની મીઠી વાતોમાં ભોળવાઈ જઈને યુવકે એક અજાણી એપ્લિકેશન પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી હતી અને પોતાના અંગત દસ્તાવેજો આપીને તેમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું. શરૂઆતમાં યુવકે 40 હજાર રૂપિયા જમા કરાવ્યા હતા, જેની સામે એપમાં 43 હજારથી વધુનું બેલેન્સ અને નફો દેખાડવામાં આવતા તેને યુવતી અને તે એપ્લિકેશન પર પૂરેપૂરો વિશ્વાસ બેસી ગયો હતો.

1.24 કરોડ રૂપિયાનો નફો બતાવ્યો શરૂઆતમાં વિશ્વાસનો ફાયદો ઉઠાવીને યુવતીએ યુવક પાસે વધુ રોકાણ કરાવ્યું હતું. નફાની લાલચમાં આવીને ફરિયાદીએ કટકે-કટકે કુલ રૂપિયા 35.40 લાખ જેટલી મોટી રકમ તે એપ્લિકેશનમાં જમા કરાવી દીધી હતી, જેની સામે તેને 1.24 કરોડ રૂપિયાનો નફો દર્શાવવામાં આવતો હતો. જો કે, જ્યારે યુવકે આ નફા સહિતની રકમ ઉપાડવા માટે પ્રયત્ન કર્યો, ત્યારે ગઠિયાઓએ ટેક્સ અને અન્ય ચાર્જીસના વિવિધ બહાના બતાવીને વધુ પૈસાની માંગણી કરી હતી. પોતાના જ નાણાં પરત મેળવવાની મથામણમાં યુવકે વધારાના 17 લાખ અને 3.95 લાખ એમ અલગ-અલગ રકમ પણ જમા કરાવી દીધી હતી. આમ, કુલ 56.35 લાખ ચૂકવ્યા બાદ પણ એક રૂપિયો પરત ન મળતા, આખરે તેને પોતાની સાથે છેતરપિંડી થયાની જાણ થઈ હતી.

# માત્ર 10 રૂપિયાની માંગણી ન સ્વીકારતા ગળું દબાવીને કરપીણ હત્યા કરાઈ

## તિલકવાડા તાલુકાના ભાદરવા ગામની ઘટના માં આરોપી જેલના સળિયા પાછળ ધકેલાયો

• રાજપીપલા, તા 5

માત્ર 10 રૂપિયાની માંગણી ન સ્વીકારતા ગળું દબાવીને કરપીણ હત્યા કરવાની ઘટના તિલકવાડા પોલીસ મથકે નોંધાઈ છે. જેમાં તિલકવાડા તાલુકાના ભાદરવા ગામની ઘટનામાં આરોપી ની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દેવાયો છે.આજની કારમી મોંઘવારીની અંદર દસ રૂપિયામાં લઈને નીકળો તો બજારમાંથી કઈ ના મળે શાકભાજી પણ ના આવે કે તેલ ચોખા પણ ના મળે અને પેટ ભરવા માટે જો કંઈક લેવું હોય તો પણ 10 રૂપિયામાં ના મળે ,આજના જમાના માં 10 રૂપિયા ની કોઈ ખાસ કિંમત આજના જમાનામાં રહી નથી ત્યારે માત્ર 10 રૂપિયા જેટલી નજીવી



કિંમત ન આપતા એક યુવાને હત્યા કરી નાખી હતી અને તે પણ એવા વ્યક્તિની હત્યા કરી છે કે જે પેરાલીસીસ હતા. સંજય શર્મા,ડીવાયએસપી ના જણાવ્યા અનુસાર નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે રહેતા 41 વર્ષીય રાજેશ ધનજીભાઈ તડવી જેવો ભાદરવા ગામના સ્ટેન્ડ નજીક દુકાનેથી સામાન લઈ ઘર તરફ જતા હતા જે દરમિયાન આરોપી ધર્મેન્દ્ર ગણપતભાઈ તડવી ત્યાં આવ્યો અને તેણે રાજેશ તડવી પાસે10 રૂપિયા માંગ્યા પરંતુ રાજેશ તડવીએ રૂપિયાના આપ્યા. જેથી ગુસ્સે થયેલા ધર્મેન્દ્ર તડવી એ રાજેશ તડવીને આર.સી. સી રોડ પર પાડી છાતી ના ભાગે અને ગળા ભાગે લાતો મારી ગળા ઉપર પગ મૂકી ગળું દબાવીને રાજેશ તડવી મોતને ઘાટ ઉતાર્યા હોવાની ઘટના બની છે અ ઘટના બનતા મૃતકના પરિવારમાં શોકનો માહોલ છવાયો છે આ ઘટનાની જાણ થતા જ તિલકવાડાપીઆઈ સોલંકી તથા તેમની ટીમ ભાદરવા ગામે ઘટના સ્થળ પર દોડી આવી તપાસ શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં જ આરોપીને જેલ ભેગો કર્યો હતો.

# CCE પરીક્ષા ઓફલાઈન લેવાની માંગ સાથે પંચમહાલના પરીક્ષાર્થી ઉમેદવારોનુ કલેક્ટરને આવેદન

ગોધરા,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનાર CCE (Combined Competitive Exam) ની પદ્ધતિને લઈને વિવાદની સ્થિતિ સર્જાઈ છે. પંચમહાલ જિલ્લાના યુવાનોએ આજે એકત્ર થઈને આ પરીક્ષા ઓફલાઈન (OMR) પદ્ધતિથી લેવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા કલેક્ટર અને રાજ્યસભાના સાંસદ ડો. જસવંતસિંહ પરમારને લેખિત રજૂઆત કરી હતી.પારદર્શિતા અને નોર્મલાઈઝેશન સામે વાંધો વિદ્યા ર્થીઓના પ્રતિનિધિ અને આગેવાન ડૉ. એડવોકેટ ઉમેશ વણઝારાની આગેવાનીમાં મોટી સંખ્યામાં યુવાનોએ પોતાની વ્યથા રજૂ કરી હતી. તેમની મુખ્ય ચિંતા CBRT (ઓનલાઇન)પદ્ધતિમાં થતી નોર્મલાઈઝેશન પ્રક્રિયા છે.

**એલ.સી.બી** અમદાવાદ ખાતે પોરબંદર એલ.સી.બી .ને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

# પોરબંદર કંચાર હોટલમાં ટુર પેકેજની લાલચ આપી છેતર પિંડી કરવાના ગુન્હામાં ૪ વર્ષથી વોન્ટેડ ઈસમ ઝડપાયો

## લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અમદાવાદ ખાતેથી દબોચ્યોઃ વર્ષ ૨૦૨૨માં કંચાર હોટલમાં મીટીંગ કરીને અનેક લોકોને ઉતાર્યા હતા બોટલમાં

• ગોસા(ઘેડ)તા.૦૫

પોરબંદરમાં વર્ષ ૨૦૨૨ ની સાલમાં કંચાર હોટલમાં મીટીંગ કરીને ટુર પેકેજના નામે મોટી છેતરપિંડી કરવાના કમલાબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં ૪ વર્ષથી વોન્ટેડ ઈસમને અમદાવાદ ખાતે પોરબંદર એલ.સી.બી .ને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ગત તા.૧૨/૦૯/૨૦૨૨ ના રોજ રજી. થયેલ અને સદરહું ગુનામાં આ કામના આરોપીઓએ અગાઉથી નક્કી કર્યા મુજબ એમ.જી.રોડ પર આવેલ કંસાર નામની હોટલના મીટીંગ હોલમાં આ કામના ફરિયાદી તથા સાહેદોનો ટેલીફોનીક સંપર્ક કરી મીટીંગમાં બોલાવી ફરિયાદી તથા સાહેદોને ધ રોયલ રેજીસ હોસ્પીટાલીટી નામની કંપનીના નામ પર ખોટી ઓળખ આપી. ખોટી સ્કીમ બનાવી. ફરિયાદી તથા સાહેદોના ખોટા એગ્રીમેન્ટ બનાવી તેમા સહીઓ લઈ ક્રેડીટકાર્ટથી ઓનલાઇન રકમ ટ્રાન્સફર કરી ફરિયાદી તથા સાહેદોના ખોટા એગ્રીમેન્ટ બનાવી તેમા સહીઓ



લઈ ક્રેડિટકાર્ડ ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરી ફરીયાદી તથા સાહેદોના અલગ-અલગ રકમ મળી કુલ રૂ. ૩,૫૦,૦૦૦/ ઓનલાઈન ટ્રાન્સફર કરી ફરિયાદી તથા સાહેદો સાથે છેતરપીંડી કરી ગુનો કરેલ હોવાનો ગુનો રજી. થયેલ.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસ મા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સુચના કરવામાં આવેલ.

જેના અનુસંધાને એલ.સી.બી. ઈન્ચાર્જ ઈન્સપેક્ટર આર.કે. કાંબરીયા ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના એ.એસ. આઈ. રાજેન્દ્રભાઈ જોષી તથા હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ જાડેજા ને ખાનગીરાહે હકીક્ત મળેલ કે, ઉપરોક્ત ગુનામાં લાલશાહી થી નાસતા ફરતા આરોપી પુરણસિંગ ઉર્ફે આશુ રાજપુત સ./ઓ. શિવરાજસિંગ કુશવાહા રહે. અમદાવાદવાળો હાલ અમદાવડત ખાતે હોવાની હકીકત મળેલ હોય. જેથી ઉપરોકત હકીકત આધારે

એ.એસ.આઈ.ગોવિંદભાઈ મકવાણા તથા હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ ઓડેદરા અને પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ ને અમદાવાદ ખાતે ઉપરોક્ત આરોપીની તપાસમાં મોકલતા

આરોપી અમદાવાદ નરોડા કઠવાડ ગામ નિલકંઠ રેસિડેન્ટી ખાતે થી મળી આવતા આરોપી પુરણસિંગ ઉર્ફે આશુ રાજપુત સ./ઓ. શિવરાજસિંગ કુશવાહા ઉ.વ.૨૯ રહે. હાલ અમદાવાદ નરોડા કઠવાડ રેસિડેન્ટી બ્લોક સી. નં.૧૦૪ અમદાવાદ વાળાને ઉપરોક્ત ગુનાના કામે વધુ પુછપરછ અર્થે અત્રે એલ.સી.બી. ઓફીસ ખાતે લઈ આવી આગળ ની કાર્યવાહી કરવા માટે કમલા બાગ પોલીસ સ્ટેશન સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરીમાં એલ.સી.બી. ઈન્ચાર્જ ઈન્સ્પેકટર આર.કે. કાંબરીયા તથા એ.એસ. આઈ. બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, રણજીતસિંહ દયાતર, ગોવિંદભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, ઉદયભાઈ વરુ તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણ ભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા. પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઈ વસાવા વિગેરે રોકાયેલ હતા.

રિપોર્ટરઃ- વિરમભાઈ કે.આગઠ

## કલોલની ફાર્મા કંપની સાથે 72.33 લાખની છેતરપિંડી

# કમિશન એજન્ટે હરિયાણા, હિમાચલની કંપનીઓને માલ અપાવી નાણાં પડાવ્યા,સાત વિરુધ ગુનો નોંધાયો

**નાણાં પડાવ્યા** આરોપી રવિ કાલરાએ અગાઉ કંપનીના ડાયરેક્ટર સાથે સંપર્ક કરી માર્કેટિંગનું કામ કરવાની તૈયારી બતાવી હતી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ GIDC ફેઝ-2માં ભુગન લાઈફ સાયન્સ પ્રા. લી નામની કંપની સાથે અંદાજે 72.33 લાખ રૂપિયાની મોટી છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ ગુનામાં કંપનીના જ માર્કેટિંગ કર્મચારી અને કમિશન એજન્ટ રવિ ઓમપ્રકાશ કાલરા સહિત અન્ય છ શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કંપનીના ઓપરેશન હેડ તરીકે ફરજ બજાવતા મનન પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ,હરિયાણાના અંબાલાનો રહેવાસી આરોપી રવિ કાલરાએ




અગાઉ કંપનીના ડાયરેક્ટર સાથે સંપર્ક કરી માર્કેટિંગનું કામ કરવાની તૈયારી બતાવી હતી.જે અન્વયે શરૂઆતમાં નાના ઓર્ડરો અપાવી સમયસર પેમેન્ટ કરાવીને તેણે કંપનીનો વિશ્વાસ જીતી લીધો હતો. જેના પગલે ફેબ્રુઆરી 2024માં તેને માસિક 60 હજારના પગાર અને કમિશનની શરતે નોકરી પર રાખવામાં આવ્યો હતો. જોકે આ નિમણૂક બાદ રવિએ મળતિયાઓ સાથે મળીને કંપનીને આર્થિક નુકસાન પહોંચાડવાનું કાવતરું ઘડ્યું હતું.બાદમાં રવિ કાલરાએ મે અને જૂન 2024 દરમિયાન હિમાચલ પ્રદેશ અને ચંદીગઢની વિવિધ કંપનીઓ જેવી કે મેડોક્ષ લાઈફ સાયન્સ,માસ્ટર હેલ્થ કેર,એરિયોન હેલ્થકેર અને નવકાર લાઈફ સાયન્સના મોટા ઓર્ડરો અપાવ્યા હતા.જેથી કંપનીએ વિશ્વાસ રાખી કુલ રૂ.72,33,636ની કિંમતનો ફાર્માસ્યુટીકલ રોમટીરીયલ્સનો માલ કુરિયર મારફતે મોકલી આપ્યો હતો.આ ઠગાઈના ભાગરૂપે પેમેન્ટની ખાતરી પેટે અપાયેલા ચેકો બેંકમાં ન નાખવા માટે આરોપીઓએ ટેકનિકલ ખામીના બહાના હેઠળ ગલ્લાતલ્લા કર્યા હતા. જોકે લાંબો સમય વીતવા છતાં અને વારંવારની ઉઘરાણી છતાં નાણાં પરત ન મળતા આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

આ સમગ્ર મામલે કલોલ તાલુકા પોલીસે રવિ કાલરા (રહે.અંબાલા), તરુણ જગ્ગી (રહે.કાંગરા), રજાક ખાન અને માજીદ ખાન (રહે. સોલન), અભય જૈન અને રવિ (રહે.ચંદીગઢ) તેમજ માજીદ મહોમ્મદ (રહે.બદ્દી) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# TCS પાસે લક્ઝુરિયસ કારમાં ચાલતા આઈપીએલ સટ્ટા બેટિંગનો પર્દાફાશ

## મહેસાણાનો બુકી 5.30 લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

• ગાંધીનગર

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પૂર્વ બાતમીના આધારે ઈન્ફોસિટી સર્કલ નજીક TCS રોડ પરથી એક લક્ઝુરીયસ કારમાં બેસીને IPL ક્રિકેટ મેચનો ઓનલાઈન સટ્ટો રમી રમાડતા વિજાપુરના બુકી ચિરેન જયંતીભાઈ પટેલને રોકડ રકમ, મોબાઈલ અને કાર મળીને રૂ.5.30 લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સટ્ટા બેટિંગનો પર્દાફાશ કર્યો છે.ઈન્ફોસિટી સર્કલ નજીક કારમાં બેસી ક્રિકેટ સટ્ટા બેટિંગ કરતો શખસ ઝડપાયો ગાંધીનગરના ઈન્ફોસીટી સર્કલ પાસે શનિવારની મોડી રાત્રે એલસીબી પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ઓનલાઈન ક્રિકેટ સટ્ટાના મોટા કારોબારનો પર્દાફાશ કર્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી.બી. વાળાની ટીમ રાયસણ સહિતના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ઈન્ફોસિટી સર્કલ નજીક ટાટા કન્સલટન્સી કંપની પાસેના રોડ પર લક્ઝુરિયસ કારમાં બેસી એક શખ્સ મોટાપાયે ઓનલાઈન ક્રિકેટ સટ્ટા




બેટિંગ કરી રહ્યો છે. GT અને RRની મેચ પર જુગાર રમતો અને રમાડતો હોવાનું ખૂલ્યુંજે બાતમીના આધારે પોલીસ ટીમે દરોડા પાડતા જ બ્લુ કલરની મારૂતિ સુઝુકી ફ્રોનક્ષ ગાડીમાં બેઠેલો બુકી ચિરેન જયંતીભાઈ પટેલ (રહે. રાજેશ્વરી સોસાયટી, મણિપુરા રોડ, વિજાપુર) ફફડી ઉઠ્યો હતો. જેણે પોલીસ કાર્યવાહીથી બચવા હવાતીયા પણ માર્યા હતા.બાદમાં પોલીસે તપાસ કરતા તે મોબાઈલમાં ENGLISH777 નામની વેબસાઈટ પર ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ પર હારજીતનો જુગાર રમતો અને રમાડતો હોવાનું ખૂલ્યું હતું. જેના આઈડી પર લાખોના વ્યવહારો પણ બતાવતા હતા. જેના પગલે પોલીસે ઘટનાસ્થળેથી વિજાપુરના બુકી ચિરેન પટેલ પાસેથી મોબાઈલ ફોન, 15,000 રૂપિયાની રોકડ તેમજ કાર મળીને કુલ રૂ.5.30 લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ક્રિકેટ સટ્ટાની દુનિયામાં વિજાપુરના ચિરેન જયંતીભાઈ પટેલનું નામ ખાસુ પ્રચલિત છે.

# આમ આદમી પાર્ટીનો માસ્ટરપ્લાન કે મજબૂરી? 72 ઉમેદવારોની યાદીમાંથી 38 ચહેરાઓને જંગમાં ઉતારતા રાજકારણ ગરમાયું!

## APP ચૂંટણી જંગ: 72માંથી 38 મેદાનમાં, બાકીના ક્યાં?

• અમદાવાદ

ગુજરાતના રાજકીય રણમેદાનમાં અત્યારે 'ઝાડુ' ફેરવવાની તૈયારીઓ તેજ બની છે. 'પાક્કો ગુજરાત'ના ખાસ અહેવાલ મુજબ, આમ આદમી પાર્ટીએ (APP) પોતાની રણનીતિમાં મોટો ફેરફાર કર્યો હોય તેમ જણાય છે. અત્યાર સુધી જે 72 નામોની ચર્ચા ચાલતી હતી, તેમાંથી માત્ર 38 લડાયક ચહેરાઓને જ સત્તાના અસલી મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્ય મુદ્દાઓ પર એક નજર:ૉ*પસંદગીનો માપદંડ: જે 38 નામો ફાઈનલ થયા છે, તેમાં 'વિનિંગ ફેક્ટર' અને લોકપ્રિયતાને પ્રાધાન્ય અપાયું છે. * બાકીના 34નું શું?: સૂત્રોના જણાવ્યા અનુસાર, બાકીના ઉમેદવારોને સંગઠનની જવાબદારી અથવા પાછળથી સરપ્રાઈઝ તરીકે જાહેર કરવામાં આવી શકે છે. * યુવા અને નવા ચહેરા: આ 38 નામોમાં મોટાભાગના એવા છે જેઓ સોશિયલ મીડિયા અને ગ્રાઉન્ડ લેવલ પર મજબૂત પકડ ધરાવે છે.




શું આ વખતે ત્રિપાંખિયો જંગ જામશે? ભાજપ અને કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડવા માટે AAPએ આ વખતે 'સિલેક્ટિવ' અભિગમ અપનાવ્યો છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે: » '72 માંથી 38 નામ પસંદ કરવા એ માત્ર આંકડાની રમત નથી, પણ વિરોધ પક્ષોના મતોમાં ગાબડું પાડવાની એક ચોક્કસ વ્યૂહરચના છે.' હવે જોવાનું એ રહેશે કે 'પાક્કો ગુજરાત'ના આ અહેવાલ બાદ રાજકીય લોબીમાં કેવા પડઘા પડે છે. શું આ 38 'મહારથીઓ' ગુજરાતની ગાદી સુધી પહોંચવામાં AAPની નૈયા પાર ઉતારશે?

રિપોર્ટ: રાજકીય પ્રતિનિધિ, પાક્કો ગુજરાત.

# જુહાપુરા ચાર રસ્તા પાસે BRTS બસ કેબિન પાસે બાઈકમાં આગ લાગી, બોપલમાં ગેસ લિકેજની ઘટનાથી દોડધામ



• અમદાવાદ

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ગઈકાલે(4 એપ્રિલ) રાતે આગ લાગવાની ઘટના બની હતી. જુહાપુરા ચાર રસ્તા પાસે આવેલી BRTS કેબિનની બિલકુલ બાજુમાં પાર્ક કરવામાં આવેલી એક મોપેડ (બાઈક) માં અચાનક અગમ્ય કારણોસર આગ લાગી હતી. આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. જોકે આ મામલે ફાયર બ્રિગેડમાં કોઈ જાણ કરવામાં આવી નથી. સ્થાનિક લોકોએ આગને કાબૂમાં લઈ લીધી હતી. જુહાપુરા ચાર રસ્તા પાસે BRTS કેબિન પાસે એક બાઈકમાં આગ લાગી હતી. બાઈકમાં આગ લાગતા થોડીવારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને બાઈક આખેઆખી બળીને ખાખ થઈ ગઈ હતી. બાઈકમાં લાગેલી આગના કારણે BRTS કેબિનને પણ નુકસાન થયું હતું.

## પાક્કો ગુજરાત વિશેષઃ હૈદરાબાદના અંતિમ નિઝામની રાજવી વિરાસત

# અઢળક સંપત્તિ, ડઝનબંધ મહેલો અને સેંકડો કિલો સોનું: જાણો હૈદરાબાદના આઠમા નિઝામ મુકર્રમ જાહની ભવ્ય વિરાસતની કહાની

• અમદાવાદ/હૈદરાબાદ

ભારતના રાજવી ઈતિહાસમાં જ્યારે પણ સૌથી ધનિક રિયાસતોની વાત આવે ત્યારે હૈદરાબાદના નિઝામનું નામ મોખરે હોય છે. 'પાક્કો ગુજરાત'ના આ ખાસ અહેવાલમાં આજે આપણે વાત કરીશું હૈદરાબાદના આઠમા અને અંતિમ નિઝામ મુકર્રમ જાહની, જેમને તેમના દાદા મીર ઉસ્માન અલી ખાન પાસેથી વારસામાં એવી સંપત્તિ મળી હતી જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

વારસામાં મળી હતી કુબેરની સંપત્તિજ્યારે મુકર્રમ જાહને હૈદરાબાદના આઠમા નિઝામ તરીકે ગાદીએ બેસાડવામાં આવ્યા, ત્યારે તેમને વારસામાં મળેલી



સંપત્તિએ આખી દુનિયાને ચોંકાવી દીધી હતી:* રાજવી મહેલો: તેમને વારસામાં એક ડઝન કરતાં વધુ ભવ્ય મહેલો મળ્યા હતા, જેમાં સુપ્રસિદ્ધ ફલકનુમા પેલેસ અને ચૌમહલ્લા પેલેસનો સમાવેશ થાય છે.ૉ * અણમોલ ઘરેણાં: સેંકડો કિલો સોના-ચાંદીના આભૂષણો અને દુનિયાના સૌથી કિંમતી હીરા-ઝવેરાત તેમનો વારસો હતો.

*જેકબ ડાયમંડ:પ્રસિદ્ધ 'જેકબ ડાયમંડ' જે એક સમયે પેપરવેઈટ તરીકે વપરાતો હતો, તે પણ તેમની મિલકતનો ભાગ હતો.

* કિંમતી વસ્તુઓ: અબજોની કિંમતી કલાકૃતિઓ, એન્ટિક ફર્નિચર અને દુર્લભ સિક્કાઓનો ખજાનો તેમને ગાદીની સાથે મળ્યો હતો.

એક યુગનો અંત

મુકર્રમ જાહનું જીવન રાજસી ઠાઠમાઠ અને બદલાતા સમયની વચ્ચેના સંઘર્ષની વાર્તા છે. એક સમયે દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ ગણાતા નિઝામના વારસદાર હોવા છતાં, સમય જતાં ઘણી મિલકતો કાયદાકીય ગૂંચવણોમાં ફસાઈ. તેમ છતાં, હૈદરાબાદના લોકોના હૃદયમાં આજે પણ તેમની આ ભવ્ય વિરાસત જીવંત છે.

54

ઘરની બહાર નીકળતાં જ ગંદા પાણીમાં પગ મૂકવા મજબૂર ; ચૂંટણી બહિષ્કારની ચીમકી

# પાયકવાડમાં 20 વર્ષથી ડ્રેનેજની સમસ્યા, મચ્છરોને રોગચાળાથી સ્થાનિકોમાં આક્રોશ

## લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પાયકવાડ વિસ્તારમાં લોકોને ઘરની બહાર નીકળતી વખતે દર વખતે ગંદા પાણીમાં પગ મૂકવો પડે છે

• સુરત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 26 એપ્રિલેમાં યોજાવાની છે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના ઢોલ વાગી રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષો મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. જોકે, બીજી તરફ શહેરના અનેક વિસ્તારોમાં વર્ષો જૂની સમસ્યાઓનો ઉકેલ ન આવતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પાયકવાડ વિસ્તારમાં લોકોને ઘરની બહાર નીકળતી વખતે દર વખતે ગંદા પાણીમાં પગ મૂકવો પડે છે.સુરતના કતારગામ-વેડ વોર્ડ નં. 9(રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર) સ્થાનિક લોકો સાથે વાતચીત કરી હતી. પાયકવાડ વિસ્તારના સ્થાનિકો જણાવે છે કે, ગટરના ગંદા પાણી તેમના ઉંબરા સુધી આવી ગયા છે. આ ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી બની છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, અહીં છેલ્લા 15થી 20 વર્ષથી ડ્રેનેજની ગંભીર સમસ્યા છે. અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્રના બહેરા કાને અથડાઈને ફરિયાદો પાછી ફરે છે.

ડ્રેનેજની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા સ્થાનિકોની માંગ

લોકોમાં હવે આક્રોશ ફાટી નીકળ્યો છે. રહીશોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે, જો ચૂંટણી પહેલા આ ડ્રેનેજની સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે, તો અમે ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરીશું. અમે કોઈ પણ રાજકીય પક્ષના ઉમેદવારને અમારા વિસ્તારમાં પ્રવેશવા દઈશું નહીં અને મત પણ આપીશું નહીં.સ્થાનિકોનો સવાલ છે કે જો 20 વર્ષમાં એક ડ્રેનેજ લાઈન સરખી ન થઈ શકતી હોય, તો મત આપવાનો શો અર્થ? જ્યારે નેતાઓ મતોની ઝોળી ફે લાવીને આવશે, ત્યારે જનતા તે મને આ ગંદકી અને 20 વર્ષના અન્યાયનો જવાબ માંગશે તે નક્કી છે. વોર્ડ નંબર 9ની આ સ્થિતિ આગામી ચૂંટણીમાં સત્તાધારી પક્ષ માટે મોટી મુસીબત ઊભી કરી શકે તેમ છે.

સ્થાનિક મોહમ્મદ આસિફે જણાવ્યું હતું કે, ડ્રેનેજ લાઈનનો 15થી 20 વર્ષથી આ પ્રોબ્લેમ છે, આનો કોઈ જાતનો નિકાલ આવતો નથી. આ મેઈન રોડ છે, અહીં બધા સમાજના કાર્યકર્તાઓ પણ જાય છે અને જોવે છે પણ જોતા જતાં કોઈ એક્શન નથી લેતા. 15 વર્ષથી બધા હેરાન અને પરેશાન છે. મોહમ્મદ આસિફે જણાવ્યું કે, અમારા અહીં કોર્પોરેટર રાજનભાઈ છે અને શૈલેષ, કુણાલ સેલર છે એ બધા જોવે છે. આ મંદિર પણ આપણું બહુ જૂનું પુરાણું છે, અહીંથી આવતા-જતાં બધા જોવે છે એવું નથી કે નથી જોતા.



બધા કોર્પોરેટર પણ જોવે છે બધા આગેવાનો પણ જોવે છે પણ કોઈ જાતનું એક્શન લેતા નથી.

સ્થાનિક રુકસાનાબાનુંએ જણાવ્યું હતું કે, આ બધું ગટરનું એકલું નાપાક જ પાણી જાય છે, એમાં નાના નાના બચ્ચા બીમાર પડે છે. અને રોજનું એક બિસલેરી પાણી લાવી અમે પીએ છે. ગરીબ માણસ ક્યાંથી રોજનું પાણી લાવીને પીવાનું? પીવાનું પાણી પણ એટલું ગંદુ આવે છે, એવી પ્રોબ્લેમ છે. આ કેટલા વર્ષોથી પ્રોબ્લેમ છે. ક્યાં સુધી અમે આ સહન કરીએ? કેટલું બધું સહન કરીએ છીએ અમે! અમારા બચ્ચા બિચારા કૂદી કૂદીને જાય છે પછી આવીને તરત નવડાવવા પડે છે. સ્થાનિક શબ્બીર મહારાજે જણાવ્યું હતું કે, આ સમસ્યા માટે કોર્પોરેશનમાં વારંવાર અમે અરજીઓ કરી છે, પણ કોઈ આવતું નથી અને આવે છે તો જોઈ-જોઈને ચાલ્યા જાય છે. હમણાં છેલ્લા મોદી સાહેબ કરીને કોઈ આવેલા, તે કહે અમે પાંચ-છ દિવસમાં આવીએ છીએ પણ કોઈ આવતું નથી ને કંઈ કરતું નથી. રોજનું પીવાનું પાણી ખરાબ આવે છે. કોઈ તપાસ કરવા પણ નથી આવતા. અને અહીંયા શંકર ભગવાન મંદિર બાજુ જવાવાળા લોકો પણ આ ગટરના પાણીમાંથી જાય છે. એ લોકો પણ જોયા કરે પણ કોઈ બોલતું નથી.

શબ્બીર મહારાજે કહ્યું, આગામી સમયમાં ચૂંટણી આવે છે એના બાબતમાં એવું છે કે વોટ તો અમે બહિષ્કાર કરવાના જ છે, કેમકે આ લોકો કામ નથી કરતા. વેરો ઉઘરાવે છે, વેરો નહીં હોય તો 18 ટકા વ્યાજે આપણી પાસેથી પૈસા લે છે એ પણ આ લોકો કંઈ કરતા નથી.

શબ્બીર મહારાજે વધુમાં જણાવ્યું કે, કોર્પોરેટરો અહીં ભગવાનના મંદિરમાં જાય છે એ લોકો પણ કહી કહીને થાક્યા પણ કોઈ કામ કરતું નથી. એમની નિયત જ નથી કામ કરવાની નથી ખાલી વેરો ઉઘરાવવો છે. તો આની કોઈ સમસ્યાનો ઉકેલ લાવે. નહીં તો પછી અમે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરીશું અને કમિશનર પાસે જઈશું.

સ્થાનિક સમીર મલિકે જણાવ્યું હતું કે, લગભગ 15-20 વર્ષથી આ તકલીફ એટલી ચાલે છે કે અમને રોજની તકલીફ પડે છે. છોકરાઓ માંદા પડે છે. ત્રણ વખત મારા છોકરાને હું હોસ્પિટલ લઈ ગયો છું. મારી પાસે રિપોર્ટ છે, તમે કહેતા હોવ તો રિપોર્ટ બતાવું. આમાં એટલી ગંદકી થાય છે, અહીંથી આવતા-જતા પાણીની તકલીફ પડે છે. સાહેબ પણ આવે છે અને કહે છે કે કરશું કરશું પણ આ કામ થતું નથી. બે દિવસ કોઈ માણસ આવે, કરાવીને જાય, એક દિવસ બંધ થાય અને બીજા દિવસે સાંજથી પાછું પાણી ચાલુ થઈ જાય.

ડ્રેનેજની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા સ્થાનિકોની માંગ

લોકોમાં હવે આક્રોશ ફાટી નીકળ્યો છે. રહીશોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે, જો ચૂંટણી પહેલા આ ડ્રેનેજની સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે, તો અમે ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરીશું. અમે કોઈ પણ રાજકીય પક્ષના ઉમેદવારને અમારા વિસ્તારમાં પ્રવેશવા દઈશું નહીં અને મત પણ આપીશું નહીં.સ્થાનિકોનો સવાલ છે કે જો 20 વર્ષમાં એક ડ્રેનેજ લાઈન સરખી ન થઈ શકતી હોય, તો મત આપવાનો શો અર્થ? જ્યારે નેતાઓ મતોની ઝોળી ફે લાવીને આવશે, ત્યારે જનતા તે મને આ ગંદકી અને 20 વર્ષના અન્યાયનો જવાબ માંગશે તે નક્કી છે. વોર્ડ નંબર 9ની આ સ્થિતિ આગામી ચૂંટણીમાં સત્તાધારી પક્ષ માટે મોટી મુસીબત ઊભી કરી શકે તેમ છે.

પક્ષમાં મહત્વની ભૂમિકા અને અનુભવ ધરાવતા લોક પ્રહરી

# પોરબંદર જિલ્લા પંચાયતની ખાગેશ્રી બેઠક બનશે રસપ્રદ આમ આદમી પાર્ટી ની એન્ટ્રીથી રાજકારણ ગરમાયું

મેદાનમાં ઉતાર્યા

આમ આદમી પાર્ટીએ ઠોયાણાના મેરૂભાઈ ઓડેદરાને ખાગેશ્રી જિલ્લા પંચાયત બેઠક માટે મેદાનમાં ઉતાર્યા

• ગોસા(ઘેડ) તા.૦૪/૦૪/૨૦૨૬

આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને અનુલક્ષીને આમ આદમી પાર્ટી (AAP) દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. આ વ્યૂહરચનાના ભાગરૂપે, પોરબંદર જિલ્લાની પ્રતિષ્ઠિત ~~ગણાતી ખાગેશ્રી જિલ્લા પંચાયત~~ બેઠક માટે પક્ષના પાયાના અને મજબૂત નેતા મેરૂભાઈ ઓડેદરાના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. 'પક્ષના હાઈકમાન્ડ અને પ્રદેશ નેતૃત્વએ મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તે બદલ હું તેમનો આભારી છું. ખાગેશ્રી વિસ્તારના લોકોના પ્રશ્નોને વાચા આપવી અને છેવાડાના માનવી સુધી વિકાસના કાર્યો પહોંચાડવા એ મારી પ્રાથમિકતા રહેશે. આમ આદમી પાર્ટીની જનકલ્યાણકારી વિચારધારા સાથે અમે આ બેઠક પર ભવ્ય વિજય મેળવીશું.'

મેરૂભાઈ ઓડેદરા લાંબા સમયથી પક્ષ સાથે જોડાયેલા છે અને હાલમાં તેઓ બે મહત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા છે:

કુતિયાણા વિધાનસભાના અધ્યક્ષ
ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ (કિસાન પાંખ)

તેમની સંગઠનશક્તિ, ખેડૂત લક્ષી કાર્યો અને સ્થાનિક સ્તરે જનતામાં રહેલી લોકપ્રિયતાને ધ્યાને રાખીને પક્ષના શીર્ષ નેતૃત્વ દ્વારા તેમને ચૂંટણી મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વિજયના વિશ્વાસ સાથે પોતાની ઉમેદવારી અંગે હર્ષ વ્યક્ત કરતા મેરૂભાઈ ઓડેદરાએ જણાવ્યું હતું કે: 'પક્ષના હાઈકમાન્ડ અને પ્રદેશ નેતૃત્વએ મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તે બદલ હું તેમનો આભારી છું. ખાગેશ્રી વિસ્તારના લોકોના પ્રશ્નોને વાચા આપવી અને છેવાડાના માનવી સુધી વિકાસના કાર્યો પહોંચાડવા એ મારી પ્રાથમિકતા રહેશે. આમ આદમી પાર્ટીની જનકલ્યાણકારી વિચારધારા સાથે અમે આ બેઠક પર ભવ્ય વિજય મેળવીશું.'




કાર્યકરોમાં ઉત્સાહ ખાગેશ્રી બેઠક પર મેરૂભાઈના નામની જાહેરાત થતા જ સ્થાનિક કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગ્રામીણ સ્તરે મજબૂત પકડ ધરાવતા મેરૂભાઈની ઉમેદવારીથી પોરબંદર જિલ્લા પંચાયતનો આ ચૂંટણી જંગ અત્યંત રસપ્રદ અને ત્રિપાંખિયો બનશે તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

# પાવરના નશામાં છૂટાછેડા આપ્યા, પણ જ્યારે 'સાહેબ' બનીને આવેલા પત્નીએ પતિને હોમગાર્ડની વર્દીમાં જોયો... આખું પોલીસ સ્ટેશન રડી પડ્યું!

પાક્કો ગુજરાત વિશેષ: ખાખી વર્દી પાછળ છુપાયેલી એક અધૂરી પ્રેમકથા

• અમદાવાદ

કહેવાય છે કે સમયનું ચક્ર જ્યારે ફરે છે ત્યારે રાજાને રંક અને રંકને રાજા બનાવી દે છે. આવો જ એક કિસ્સો શહેરના 'સિવિલ લાઈન્સ' પોલીસ સ્ટેશનમાં જોવા મળ્યો, જ્યાં પ્રોટોકોલ અને પાવરની મર્યાદાઓ ઓગળી ગઈ અને માત્ર પસ્તાવો બાકી રહ્યો.

ઘટનાક્રમ: જ્યારે SP ની ગાડી થંભી ગઈ બપોરનો સમય હતો, સાયરન વગાડતી કાળી SUV પોલીસ સ્ટેશનના દ્વારે આવી. જિલ્લાના નવા કડક મિજાજવાળા IPS રિદ્ધિ દેસાઈ ગાડીમાંથી નીચે ઉતર્યા. સિંઘમ જેવી છાપ ધરાવતા રિદ્ધિ દેસાઈના ડરથી આખું સ્ટેશન ફફડતું હતું, પણ દરવાજા પર તૈનાત એક હોમગાર્ડને જોતા જ તેમની ડગલી ચળી ગઈ.

સંઘર્ષની એ કડવી યાદો

રિદ્ધિ અને વિક્રમના લગ્ન 8 વર્ષ પહેલાં થયા હતા. વિક્રમ એક એવો પતિ હતો જેણે પોતાની પત્નીના IPS બનવાના સપના માટે લોહી-પરસેવો એક કર્યો હતો.

*ત્યાગની પરાકાષ્ઠા: વિક્રમે મજૂરી કરી, પોતાની બાપદાદાની જમીન વેચી અને રિદ્ધિને દિલ્હી ભણવા મોકલી.

*સફળતાનો અહંકાર: જેવી રિદ્ધિ IPS બની, તેને વિક્રમની સાદગી 'શરમજનક' લાગવા માંડી. 4 વર્ષ પહેલાં પાવરના નશામાં રિદ્ધિએ વિક્રમને એમ કહીને છૂટાછેડા આપ્યા હતા કે, 'તારું સ્ટેટસ મારા લાયક નથી.'




સમયનો ન્યાય: હોમગાર્ડ અને SP

આજે એ જ વિક્રમ તે જ પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો જે જિલ્લાના વડા રિદ્ધિ દેસાઈ હતા. પોતાની સફળતાના પાયામાં જેનો ત્યાગ હતો, તેને આ હાલતમાં જોઈને IPS રિદ્ધિ દેસાઈ સ્ટેશનના તમામ કર્મચારીઓ સામે ઘૂંટણિયે પડી ગયા. તેમની આંખોમાં પસ્તાવાના આંસુ હતા અને હોઠ પર એક જ સવાલ - 'વિક્રમ... તું આ હાલતમાં?'

# નર્મદા પુત્ર સાંવરિયા મહારાજ નર્મદા પરિક્રમા દરમ્યાન દરરોજના 29 વાર નર્મદા સ્નાન કરે છે

સૌથી વધુ નર્મદા સ્નાન કરવાનો વિક્રમ નર્મદા પુત્ર સાંવરિયા મહારાજ ના નામે છે

• રાજપીપલા,

સૌથી વધુવાર નર્મદા સ્નાન કરવાનો અને સૌથી વધુ વાર નર્મદાપરિક્રમા કરવાનો વિક્રમ નર્મદા પુત્ર સાંવરિયા મહારાજના નામે છે. સૌથી વધુ નર્મદા સ્નાન કરનાર નર્મદા પુત્ર સાંવરિયા મહારાજ દરરોજના 29 વાર નર્મદા સ્નાન કરે છે. નર્મદા પુત્ર સાંવરિયા મહારાજના જણાવ્યાં અનુસાર નર્મદા સ્નાન કરવા પાછળની મારી ભાવના વિશ્વ કલ્યાણની ભાવના અને સરદાર સરોવરના વિઘ્નોદૂર કરવાની પણ છે. તે ખળખળ વહેતા નર્મદાના પાણીના બિંદુઓ ઓમના બિંદુ સ્વરૂપ બની જાય છે એટલે એમાં સ્નાન કરવાથી શિવમ શિવમ બની જવાય છે.. નર્મદા સ્નાન કરનાર ત્યાગી બની જાય છે. મોક્ષની પ્રાપ્તિ થાય છે. નર્મદા સ્નાનની સાથે સાથે અત્યાર સુધીમાં સૌથી વધુ 1000થીવધુ વખત પરિક્રમા કરનાર સાંવરિયા મહારાજ ચંપલ વગર ખુલ્લા પગે પરિક્રમા કરે છે.માત્ર કેસરી પોતડી પહેરીને ધોમધખતા 44ડિગ્રી ઉઘાડા શરીરે તાપમાં પરિક્રમા કરે તો પણ તેમને લૂ લગતી નથી. બીજું સૌથી વધુ નર્મદા સ્નાન કરવાનો રેકોર્ડ પણ તેમના નામે છે.નર્મદા પરિક્રમા દરમિયાન તેઓ રોજના 29 સ્નાન કરે છે આમ 31 દિવસની પરિક્રમા દરમ્યાન 900 થી હજાર વખત નર્મદા સ્નાન કરે છે.એની કોઈ ગણતરી નથી હોતી અને તેમની સાથે બીજા હજારો લોકોને પણ નર્મદા સ્નાન કરાવે છે એક માત્ર નર્મદા નદી એવી છે કે જેના દર્શનમાત્રથી પવિત્ર થવાય છે જયારે નર્મદા સ્નાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થતી હોઈ લોકો અચુક નર્મદા સ્નાન કરે છે.આ પરિક્રમા ત્રણ વાર કરવાથી 3850 કિમી પગપાળા પરિક્રમા કરવાનું ફળ મળે છે અને 71 પેઢી ને મોક્ષ મળે છે.તેથી હાલ ચૈતર માસમાં નર્મદા પરિક્રમા અને નર્મદા સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્વ છે.

# પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે નોડલ અધિકારીઓની નિમણૂક

• ગોસા(ઘેડ) તા.૦૫

પોરબંદર જિલ્લામાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર એસ. ડી. ધાનાણીએ વિવિધ ચૂંટણીલક્ષી કામગીરી માટે નોડલ અધિકારીઓને ફરજો સોંપતા આદેશો કર્યા છે.

ચૂંટણીઓ નિયત માર્ગદર્શિકા મુજબ નિષ્પક્ષ, ન્યાયપૂર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટે જિલ્લાભરમાં અલગ-અલગ વિભાગોમાં નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણી પ્રક્રિયાના સુચારુ આયોજન માટે વિવિધ ક્ષેત્રોમાં જવાબદારીઓ વહેંચી છે.

આ હેઠળ આચાર સંહિતા, કાયદો અને વ્યવસ્થા, પોલિંગ સ્ટાફ (મેનપાવર), ચૂંટણીલક્ષી તાલીમ, મતદાર યાદી, બેલેટ પેપર/પોસ્ટલ બેલેટ તથા ચૂંટણી ખર્ચની દેખરેખ જેવા મહત્વના વિભાગોમાં અધિકારીઓ નિયુક્ત કરવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે આચાર સંહિતા ની અસરકારક અમલવારી માટે જિલ્લા ખેતીવાડી અધિકારી સાથે ગ્રામ્ય વિસ્તારોમાં સંબંધિત તાલુકા વિકાસ અધિકારી, શહેરી વિસ્તારોમાં સંબંધિત ચીફ ઓફિસર અને મહાનગરપાલિકા વિસ્તારમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર (પ્રોજેક્ટ)ને આચાર સંહિતાના નોડલ અધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

રિપોર્ટર: વિરમભાઈ કે. આગઠ

કોંક્રિટ અને લોખંડના સળિયા સાથેનો કાટમાળ પાર્ક બાઈક પર પડ્યો

# ઉધનામાં જર્જરિત મકાનની બાલ્કની ધરાશાયી

• સુરત

સુરત શહેરના ઉધના વિસ્તારમાં આજે વહેલી સવારે એક ભયાનક દુર્ઘટના સર્જાતા સહેજમાં અટકી હતી. શહેરના ગીચ રહેણાંક વિસ્તારો પૈકીના એક એવા ઉધનામાં આવેલી ધર્મયુગ સોસાયટીમાં એક મકાનની બાલ્કનીનો મોટો ભાગ અચાનક ધરાશાયી થયો હતો. જોકે, સદનસીબે જે સમયે આ ભાગ તૂટી પડ્યો ત્યારે ત્યાં કોઈ અવરજવર ન હોવાથી એક મોટી જાનહાની ટળી છે, પરંતુ નીચે પાર્ક કરેલી એક બાઈકને નુકસાન પહોંચ્યું છે. પરંતુ મકાનની બાલ્કની જ્યારે ધરાશાયી થઈ ત્યારે તેની નીચે એક બાઈક પાર્ક કરેલી હતી. કોંક્રિટ અને લોખંડના સળિયા સાથેનો ભારે કાટમાળ સીધો બાઈક પર પડતા બાઈકને નુકસાન થયું છે મળતી માહિતી અનુસાર, ઉધનાની ધર્મયુગ સોસાયટીમાં આવેલા મકાન નંબર 281A ની બાલ્કનીનો ભાગ આજે વહેલી સવારે અચાનક ધડાકાભેર નીચે પડ્યો હતો. રવિવારનો દિવસ હોવાથી મોટાભાગના લોકો પોતાના ઘરોમાં હતા. સવારના સમયે જ્યારે વાતાવરણ શાંત હતું, ત્યારે અચાનક જ બાલ્કનીનો કાટમાળ નીચે ખાબક્યો હતો. આ ઘટનામાં સૌથી રાહતની વાત એ રહી કે કોઈ જાનહાની નોંધાઈ નથી. સામાન્ય રીતે રહેણાંક વિસ્તારોમાં સવારના સમયે બાળકો રમતા હોય છે અથવા લોકોની અવરજવર રહેતી હોય છે. પરંતુ આ ઘટના વહેલી સવારે બની હોવાથી બધા ઉંઘતા હતા એટલે કોઈને ઈજા પહોંચી નથી.




આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# તિરુપતિ પહોંચ્યા RCBના ખેલાડીઓ:રજત પાટીદાર અને જીતેશ શર્માએ માથું ટેકવ્યું

## RCB અને CSK વચ્ચે રમાનારી આ મેચને 'સાઉથર્ન ડર્બી' કહેવામાં આવે છે



IPL 2026ના હાઈ-વોલ્ટેજ મુકાબલામાં આવતીકાલે એટલે કે 5 એપ્રિલે ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે ટક્કર થવાની છે. આ મોટી મેચ પહેલા બેંગલુરુના કેપ્ટન રજત પાટીદાર અને વિકેટકીપર બેટ્સમેન જીતેશ શર્માએ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ પહોંચીને ભગવાન વેંકટેશ્વરના આશીર્વાદ લીધા. બંને ખેલાડીઓએ મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના કરી અને પોતાની ટીમની સફળતા માટે પ્રાર્થના કરી. ગયા સિઝન (2025) માં પણ આ બંને ખેલાડીઓએ આ જ રીતે તિરુપતિ જઈને માથું ટેકવ્યું હતું, જે હવે ટીમ માટે એક નવી પરંપરા જેવું બની રહ્યું છે.જ્યારે પાટીદાર અને જીતેશ મંદિર પરિસરની અંદર હતા, ત્યારે તેમને જોવા માટે પ્રશંસકોની ભારે ભીડ ઉમટી પડી. જોકે, સુરક્ષાકર્મીઓએ પરિસ્થિતિને સંભાળી અને ખેલાડીઓના દર્શનમાં કોઈ અવરોધ આવવા દીધો નહીં. આ દરમિયાન ખેલાડીઓએ મંદિર સમિતિના પૂજારીઓ સાથે સેલ્ફી પણ લીધી અને થોડો સમય ત્યાં વિતાવ્યો.RCB અને CSK વચ્ચે રમાનારી આ મેચને 'સાઉથર્ન ડર્બી' કહેવામાં આવે છે, જેમાં બંને શહેરોની પ્રતિષ્ઠા દાવ પર હોય છે. જો ઈતિહાસની વાત કરીએ તો ચેન્નઈનું પલડું ભારે રહ્યું છે. બંને વચ્ચે રમાયેલી કુલ 36 મેચોમાંથી ચેન્નઈએ 22 જીતી છે, જ્યારે બેંગલુરુને 13માં જીત મળી છે. જ્યારે, એક મેચ પરિણામ વિનાની રહી.રજત પાટીદારની કેપ્ટનશિપમાં 'પ્લે બોલ્ડ' આર્મીએ પોતાના અભિયાનની શરૂઆત શાનદાર રીતે કરી છે. તેમણે પોતાના ઘરઆંગણે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને હરાવીને દબદબો બનાવ્યો હતો. આ જીત પછી ટીમને 7 દિવસનો લાંબો બ્રેક મળ્યો છે. હવે પોતાની બીજી મેચ પણ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચેન્નઈ સામે રમશે. બીજી તરફ, ચેન્નઈ સુપર કિંગ્સ માટે આ સિઝનની શરૂઆત કોઈ ખરાબ સપના જેવી રહી છે. ઋતુરાજ ગાયકવાડની કપ્તાનીવાળી CSKને પોતાની શરૂઆતની બંને મેચોમાં રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ સામે હારનો સામનો કરવો પડ્યો છે.

RCB અને CSK વચ્ચે રમાનારી આ મેચને 'સાઉથર્ન ડર્બી' કહેવામાં આવે છે, જેમાં બંને શહેરોની પ્રતિષ્ઠા દાવ પર હોય છે. જો ઈતિહાસની વાત કરીએ તો ચેન્નઈનું પલડું ભારે રહ્યું છે. બંને વચ્ચે રમાયેલી કુલ 36 મેચોમાંથી ચેન્નઈએ 22 જીતી છે, જ્યારે બેંગલુરુને 13માં જીત મળી છે. જ્યારે, એક મેચ પરિણામ વિનાની રહી.

જોકે, તાજેતરનો રેકોર્ડ બેંગલુરુની તરફેણમાં જતો દેખાઈ રહ્યો છે. છેલ્લા 4 મુકાબલામાં RCBએ 3-1ની લીડ બનાવી રાખી છે.

**સેલિબ્રેશન**

### તેવટિયાની રિવર્સમાં સિક્સ, બટલરથી વૈભવ-યશસ્વીના કેચ છૂટ્યા

# મેચ જીત્યા બાદ રિયાન પરાગનું અદભુત અને અદ્વિતીય સેલિબ્રેશન:કેપ ઉતારી હવામાં પંચ કર્યો

## IPL 2026ની 9મી મેચમાં રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઈટન્સને 6 રનથી હરાવ્યું

• અમદાવાદ

IPL 2026ની 9મી મેચમાં રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઈટન્સને 6 રનથી હરાવ્યું. અમદાવાદમાં રમાયેલી આ મેચમાં RR એ 210 રન બનાવ્યા, જ્યારે GT 204 રન જ બનાવી શકી. મેચ દરમિયાન જોસ બટલરથી વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલના મહત્વના કેચ છૂટ્યા. જ્યારે, ગુજરાતના અશોક શર્માએ 154.2 કિમી/કલાકની ઝડપે આ સિઝનની સૌથી ઝડપી બોલ ફેંક્યો.0 બીજી તરફ, રવિ બિશ્નોઈએ ટી-20 ક્રિકેટમાં પોતાની 200 વિકેટ પૂરી કરી લીધી અને આ સિદ્ધિ સુધી પહોંચનાર સૌથી યુવા ભારતીય બોલર બન્યા.

સાઈ સુદર્શને IPLમાં માત્ર 42 ઈનિંગ્સમાં પોતાની 15મી ફિફ્ટી પૂરી કરી લીધી. તે આ મામલે બીજા નંબર પર પહોંચી ગયા છે અને ફક્ત ક્રિસ ગેલ (41 ઈનિંગ્સ) તેમનાથી આગળ છે. સુદર્શને શોન માર્શ (43) ને પાછળ છોડીને આ સિદ્ધિ હાંસલ કરી.

વૈભવ સૂર્યવંશીએ IPLમાં પોતાની 30 સિક્સર પૂરી કરી. તે 19 વર્ષ કે તેથી ઓછી ઉંમરમાં સૌથી ઝડપથી આ આંકડા સુધી પહોંચનાર બેટર બન્યો. તેણે માત્ર 157 બોલમાં આ મુકામ હાંસલ કર્યો.



રિષભ પંત અને ઈશાન કિશને પણ 30-30 સિક્સ લગાવ્યા હતા, પરંતુ તેમણે આ માટે ઘણી વધુ બોલ રમ્યા હતા.

ફાસ્ટ બોલર અશોક શર્માએ આ સિઝનનો સૌથી ઝડપી બોલ ફેંકવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો. તેમણે રાજસ્થાન સામેની મેચમાં 154.2 કિમી/કલાકની ઝડપે બોલ ફેંક્યો. આ સિઝનમાં આ પહેલાં સૌથી ઝડપી બોલનો રેકોર્ડ એનરિક નોર્ત્યે (150.9 કિમી/કલાક)ના નામે હતો. જોકે, IPL ઈતિહાસના સૌથી ઝડપી બોલનો રેકોર્ડ હજુ પણ શોન ટેટના નામે છે, જેમણે 2011માં 157.71 કિમી/કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. રવિ બિશ્નોઈએ ગુજરાતના ગ્લેન ફિલિપ્સની વિકેટ લેતા જ T20 ક્રિકેટમાં પોતાની 200 વિકેટ પૂરી કરી. તેમણે આ સિદ્ધિ 25 વર્ષ અને 211 દિવસની ઉંમરે હાંસલ કરી અને આ સાથે તેઓ T20માં 200 વિકેટ લેનાર સૌથી યુવા ભારતીય બોલર બન્યા. તેમણે આ મુકામ પોતાની કારકિર્દીની 170મી T20 મેચમાં હાંસલ કર્યો.બિશ્નોઈ ટી-20માં 200 વિકેટ લેનાર 19મા ભારતીય બોલર બન્યા છે, જ્યારે સ્પિનર્સની યાદીમાં તેઓ 9મા સ્થાને છે. જોકે, ઓવરઓલ ટી-20 ક્રિકેટમાં સૌથી ઓછી ઉંમરે 200 વિકેટ લેવાનો રેકોર્ડ રાશિદ ખાનના નામે છે, જેમણે આ સિદ્ધિ 23 વર્ષ 119 દિવસની ઉંમરે હાંસલ કરી હતી.રાજસ્થાન રોયલ્સે શ્વાસ રોકી દે તેવી મેચમાં ગુજરાત ટાઈટન્સને હરાવ્યું. કેપ્ટન રિયાન પરાગનું સેલિબ્રેશન જોવા જેવું હતું. તેણે આક્રમકતા તો બતાવી પણ બધું કંઈક મર્યાદામાં હતું. જેમ જ રાશિદ ખાનની વિકેટ પડી, તેણે કેપ ઉતારીને હવામાં પંચ કર્યો. આ દરમિયાન તેણે ન તો કોઈ અપશબ્દ મોઢામાંથી કાઢ્યા અને ન તો પોતાની કેપને જમીન પર ફેંકી. જોશ ભરપૂર હતો પણ હોશ પણ બરાબર દેખાયો. જીત પછી તેમણે છેલ્લી ઓવર નાખનાર તુષારને જઈને ગળે લગાવ્યો.ઈનિંગની શરૂઆતમાં જ વૈભવ સૂર્યવંશીએ ચોગ્ગો લગાવીને પોતાના પહેલા રન બનાવ્યા. મોહમ્મદ સિરાજની લેગ સ્ટમ્પ પર નાખવામાં આવેલી લેન્થ બોલને તેમણે હળવાશથી ગ્લાન્સ કરતા ફાઈન લેગની દિશામાં ચોગ્ગા માટે મોકલી દીધો.જોસ બટલરથી વૈભવ સૂર્યવંશીનો કેચ છૂટી ગયો. અશોક શર્માની બોલ પર વૈભવ સૂર્યવંશીએ શોટ માર્યો, બોલ બેટની કિનારી લઈને સ્લિપની દિશામાં ગયો.બટલરે ફુલ લેન્થ ડાઈવ લગાવીને કેચ પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના હાથમાંથી છૂટી ગયો અને ચોગ્ગા માટે નીકળી ગયો. આ જીવનદાનનો વૈભવે પૂરો ફાયદો ઉઠાવ્યો અને આગલી જ બોલ પર પોઈન્ટની દિશામાં છગ્ગો મારીને ટીમની ફિફ્ટી પૂરી કરી દીધી.આ પહેલા યશસ્વી જયસ્વાલને પણ જીવનદાન મળ્યું હતું. સિરાજની શોર્ટ ઓફ લેન્થ બોલ પર યશસ્વીએ ફ્લિક રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ વિકેટકીપર તરફ ગયો. બટલરે જમણી બાજુ ડાઈવ લગાવી, પરંતુ કેચ પકડી શક્યો નહીં. 12મી ઓવરમાં યશસ્વી જયસ્વાલે ચોગ્ગાથી પોતાની અડધી સદી પૂરી કરી. મોહમ્મદ સિરાજની ઓફ સ્ટમ્પની બહાર ફેંકવામાં આવેલી બોલ પર તેણે આગળ વધીને એક્સ્ટ્રા કવરની દિશામાં શાનદાર ડ્રાઈવ રમ્યો, જે સીધો ચોગ્ગા માટે ગયો.

### બે બોર્ડ મેમ્બર્સની નિમણૂકને ગેરકાયદેસર ગણાવી, કહ્યું- ટ્રસ્ટી બનવા માટે પારસી હોવું જરૂરી

# ટાટા ચેરિટેબલ ટ્રસ્ટ વિવાદ મામલે મેહલી મિસ્ત્રી ચેરિટી કમિશનર પહોંચ્યા

## મેહલી મિસ્ત્રીને 29 ઓક્ટોબર 2022 થી ત્રણ વર્ષના કાર્યકાળ માટે ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા

• નવી દિલ્હી

રતન ટાટાના નજીકના સહયોગી રહેલા મેહલી મિસ્ત્રીએ ટાટા ગ્રુપ સાથે સંકળાયેલા ચેરિટેબલ ટ્રસ્ટના બોર્ડ કમ્પોઝિશનને લઈને ચેરિટી કમિશનરનો દરવાજો ખખડાવ્યો છે. મિસ્ત્રીએ 'બાઈ હીરાબાઈ જમશેદજી ટાટા નવસારી ચેરિટેબલ ઈન્સ્ટિટ્યુશન'ના ટ્રસ્ટી તરીકે તેમનો કાર્યકાળ રિન્યુ ન થવાના નિર્ણયને પડકાર્યો છે. તેમણે પોતાની અરજીમાં દાવો કર્યો છે કે બોર્ડના કેટલાક સભ્યો ટ્રસ્ટ ડીડના નિયમો અનુસાર પાત્રતા ધરાવતા નથી, તેથી તેમના દ્વારા લેવાયેલા નિર્ણયો કાયદેસર રીતે માન્ય નથી.મેહલી મિસ્ત્રીને 29 ઓક્ટોબર 2022 થી ત્રણ વર્ષના કાર્યકાળ માટે ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઓક્ટોબર 2025 માં તેમના કાર્યકાળના રિન્યુઅલનો પ્રસ્તાવ આવ્યો, જેને ટ્રસ્ટના બોર્ડે નામંજૂર કરી દીધો. મિસ્ત્રીનો તર્ક છે કે તેમની વિરુદ્ધ મત આપનારા ટ્રસ્ટીઓમાંથી કેટલાક પોતે જ તે પદ પર બેસવા માટે હકદાર નથી. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, મિસ્ત્રીએ 'ચેન્જ રિપોર્ટ' સામે વાંધો નોંધાવ્યો છે. મિસ્ત્રીની અરજીમાં 7 ડિસેમ્બર 1923 ની મૂળ ટ્રસ્ટ ડીડનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અરજી મુજબ, આ ડીડમાં ટ્રસ્ટી બનવા માટે બે ફરજિયાત શરતો નક્કી કરવામાં આવી છે તેઓ બોમ્બે પ્રેસિડેન્સી-નવસારી અધિકારક્ષેત્રના કાયમી નિવાસી હોવા જોઈએ. મિસ્ત્રીનો આરોપ છે કે વર્તમાન બોર્ડના બે સભ્યો, વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ આ શરતો પૂરી કરતા નથી. અરજીમાં સીધી રીતે કહેવામાં આવ્યું છે કે વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ ક્યારેય પારસી ઝોરોસ્ટ્રિયન ધર્મના રહ્યા નથી અને ન તો હોઈ શકે છે આ ઉપરાંત, મિસ્ત્રીએ આરોપ લગાવ્યો કે આ બંને મુંબઈના કાયમી નિવાસી પણ નથી.મિસ્ત્રીનો દાવો છે કે તેમની નિમણૂકો શરૂઆતથી જ યોગ્ય ન હતી, તેથી તેમના દ્વારા કરવામાં આવેલું કોઈપણ કાર્ય કાયદેસર રીતે માન્ય નથી.ઓક્ટોબર 2025ના સર્ક્યુલર રિઝોલ્યુશનમાં મિસ્ત્રીના કાર્યકાળને લઈને થયેલા વોટિંગની વિગતો આ મુજબ છેવિરોધમાં (રિન્યુઅલ નહોતા ઈચ્છતા): નોએલ એન. ટાટા, વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ.મિસ્ત્રીનું કહેવું છે કે જો અયોગ્ય ટ્રસ્ટીઓના મતોને હટાવી દેવામાં આવે, તો તેમના કાર્યકાળને ન વધારવાનો રિઝોલ્યુશન આપમેળે રદ થઈ જશે. મિસ્ત્રીએ ટ્રસ્ટના કામકાજ પર પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે ચેરિટી કમિશનરને જણાવ્યું કે તેમની જાણકારી મુજબ, છેલ્લા બે વર્ષથી ટ્રસ્ટની કોઈ ઓફિશિયલ મીટિંગ થઈ નથી.તેમણે તેને પારદર્શિતા અને જવાબદારીના અભાવ તરીકે ગણાવ્યું. અરજીમાં માગ કરવામાં આવી છે કે ચેરિટી કમિશનર ટ્રસ્ટના રેકોર્ડ અને મિનિટ બુકની તપાસ કરે અને તમામ ટ્રસ્ટીઓ પાસેથી સોગંદનામું લે કે તેઓ યોગ્યતાની શરતો પૂરી કરે છે કે નહીં.અરજીમાં એક મહત્વપૂર્ણ કાનૂની પેચ એ પણ ફસાવવામાં આવ્યો છે કે જો અયોગ્ય ટ્રસ્ટીઓને હટાવી દેવામાં આવે, તો ટ્રસ્ટમાં લઘુત્તમ 5 સભ્યોની ફરજિયાત સંખ્યા ઓછી થઈ જશે.

આવી સ્થિતિમાં મિસ્ત્રીએ વર્તમાન બોર્ડની જગ્યાએ એક એડમિનિસ્ટ્રેટર નિયુક્ત કરવાની માગ કરી છે. જોકે, મિસ્ત્રીએ સ્પષ્ટ કર્યું કે તેમનો હેતુ પોતાની પુનઃસ્થાપના નથી, પરંતુ ટ્રસ્ટના મૂળ ઉદ્દેશ્ય અને પારસી સમુદાયના હિતોનું રક્ષણ કરવાનો છે. આ એક જૂનું ચેરિટેબલ ટ્રસ્ટ છે જેને ખાસ કરીને નવસારીના પારસી સમુદાયના કલ્યાણ અને ધાર્મિક કાર્યો માટે બનાવવામાં આવ્યું હતું.ટાટા પરિવારના શરૂઆતના સમયમાં સ્થાપિત આ ટ્રસ્ટની ડીડ ખૂબ જ કડક છે, જે ફક્ત સમુદાયના લોકોને જ તેના સંચાલનનો અધિકાર આપે છે.

# દૃષ્ટિકોણ બદલો, ભાગ્ય બદલાશે:ત્રણ શ્રમિકોની વાર્તામાં છૂપાયેલું છે જીવનનું સાચું રહસ્ય, જાણો પ્રેરણાદાયી કથા



એક સંત પોતાના શિષ્યો સાથે યાત્રા પર નીકળ્યા હતા. તેઓ જ્યાં-જ્યાં જતાં, ત્યાં રોકાઈને લોકોને જીવન જીવવાની સાચી દિશા બતાવતા. એક દિવસ તેઓ એક એવી જગ્યાએ પહોંચ્યા, જ્યાં મોટા પાયે બાંધકામ ચાલી રહ્યું હતું. ચારે બાજુ પથ્થરોનો અવાજ, મજૂરોની અવરજવર અને કામનો ઘોંઘાટ હતો.સંતે વિચાર્યું કે અહીં કામ કરી રહેલા લોકો સાથે વાત કરવી જોઈએ. તેઓ એક મજૂર પાસે ગયા, જે પથ્થર તોડી રહ્યો હતો. સંતે તેને શાંત સ્વરમાં પૂછ્યું, 'બેટા, અહીં શું બની રહ્યું છે?' મજૂર પહેલેથી જ ચીડાયેલો હતો. તેણે ગુસ્સામાં જવાબ આપ્યો, 'મને ખબર નથી બાબા, તમે આગળ વધો.' તેના અવાજમાં થાક અને ચીડ સ્પષ્ટ દેખાઈ રહી હતી.સંત કશું કહ્યા વિના આગળ વધ્યા અને બીજા મજૂર પાસે પહોંચ્યા. તેમણે તે જ પ્રશ્ન ફરી પૂછ્યો. આ વખતે મજૂરે ગુસ્સા વિના પણ ઉદાસીનતાથી જવાબ આપ્યો, 'મને એનાથી શું ફરક પડે છે? હું તો અહીં મજૂરી કરવા આવ્યો છું. દિવસભર કામ કરું છું અને સાંજે પૈસા લઈને ઘરે જતો રહું છું.'

સંત ફરી આગળ વધ્યા અને ત્રીજા મજૂર પાસે પહોંચ્યા. આ મજૂરે સંતને જોતા જ હાથ જોડીને પ્રણામ કર્યા. જ્યારે સંતે તેને પૂછ્યું કે, 'અહીં શું બની રહ્યું છે?' ત્યારે તેના ચહેરા પર સ્મિત આવી ગયું. તેણે ઉત્સાહથી કહ્યું, 'ગુરુજી, અહીં એક સુંદર મંદિર બની રહ્યું છે. અમારા ગામમાં પહેલા મંદિર નહોતું, હવે લોકોને પૂજા માટે દૂર જવું નહીં પડે.'મજૂરે જવાબ આપ્યો, 'હા ગુરુજી, મને ખૂબ આનંદ મળે છે. જ્યારે હું પથ્થર કોતરું છું, ત્યારે મને એવું લાગે છે કે હું ભગવાનના ઘરનું નિર્માણ કરી રહ્યો છું. આ કામમાં મને સંગીત જેવો આનંદ આવે છે.'આ સાંભળીને સંતે પોતાના શિષ્યો તરફ જોયું અને કહ્યું, 'આ જ જીવનનું સાચું રહસ્ય છે. ત્રણેય મજૂરોનું કામ એક જ છે, ત્રણેયની પરિસ્થિતિઓ એક જ છે, પરંતુ ત્રણેયની વિચારસરણી અલગ-અલગ છે. જે વ્યક્તિ કામને બોજ સમજે છે, તે દુઃખી રહે છે. જે તેને ઉદ્દેશ્ય અને આનંદ સાથે કરે છે, તે જ સાચું સુખ પામે છે.' સૌથી પહેલું અને જરૂરી સૂત્ર છે- દૃષ્ટિકોણ બદલવોઃ કામ એ જ રહે છે, પરંતુ આપણી વિચારસરણી તેને સરળ કે મુશ્કેલ બનાવે છે. જો આપણે દરેક કામને બોજ માનીશું, તો તે આપણને થકવી દેશે. જ્યારે, જો આપણે તેને એક અવસર તરીકે જોઈશું, તો તે જ કામ આનંદ આપવા લાગશે.બીજું સૂત્ર છે- ઉદ્દેશ્ય સાથે કામ કરવુંઃ જ્યારે આપણને આપણા કામનો ઉદ્દેશ્ય ખબર હોય છે, ત્યારે તેમાં રુચિ વધી જાય છે. જેમ ત્રીજા મજૂરને ખબર હતી કે, તે મંદિર બનાવી રહ્યો છે.

# વિશ્વની મોટી કંપનીઓમાં સામેલ ઓરેકલે મોટા પાયે છટણી કરી, 12 હજાર ભારતીયોએ નોકરી ગુમાવી

• નવી દિલ્હી

દુનિયાના છટ્ઠા સૌથી અમીર ઉદ્યોગપતિ લેરી એલિસનની ટેક કંપની ઓરેકલે લગભગ 30,000 કર્મચારીઓને છૂટા કર્યા છે. જેમાં ભારતના 12,000 કર્મચારીઓનો સમાવેશ થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કંપની આવતા મહિને છટણીનો બીજો રાઉન્ડ પણ શરૂ કરી શકે છે. કર્મચારીઓને સવારે 6 વાગ્યે ઈનબોક્સમાં ટર્મિનેશન લેટર મળ્યા. તેમાં લખ્યું હતું કે આજે તેમનો છેલ્લો કાર્યકારી દિવસ છે. થોડી જ મિનિટોમાં તેમની સિસ્ટમ એક્સેસ બંધ કરી દેવામાં આવી.કંપનીએ છટણી અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. બિઝનેસ ઈનસાઈડર અનુસાર, ઓરેકલે ઘણા દેશોમાં કર્મચારીઓને ઈમેઈલ મોકલીને જણાવ્યું છે કે કંપની ફેરફારો કરી રહી છે, જેના હેઠળ કેટલાક પદો નાબૂદ કરવામાં આવ્યા છે.કંપનીએ કર્મચારીઓને તેમના કામ માટે આભાર પણ માન્યો. સાથે જ જણાવ્યું કે આગળની પ્રક્રિયા, જેમ કે સેવરન્સ પેકેજ (નોકરી સમાપ્ત થવા પર મળતા પૈસા) અને નવી નોકરી શોધવામાં મદદ સંબંધિત માહિતી માટે તેઓ પોતાનું પર્સનલ ઈમેલ એડ્રેસ આપે.એક સિનિયર મેનેજર માઈકલ શેર્ફે લિંક્ડઈન પર લખ્યું કે સિનિયર એન્જિનિયર્સ, આર્કિટેક્ટ્સ, ઓપરેશન્સ લીડર્સ, પ્રોગ્રામ મેનેજર્સ અને ટેકનિકલ સ્પેશિયાલિસ્ટ્સને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ છટણી પર્ફોર્મન્સના આધારે કરવામાં આવી નથી.બીબીસીના એક રિપોર્ટમાં સિનિયર કર્મચારીઓના હવાલાથી જણાવાયું છે કે કંપની AI માં ભારે રોકાણ કરી રહી છે, જેના કારણે આ પગલું ભરવામાં આવ્યું છે. ઓરેકલ આંતરિક રીતે AI ટૂલ્સનો ઉપયોગ કરી રહી છે. તેની મદદથી ઓછા કર્મચારીઓ વધુ કામ કરી શકે છે.નિષ્ણાતો તેને 'અદ્રશ્ય છટણી' કહી રહ્યા છે, જેમાં કંપનીઓ કોઈ મોટી જાહેરાત કર્યા વિના ચૂપચાપ ધીમે ધીમે કર્મચારીઓની સંખ્યા ઘટાડી રહી છે. છેલ્લા ત્રણ મહિનામાં એમેઝોન, મેટા અને ડેલ જેવી કંપનીઓમાં કુલ 94 હજારથી વધુ લોકોએ નોકરી ગુમાવી છે.

# Gmail યુઝર્સ પોતાનું ઇમેઇલ એડ્રેસ બદલી શકશે:ગૂગલ લાવ્યું નવું ફીચર; જૂના ઇનબોક્સમાં જ આવશે નવા મેઇલ

• નવી દિલ્હી


ગૂગલે તેના ઈમેલ પ્લેટફોર્મ જીમેલમાં નવું ફીચર લોન્ચ કર્યું છે, જેનાથી હવે તમે તમારી ઈમેલ આઈડીનું યુઝરનેમ (@gmail.com પહેલાનો ભાગ) બદલી શકશો. કંપનીના મતે, આ તમારી ડિજિટલ ઓળખને અપગ્રેડ કરવાની એક રીત છે. હાલમાં આ અપડેટ અમેરિકી યુઝર્સ માટે છે, જે એવા લોકો માટે મોટી રાહત છે જેઓ પોતાનું 'અજીબ' યુઝરનેમ બદલવા માંગતા હતા. આગળ અમે તમને તેને બદલવાની સંપૂર્ણ પ્રક્રિયા અને જૂના એડ્રેસ સાથે જોડાયેલી જરૂરી વાતો જણાવીશું. ગૂગલના CEO સુંદર પિચાઈએ X પર પોસ્ટ કરીને લખ્યું, '2004 એક સારું વર્ષ હતું, પરંતુ તમારા Gmail એડ્રેસને તેમાં ફસાયેલા રહેવાની જરૂર નથી. હવે યુઝર્સને તેમના જૂના કે 'શરમજનક' ઈમેલ એડ્રેસ (જેમ કે- coolboy123) સાથે રહેવાની જરૂર નથી. ગૂગલ હવે તેને બદલવાની સુવિધા આપી રહ્યું છે.' તમે જેવું તમારું નવું Gmail એડ્રેસ પસંદ કરો છો, તમારું જૂનું ઈમેઈલ એડ્રેસ સંપૂર્ણપણે ડિલીટ થશે નહીં. ડેટા સુરક્ષિતઃ તમારા જૂના મેઈલ, ફોટા, ડ્રાઈવની ફાઈલો અને મેસેજ પર કોઈ અસર નહીં થાય. લોગ-ઈન સુવિધાઃ તમે ગૂગલની તમામ સેવાઓ (જેમ કે- મેપ્સ, યુટ્યુબ, ડ્રાઈવ) પર જૂના કે નવા, કોઈપણ ઈમેઈલથી લોગ-ઈન કરી શકશો.

### 5 વર્ષ સુધી દર મહિને 1 હજારના રોકાણ પર 71 હજારનું ફંડ બનશે

# પોસ્ટ ઓફિસ RD પર 6.7% વ્યાજ:100 રૂપિયાથી રોકાણની શરૂઆત કરી શકો છો

• નવી દિલ્હી

સરકારે ઓક્ટોબર-ડિસેમ્બર (Q1FY27) માટે સ્મોલ સેવિંગ્સ સ્કીમ્સના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. એટલે કે, તમને પહેલા જેટલું જ વ્યાજ મળતું રહેશે. આવી સ્થિતિમાં, જો તમે રિકરિંગ ડિપોઝિટ (RD) કરાવવાનું વિચારી રહ્યા છો, તો પોસ્ટ ઓફિસ RD તમારા માટે યોગ્ય વિકલ્પ બની શકે છે. આના પર 6.70% વાર્ષિક વ્યાજ મળી રહ્યું છે. આમાં 5 વર્ષ સુધી દર મહિને 2 હજાર રૂપિયા જમા કરવા પર 1 લાખ 43 હજાર રૂપિયાનું એકસાથે ફંડ તૈયાર કરી શકાય છે. અહીં અમે તમને પોસ્ટ ઓફિસ RD વિશે જણાવી રહ્યા છીએ.પોસ્ટ ઓફિસની રિકરિંગ ડિપોઝિટ અથવા RD તમને મોટી બચતમાં મદદ કરી શકે છે. તમે આમાં દર મહિને પગાર આવે



ત્યારે એક નિશ્ચિત રકમ જમા કરતા રહો અને 5 વર્ષ પછી મેચ્યોર થવા પર તમારા હાથમાં મોટી રકમ હશે. ઘરની ગુલ્લકમાં પૈસા જમા કરવા પર ભલે તમને વ્યાજ ન મળે, પરંતુ અહીં પૈસા જમા કરવા પર તમને સારું વ્યાજ પણ મળે છે.

પોસ્ટ ઓફિસ RD માં જો તમે દર મહિને 1 હજાર રૂપિયાનું રોકાણ કરો છો, તો 6.7% વાર્ષિક વ્યાજ દર મુજબ 5 વર્ષ પછી મેચ્યોર થવા પર તે લગભગ 71 હજાર રૂપિયા થઈ જશે. RD પર લોન સુવિધા પણ મળે છે. એટલે કે, વચ્ચે પૈસાની જરૂર પડવા પર તમે RD તોડાવ્યા વગર તેના પર લોન પણ લઈ શકો છો. તેમાં પર્સનલ લોનની સરખામણીમાં ઓછા વ્યાજ પર લોન મળે છે.પોસ્ટ ઓફિસની પાંચ વર્ષવાળી RDમાં જો તમે સતત 12 હપ્તા જમા કરાવો છો, તો તમે લોનની સુવિધાનો લાભ લઈ શકો છો. એટલે કે, આ સુવિધા લેવા માટે તમારે ઓછામાં ઓછું એક વર્ષ સતત રકમ જમા કરાવવી પડશે. એક વર્ષ પછી તમે તમારા ખાતામાં જમા રકમના 50% સુધી લોન લઈ શકો છો. જો તમે RD પર લોન લો છો, તો તમને લોનની રકમ પર વ્યાજ 2% + RD ખાતા પર લાગુ વ્યાજ દર તરીકે લાગુ પડશે. જેમ કે અત્યારે RD પર 6.7% વ્યાજ મળી રહ્યું છે, આવા કિસ્સામાં જો તમે અત્યારે RD પર વ્યાજ લો છો, તો તમને 8.7% વાર્ષિક વ્યાજ દરે લોન મળશે.

'વિપક્ષે 'ધુરંધર', 'કાશ્મીર ફાઇલ્સ' અને 'કેરળ સ્ટોરી'ને જૂઠ ગણાવી, તેમનું આ જ કામ છે'

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિલ્મોનો ઉલ્લેખ કરી વિપક્ષને ઘેર્યા

## નાગરિકતા સંશોધન કાયદો (CAA) લાવ્યા, ત્યારે તેમણે જૂઠું બોલ્યું, આજે CAA લાગુ થયો, દેશને કોઈ નુકસાન થયું નથી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કેરળના થિરુવલ્લામાં આયોજિત NDA (નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ)ની રેલીમાં ફિલ્મ 'ધુરંધર', 'ધ કેરળ સ્ટોરી' અને 'ધ કાશ્મીર ફાઈલ્સ'નો ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ કહ્યું, 'કોંગ્રેસ, UDF (યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ) -LDF (લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ)નો દરેક બાબતમાં જૂઠું બોલવાનો સ્વભાવ બની ગયો છે. જ્યારે અમે નાગરિકતા સંશોધન કાયદો (CAA) લાવ્યા, ત્યારે તેમણે જૂઠું બોલ્યું, આજે CAA લાગુ થયો, દેશને કોઈ નુકસાન થયું નથી. તેમણે કહ્યું કે 'ધ કેરળ સ્ટોરી' આ જૂઠું છે, તેમણે કહ્યું 'ધ કાશ્મીર ફાઈલ્સ' આ જૂઠું છે, તેમણે કહ્યું કે 'ધુરંધર' પણ એક જૂઠું છે.' વડાપ્રધાને આગળ કહ્યું, 'આ દિવસોમાં તેઓ ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA) અને યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ને લઈને પણ આવું જૂઠ ફેલાવી રહ્યા છે. ગોવામાં દાયકાઓથી UCC છે, પરંતુ તેઓ તેના વિશે પણ ખોટી વાતો ફેલાવી રહ્યા છે. આ જૂઠ ફેલાવવાનો ધંધો લઈને બેઠા છે.'

'ધુરંધર'ના બંને ભાગોએ બોક્સઓફિસ પર અનેક રેકોર્ડ સર્જ્યા ફિલ્મ 'ધુરંધર' આદિત્ય ધરની ફિલ્મ છે, જે બે ભાગમાં રિલીઝ થઈ હતી. તેમાં રણવીર સિંહ, અક્ષય ખન્ના, આર. માધવન, સંજય દત્ત અને અર્જુન રામપાલ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 1999ના કંધાર હાઈજેક અને 26/11 જેવી વાસ્તવિક ભૂ-રાજકીય ઘટનાઓથી પ્રેરિત છે. ફિલ્મનો પહેલો ભાગ 5 ડિસેમ્બર 2025ના રોજ રિલીઝ થયો હતો, જ્યારે તેનો બીજો ભાગ તાજેતરમાં 19 માર્ચ 2026ના રોજ રિલીઝ થયો હતો. બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર કમાણીના અનેક રેકોર્ડ્સ બ્રેક કર્યા છે.







'ધુરંધર'ના બંને ભાગમાં પાકિસ્તાનમાં ઘુસેલા ભારતીય જાસુસની વાર્તા છે. 'ધુરંધર'ના બંને ભાગમાં પાકિસ્તાનમાં ઘુસેલા ભારતીય જાસુસની વાર્તા છે. ડિરેક્ટર સુદીપ્તો સેનની ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી' (2023) એવી છોકરીઓની વાર્તા પર કેન્દ્રિત છે, જેમને કટ્ટરપંથી બનાવીને ISISમાં જોડાવા માટે ઉશ્કેરવામાં આવી હતી. ફિલ્મમાં અદા શર્મા મુખ્ય ભૂમિકામાં હતી. આ ફિલ્મની સીક્વલ 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ' પણ ફેબ્રુઆરી 2026માં રિલીઝ થઈ હતી. જોકે, ફિલ્મની રિલીઝ પહેલાં અને બાદમાં પણ ઘણા વિવાદોમાં સપડાઈ હતી. 'ધુરંધર'ના બંને ભાગમાં પાકિસ્તાનમાં ઘુસેલા ભારતીય જાસુસની વાર્તા છે. 'ધુરંધર'ના બંને ભાગમાં પાકિસ્તાનમાં ઘુસેલા ભારતીય જાસુસની વાર્તા છે. ડિરેક્ટર સુદીપ્તો સેનની ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી' (2023) એવી છોકરીઓની વાર્તા પર કેન્દ્રિત છે, જેમને કટ્ટરપંથી બનાવીને ISISમાં જોડાવા માટે ઉશ્કેરવામાં આવી હતી. ફિલ્મમાં અદા શર્મા મુખ્ય ભૂમિકામાં હતી. આ ફિલ્મની સીક્વલ 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ' પણ ફેબ્રુઆરી 2026માં રિલીઝ થઈ હતી. જોકે, ફિલ્મની રિલીઝ પહેલાં અને બાદમાં પણ ઘણા વિવાદોમાં સપડાઈ હતી.

'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ'માં ધર્માંતરણ, લવ જેહાદ સહિતના મુદ્દા દર્શાવવામાં આવ્યા છે. 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ'માં ધર્માંતરણ, લવ જેહાદ સહિતના મુદ્દા દર્શાવવામાં આવ્યા છે.\ 'ધ કાશ્મીર ફાઈલ્સ' 2022માં રિલીઝ થઈ હતી જ્યારે, વિવેક અગ્નિહોત્રીના ડિરેક્શનમાં બનેલી 2022ની ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સ' 1990ના દાયકામાં કાશ્મીરી પંડિતોના નરસંહાર અને પલાયનની ઘટનાઓને દર્શાવે છે. તેમાં અનુપમ ખેર અને મિથુન ચક્રવર્તી જેવા કલાકારો હતા. 'ધ કાશ્મીર ફાઈલ્સ'માં કાશ્મીરી પંડિતોની વાર્તા દર્શાવવામાં આવી છે.

'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ'માં ધર્માંતરણ, લવ જેહાદ સહિતના મુદ્દા દર્શાવવામાં આવ્યા છે. 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ'માં ધર્માંતરણ, લવ જેહાદ સહિતના મુદ્દા દર્શાવવામાં આવ્યા છે.\ 'ધ કાશ્મીર ફાઈલ્સ' 2022માં રિલીઝ થઈ હતી જ્યારે, વિવેક અગ્નિહોત્રીના ડિરેક્શનમાં બનેલી 2022ની ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સ' 1990ના દાયકામાં કાશ્મીરી પંડિતોના નરસંહાર અને પલાયનની ઘટનાઓને દર્શાવે છે. તેમાં અનુપમ ખેર અને મિથુન ચક્રવર્તી જેવા કલાકારો હતા. 'ધ કાશ્મીર ફાઈલ્સ'માં કાશ્મીરી પંડિતોની વાર્તા દર્શાવવામાં આવી છે.

### સિંગલ મધર માટે દીકરો બન્યો મેચમેકર!:

# 'મા કા સમ'ની સ્ટારકાસ્ટે શોના રાઝ ખોલ્યા; મોના સિંહે 'ધુરંધર'ના સ્પોઈલરનો રસપ્રદ કિસ્સો

ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ પર વેબ શો 'મા કા સમ' રિલીઝ થઈ ચૂક્યો છે. આ વાર્તા મા-દીકરાના સંબંધને એક નવા અને આધુનિક દૃષ્ટિકોણથી રજૂ કરે છે. આ શોમાં ઈમોશન, હ્યુમર અને આજની પેઢીની વિચારસરણીનો રસપ્રદ મેળ જોવા મળે છે, જ્યાં એક દીકરો પોતાની સિંગલ મધર માટે યોગ્ય લાઈફ પાર્ટનર શોધવાનો પ્રયાસ કરે છે. મોના સિંહ અને મિહિર આહુજાએ તેમના પાત્રો, શૂટિંગના અનુભવ, ફિલ્મી સફર અને આ વાર્તા દ્વારા સમાજને આપવામાં આવી રહેલા મહત્વપૂર્ણ સંદેશ પર વિસ્તૃત વાતચીત કરી. આ દરમિયાન મોના સિંહે ફિલ્મ 'ધુરંધર' સાથે જોડાયેલો એક રસપ્રદ કિસ્સો પણ શેર કર્યો, જેમાં તેમણે સેટ પર જ એક્ટર ગૌરવ ગેરાને સ્પોઈલર આપતા રોકી દીધો હતો.મોના સિંહઃ મને આ શોની સૌથી ખાસ વાત તેની વિચારસરણી લાગી. સામાન્ય રીતે આપણે માતાના પાત્રને એક નિશ્ચિત માળખામાં જોઈએ છીએ, જ્યાં તે ફક્ત તેના બાળકો માટે જીવે છે. પરંતુ આ વાર્તામાં માતાને એક માણસ તરીકે દર્શાવવામાં આવી છે, જેની પોતાની ઈચ્છાઓ છે, પોતાના સપના છે અને જે પોતાના જીવનમાં બીજી તકને લાયક છે.આ ખૂબ જ તાજગીભર્યો અને પ્રગતિશીલ અભિગમ છે. ખાસ કરીને સિંગલ મધર્સ માટે તે ખૂબ જ જરૂરી છે કે, તેમને પણ પોતાનું જીવન જીવવાનો પૂરો હક મળે. મને લાગ્યું કે આ શો લોકોની વિચારસરણી બદલી શકે છે અને આ જ કારણોસર મેં તેને તરત હા પાડી દીધી. મિહિર આહુજાઃ અગસ્ત્ય એક ખૂબ જ હોશિયાર અને સંવેદનશીલ છોકરો છે, જે તેની માતાને ખૂબ પ્રેમ કરે છે. તે ઈચ્છે છે કે તેની માતાના જીવનમાં કોઈ અભાવ ન રહે, ખાસ કરીને તેમના અંગત જીવનમાં. તે એક ગણિતનો જીનિયસ છે અને દરેક વસ્તુને તર્ક અને અલ્ગોરિધમ દ્વારા સમજવાનો પ્રયાસ કરે છે. આ જ વિચાર સાથે તે તેની માતા માટે ડેટ્સ ગોઠવે છે, જેથી તે એક પરફેક્ટ પાર્ટનર પસંદ કરી શકે. આ પાત્ર ખૂબ જ રસપ્રદ છે કારણ કે તેમાં ભાવના અને તર્કનો અનોખો સુમેળ જોવા મળે છે.

મોના સિંહઃ શોમાં જે ડેટ્સ બતાવવામાં આવી છે, તે ખરેખર તેના દીકરા દ્વારા ગોઠવવામાં આવી છે. તેનો દીકરો એ સમજવા માંગે છે કે, કયો વ્યક્તિ તેની માતા માટે યોગ્ય રહેશે. આ આખી પ્રક્રિયા ખૂબ જ રસપ્રદ છે કારણ કે તેમાં એક પ્રકારનો પ્રયોગ પણ છે. જેમ કે, આપણે જીવનમાં અલગ-અલગ વસ્તુઓ અજમાવીને સાચો વિકલ્પ પસંદ કરીએ છીએ. અહીં પણ એ જ થઈ રહ્યું છે, બસ ફરક એટલો છે કે આ એક માતાની લવ લાઈફ વિશે છે, જે આપણા સમાજમાં હજુ પણ થોડું વર્જિત માનવામાં આવે છે. મને લાગે છે કે આ પહેલ ખૂબ જ જરૂરી છે, કારણ કે તેનાથી લોકો સમજશે કે માતા પણ પોતાની ખુશી વિશે વિચારી શકે છે. મોના સિંહઃ દિલ્હીમાં શૂટ કરવામાં આવેલો એક ડેટ સીન મારા માટે ખૂબ જ યાદગાર અને મજેદાર રહ્યો. તે સીનમાં સતત ફોન કોલ્સ આવી રહ્યા હતા, ક્યારેક મારી માતાના, તો ક્યારેક સામેવાળા છોકરાની માતાના. તે આખી પરિસ્થિતિ એટલી વાસ્તવિક અને રમુજી બની ગઈ હતી કે, અમે શૂટ કરતા-કરતા હસી પડતા હતા. સામેના એક્ટરે પણ ખૂબ જ શાનદાર પ્રદર્શન કર્યું, જેનાથી દ્રશ્ય વધુ મજેદાર બની ગયું. તે દરમિયાન મને લાગ્યું કે, વાસ્તવિક જીવનમાં પણ કદાચ લોકો સાથે આવી વિચિત્ર અને મજેદાર ડેટ્સ થતી હશે. મોના સિંહઃ ઓટીટી મારા માટે એક ખૂબ મોટો ગેમ ચેન્જર રહ્યું છે. મને એવું લાગે છે કે, મને મારી બીજી ઈનિંગ્સ અહીંથી જ મળી છે. અહીં વાર્તાઓ વધુ વાસ્તવિક અને સ્તરવાળી હોય છે, ખાસ કરીને મહિલા પાત્રો માટે. પહેલાં જ્યાં પાત્રોને ફક્ત સકારાત્મક કે નકારાત્મકના દાયરામાં બતાવવામાં આવતા હતા, ત્યાં ઓટીટી પર તેમને પૂરા ઊંડાણ અને વિસ્તાર સાથે રજૂ કરવામાં આવે છે. જો ઓટીટી ન હોત, તો કદાચ મને આવા રોલ ભજવવાનો મોકો ન મળત.મોના સિંહઃ અમે અમૃતસરમાં શૂટ કરી રહ્યા હતા, ત્યારે જ ગૌરવ ગેરા ('ધુરંધર'માં ભારતીય જાસુસ મોહમ્મદ આલમનું પાત્ર ભજવનાર) મને 'ધુરંધર' ફિલ્મ સાથે જોડાયેલી તસવીરો અને વાર્તા કહેવા લાગ્યા.



### 'રામાયણ' ફિલ્મ પર ચીનના યુઝર્સની પ્રતિક્રિયા

# રામ'ના પાત્ર માટે રણબીર કપૂરને બદલે ટીવીના 'કૃષ્ણ' સૌરભ રાજ જૈનને પરફેક્ટ ગણાવ્યા

રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામનો લુક તાજેતરમાં રીવીલ કરવામાં આવ્યો, જેને ચીનના કથિત ઈન્ટરનેટ યુઝર્સે પસંદ કર્યો છે. આ પ્રતિક્રિયાઓ રેડિટ પર વાયરલ પોસ્ટ દ્વારા સામે આવી છે, જ્યાં લોકોએ વિઝ્યુઅલ્સની પ્રશંસા કરી, પરંતુ ભગવાન રામના રોલ માટે રણબીર કપૂરની જગ્યાએ ટીવી સિરિયલ 'મહાભારત'માં કૃષ્ણ બનેલા સૌરભ રાજ જૈનને વધુ સારો વિકલ્પ ગણાવ્યો.2 એપ્રિલે રામાયણના ટીઝરને યુટ્યુબ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર રિલીઝ કર્યા પછી દર્શકોની પ્રતિક્રિયાઓ સતત સામે આવી રહી છે. આ દરમિયાન રેડિટ પર એક વાયરલ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો કે, ચીનના ઈન્ટરનેટ યુઝર્સ પણ આ ટીઝર પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. જોકે, આ દાવાઓની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. 'રામાયણ' પર ચીનના લોકોના રિએક્શનવાળી રેડિટ પોસ્ટ.પોસ્ટ અનુસાર, એક યુઝરે ફિલ્મના વિઝ્યુઅલ્સની પ્રશંસા કરતા લખ્યું કે, 'તે સસ્તા ફેન્ટેસી ડ્રામાથી અલગ અને વધુ સારી લાગે છે.' જ્યારે બીજા યુઝરે ભારતીય પૌરાણિક ફિલ્મો પર વિશ્વાસ વ્યક્ત કર્યો. જોકે, ભગવાન રામના પાત્રને લઈને કેટલાક યુઝર્સે અલગ અભિપ્રાય આપ્યો. ઘણા યુઝર્સે લખ્યું કે, ''મહાભારત'માં શ્રીકૃષ્ણનો રોલ ભજવનાર સૌરભ રાજ જૈન આ ભૂમિકા માટે વધુ યોગ્ય હોત.' એક યુઝરે કહ્યું કે, 'આ પાત્ર તેમના માટે જ બન્યું છે.'નોંધનીય છે કે, ચીનમાં રામાયણના ઘણા રૂપાંતરણોને સેક્રેડ લોર્ડ જેવા નામોથી ડબ કરીને રિલીઝ કરવામાં આવ્યા હતા, જેને ત્યાંના દર્શકોએ ખૂબ પસંદ કર્યા છે.સૌરભ રાજ જૈન 2013-2014માં પ્રસારિત 'મહાભારત'માં શ્રીકૃષ્ણ અને 2014ના 'મહાદેવ'માં ભગવાન વિષ્ણુની ભૂમિકા ભજવી ચૂક્યા છે. આ બંને શો ચીનમાં પણ લોકપ્રિય રહ્યા છે, જેના કારણે ત્યાંના દર્શકો તેમને રામના રૂપમાં જોવાનું પસંદ કરી રહ્યા છે.



જોકે, ભગવાન રામના પાત્રને લઈને કેટલાક યુઝર્સે અલગ અભિપ્રાય આપ્યો. ઘણા યુઝર્સે લખ્યું કે, ''મહાભારત'માં શ્રીકૃષ્ણનો રોલ ભજવનાર સૌરભ રાજ જૈન આ ભૂમિકા માટે વધુ યોગ્ય હોત.' એક યુઝરે કહ્યું કે, 'આ પાત્ર તેમના માટે જ બન્યું છે.'નોંધનીય છે કે, ચીનમાં રામાયણના ઘણા રૂપાંતરણોને સેક્રેડ લોર્ડ જેવા નામોથી ડબ કરીને રિલીઝ કરવામાં આવ્યા હતા, જેને ત્યાંના દર્શકોએ ખૂબ પસંદ કર્યા છે.સૌરભ રાજ જૈન 2013-2014માં પ્રસારિત 'મહાભારત'માં શ્રીકૃષ્ણ અને 2014ના 'મહાદેવ'માં ભગવાન વિષ્ણુની ભૂમિકા ભજવી ચૂક્યા છે. આ બંને શો ચીનમાં પણ લોકપ્રિય રહ્યા છે, જેના કારણે ત્યાંના દર્શકો તેમને રામના રૂપમાં જોવાનું પસંદ કરી રહ્યા છે.

### રણબીરનો 'રામ' લુક અપેક્ષા પર ખરો ન ઉતર્યો

# કોસ્ચ્યુમ ડિઝાઈનર્સે આકરી ટીકા કરતા કહ્યું, 'ટીવીમાં મર્યાદિત બજેટ હોવા છતાં ડિઝાઇન વધુ સમૃદ્ધ અને જીવંત હતી'




રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'નું ટીઝર સામે આવતા જ તેના દરેક પાસા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન, ટીવીની પૌરાણિક શ્રેણીઓ પર કામ કરી ચૂકેલા કોસ્ચ્યુમ ડિઝાઈનર્સે ફિલ્મમાં ભગવાન રામના લુક પર પોતાનો અભિપ્રાય આપ્યો છે અને તેને એક ચૂકી ગયેલી તક ગણાવી છે. 'વેરાયટી ઈન્ડિયા'ના રિપોર્ટ અનુસાર, ટીવીના સુપરહિટ શો 'શ્રીમદ્ રામાયણ' અને 'રાધાકૃષ્ણ' પર કામ કરી ચૂકેલા કોસ્ચ્યુમ ડિઝાઈનર શિબપ્રિયા સેને કહ્યું કે, 'ફિલ્મનું પહેલું ટીઝર અપેક્ષા મુજબ આશ્ચર્યજનક લાગ્યું નહીં. ટીવી પર 'રામ' અને અન્ય પાત્રોના પોશાકોની પ્રેરણા ભારતીય સંસ્કૃતિ, મંદિરો અને મૂર્તિઓમાંથી લેવામાં આવતી હતી.''જેમ કે રામના મુગટમાં સૂર્ય રથનું ચક્ર અને પીળો રંગ, સીતા માટે મધુબની છાપ, અને હનુમાનજી માટે અજંતા, એલોરા અને હમ્પીની મૂર્તિઓ.'શિબપ્રિયા સેન અનુસાર, 'રામ ભારતની આસ્થાનું કેન્દ્ર છે, તેથી વસ્ત્રોમાં પ્રયોગ કરતી વખતે તેમના દિવ્ય સ્વરૂપનું સન્માન કરવું જરૂરી છે. ટીવીમાં સીમિત બજેટ અને સમય હોવા છતાં તેમની ડિઝાઇન ખૂબ જ સમૃદ્ધ અને જીવંત હતી.'બીજી તરફ, 'હાતિમ', 'સિયા કે રામ' અને 'દેવો કે દેવ...મહાદેવ' જેવી પૌરાણિક શૃંખલાઓમાં કામ કરી ચૂકેલા કોસ્ચ્યુમ ડિઝાઈનર નીરુષા નિકહતે કહ્યું કે, 'ફિલ્મમાં સૌંદર્ય અને નવીનતાનો અભાવ છે. નિર્માતા નામિત મલ્હોત્રા વધુ પ્રાયોગિક અને યાદગાર ડિઝાઈન લાવી શક્યા હોત.' તેમણે એમ પણ કહ્યું કે, 'આ પ્રોજેક્ટમાં બિનઅનુભવી લોકોને સામેલ કરવામાં આવ્યા હતા, જ્યારે આવા પ્રોજેક્ટમાં અનુભવી ડિઝાઈનર્સની જરૂર હતી.' ડિઝાઈનર્સનું કહેવું છે કે, 'મોટા બજેટ અને તકનીકી સ્વતંત્રતા હોવા છતાં, ફિલ્મમાં પોશાકો અને આભૂષણોમાં વધુ સાંસ્કૃતિક અને રચનાત્મક ઊંડાણ હોઈ શકતું હતું. આ પ્રોજેક્ટ દર્શકો માટે એક ચૂકી ગયેલી રચનાત્મક તક સાબિત થયો.' ફિલ્મ હજુ રિલીઝ થઈ નથી, પરંતુ પહેલા લુક પરથી સ્પષ્ટ છે કે, તેમાં વધુ અધિકૃત અને યાદગાર સૌંદર્યબોધ દર્શાવી શકાયો હોત.'

### સલમાન ખાનની દરિયાદિલી

# વિદેશમાં શૂટિંગમાં વ્યસ્ત હોવા છતાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની દર્દીને ફોન કરી હિંમત વધારી, ઘરે બોલાવી ખાસ સરપ્રાઈઝ આપી

સલમાન ખાન જરૂરિયાતમંદો માટે અવારનવાર કામ કરતો રહે છે. તાજેતરમાં એક મહિલા ચાહકે સલમાન સાથેનો એક કિસ્સો શેર કર્યો, જેણે લોકોને ભાવુક કરી દીધા. જ્યારે આ ચાહક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ જેવી ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે સલમાને ન માત્ર તેને હિંમત આપી, પણ તેની સાથે ઊભો પણ રહ્યો. સલમાને ફરી એકવાર પોતાની ઉદારતાથી ચાહકોનું દિલ જીતી લીધું છે.વાસ્તવમાં, કર્ણાટકની રહેવાસી રીના રાજુ, જે ત્રણ વખત હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાવી ચૂકી છે, તેમણે RJ સૌજન્યાને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, સર્જરીના બરાબર પહેલા સલમાન ખાને તેને ફોન કર્યો હતો. તે સમયે એક્ટર ઓસ્ટ્રેલિયામાં શૂટિંગ કરી રહ્યા હતા, પરંતુ તેમ છતાં તેણે સમય કાઢીને રીના અને તેમના પરિવાર સાથે લગભગ બે કલાક સુધી વાત કરી.રીનાના મતે, તે તેની પ્રથમ સર્જરી પહેલાં ખૂબ ડરી ગઈ હતી. આવા સમયે સલમાને તેને હિંમત આપી અને ઓપરેશન માટે માનસિક રીતે તૈયાર કરી. તેણે કહ્યું કે, સલમાનનો આ સપોર્ટ તેના માટે મોટો સહારો હતો અને આ જ કારણોસર તે સર્જરીનો સામનો કરી શકી.

રીનાએ જણાવ્યું કે, સર્જરી પછી થોડા સમય સુધી તેનો સલમાન સાથે સંપર્ક રહ્યો ન હતો, પરંતુ બે વર્ષ પછી જ્યારે તેણે ફરી મેસેજ કર્યો, ત્યારે એક્ટરે તેને તરત ઓળખી લીધી. આ પછી તેણે તેને પોતાના મુંબઈ સ્થિત ઘરે બોલાવી, જ્યાં તેના માટે એક નાની પાર્ટી પણ રાખવામાં આવી હતી. બંનેએ સાથે સમય વિતાવ્યો, ગીતો ગાયા અને ડાન્સ પણ કર્યો.એટલું જ નહીં, સલમાન ખાને રીનાને પોતાની ફિલ્મ 'રેસ 3'ના સેટ પર પણ બોલાવી અને તેને બીઈંગ હ્યુમન બ્રાન્ડની એક સાયકલ ગિફ્ટ કરી. ખાસ વાત એ હતી કે સલમાનને યાદ હતું કે, રીનાએ ક્યારેક આ સાયકલની ઈચ્છા વ્યક્ત કરી હતી.રીના આજે પણ સલમાનના સંપર્કમાં છે. જ્યારે પણ તે કોઈ મુશ્કેલ સમયમાંથી પસાર થાય છે, ત્યારે એક્ટર તેને પ્રોત્સાહિત કરે છે. આ આખી ઘટના દર્શાવે છે કે સલમાન ખાન માત્ર એક મોટા સ્ટાર જ નહીં, પરંતુ એક સંવેદનશીલ વ્યક્તિ પણ છે, જે પોતાના ચાહકોનું ધ્યાન રાખે છે.સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ' ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મનું ટાઈટલ પહેલાં 'બેટલ ઑફ ગલવાન' રાખવામાં આવ્યું હતું. જોકે, કેટલાક લોકોના વાંધા પછી વિવાદ ટાળવા માટે ફિલ્મનું ટાઈટલ 'માતૃભૂમિ' કરી દેવામાં આવ્યું છે. હાલમાં તેની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી નથી. ઉપરાંત, સલમાન ખાન સાઉથની લેડી સુપરસ્ટાર નયનતારા સાથે એક અનટાઈટલ્ડ ફિલ્મ પણ શરૂ કરવાનો છે.

